CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રશ્નોત્તરગીતા

ॐ

श्रीदत्तः प्रसन्नोऽस्तु ।



॥ श्वासे श्वासे दत्तनाम स्मरास्मन् ॥

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।

१

१ १

१ १ १

ॐ ॐ ॐ

ॐ ॐ

ॐ

–રંગ અવધૂત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પૂ. શ્રી રંગ અવધૂત મહારાજ
નારેશ્વર



Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

१-५

પ્રશ્નોત્તરગીતા

ॐ

श्रीदत्तः प्रसन्नोऽस्तु ।

तद्विद्धि प्रणिपातेन परिप्रश्नेन सेवया ।

१

१ १

१ १ १

ॐ ॐ ॐ

ॐ ॐ

ॐ

–રંગ અવધૂત

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રકાશક :
શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ
નારેશ્વર પોસ્ટ સાયર.
૩૯૩ ૧૦૭

(૩જી આવૃત્તિ)

વિ.સં. ૨૦૭૧ તા. : ૩૧-૭-૨૦૧૫

પ્રતઃ ૧૦૦૦

મૂલ્ય : રૂા. ૧૫-૦૦

મુદ્રક :
વિશાલ કીર્તિકુમાર મહેતા
શિવમ્ ઑફસેટ
ડી-૧૨, સરદાર એસ્ટેટ, આજવા રોડ, વડોદરા
ફોન (૦૨૬૫) ૨૫૬૨૦૯૮ મો. ૯૮૭૯૦૦૬૦૯૦
E-mail : vishal6090@gmail.com

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિવેદન
(બીજી આવૃત્તિનું)

વર્ષો પહેલાં 'પ્રશ્નોત્તરગીતા' બાકરોલના ડૉ. કાંતિલાલ વ્યાસ દ્વારા પ્રકાશિત થઈ હતી. તે ઘણા સમયથી ખલાસ થઈ જવા છતાં તેના પુનર્મુદ્રણનો યોગ આજે આવે છે તે બદલ જિજ્ઞાસુઓ અમને માફ કરે કારણ કે અમો આ અગાઉ અન્ય પ્રકાશનના કાર્યમાં વ્યસ્ત રહ્યા હતા.

ચિંતન, મનન એ મનુષ્યનો સ્વભાવ છે. વળી કોઈ પ્રશ્ન પૂછે અને તેને ઉત્તર અપાય તો તે જલદી યાદ રહે છે. શિક્ષણમાં આ પદ્ધતિને ઉત્તમ ગણી છે જે ઉપનિષદ કાળથી ચાલી આવી છે. અહીં સંગ્રહીત પ્રશ્નોત્તરીઓ એવા જ પ્રકારની છે તે કહેવાનું હોય નહીં.

આ આવૃત્તિના પ્રકાશન ખર્ચ પેટે નીચેના સદ્‌ગૃહસ્થોએ આર્થિક સહાય કરી છે જેનો સાભાર ઉલ્લેખ કરતાં આનંદ થાય છે.

વિ. સં. ૨૦૭૧ નારેશ્વર. પ્રકાશક.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દાતાઓની યાદી

સર્વશ્રી.		રૂા.
૧.	ગણદેવી પરિવાર, ગણદેવી	૭૦૧-૦૦
૨.	વિનોદરાય બાલકૃષ્ણ ભટ્ટ હ. હેમલતા ભટ્ટ, અમલસાડ	૧૦૦૧-૦૦
૩.	નીરજ મહેતા, ગાંધીનગર	૨૫૦૦-૦૦
૪.	વેદમતિ તથા અજિતભાઈ પારઘી, મુંબઈ	૨૦૦૧-૦૦
૫.	કનુભાઈ અંબાલાલ ત્રિપાઠી, અમદાવાદ	૫૦૦-૦૦
૬.	દેવેન્દ્ર રમણભાઈ પટેલ, ઉમરેઠ	૫૦૦-૦૦
૭.	ભાસ્કરરાવ શાંતારામ, વાપી	૫૦૦-૦૦
૮.	કલ્પનાબેન ત્રિવેદી, અમેરિકા	૫૦૧-૦૦
૯.	મણિબેન મગનભાઈ પટેલ, દીવેર	૧૦૦૦-૦૦
૧૦.	નીલેશ મધુસુદન શુકલ, મુંબઈ	૫૦૦-૦૦
૧૧.	દુષ્યંત પટેલ, અમદાવાદ	૫૦૦-૦૦
૧૨.	ઉદયપ્રભા પટેલ, અમદાવાદ	૫૦૦-૦૦
૧૩.	ડૉ. સ્વાતિ અલ્હાહબાદિયા, મુંબઈ	૧૦૧૦-૦૦
૧૪.	અનિલ બ્રહ્મક્ષત્રિય, અમદાવાદ	૨૫૦૦-૦૦
૧૫.	રંગ પ્રિન્ટર - સેલવાસ	૨૩૦૦-૦૦
૧૬.	એક સદ્ભક્ત તરફથી	૧૦૦૦-૦૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નિવેદન

(પ્રથમ આવૃત્તિનું)

પૂ. શ્રી રંગ અવધૂત મહારાજશ્રીએ વર્ષો પહેલાં સંસ્કૃત સાહિત્યની અને ઇતર પ્રશ્નોત્તરમાળાઓને સંકલિત કરી એનો સટિપ્પણ અનુવાદ કરી રાખેલો, પોતે પણ એક 'પ્રશ્નોત્તરમાલિકા' ગ્રથિત કરી હતી જે મૂળ સંસ્કૃતના 'રંગહૃદયમ્' નામક એમના ગ્રંથમાં મૂકાએલી પણ છે.

આ સંકલનનું નામ પણ તેઓશ્રીએ 'પ્રશ્નોત્તરગીતા' વિચારી રાખેલું જે એમના એક પત્રમાંથી મળી આવ્યું છે અને સાચેજ એ ગીતા છે. ગીતા એ સર્વ ઉપનિષદોનો સાર છે. ઉપનિષદો રૂપી ગાયોને સ્વયં ગોપાલકૃષ્ણ ભગવાન કૃષ્ણચંદ્રે દોહીને અર્જુનરૂપી વત્સના નિમિત્તથી ગીતાના અમૃતજ્ઞાનનું પાન કરાવ્યું છે. કહ્યું છે કે 'સર્વોપનિષદો ગાવો દોગ્ધા ગોપાલનન્દનઃ । પાર્થો વત્સ સુધી ર્ભોક્તા દુગ્ધં ગીતામૃતં મહત્ ॥' એજ રીતે આ ગ્રંથ પણ સંસ્કૃતસાહિત્યના દોહનરૂપ છે. પૂ. શ્રીના વિશાળ વાચનમાંથી આત્મકલ્યાણના સાધનરૂપ આ પ્રશ્નોત્તરોને વીણી લઈ તે માર્ગે જનારને એક જ ગ્રંથમાં મૂકી આપી એમણે જીવનગીતા પ્રદાન કરી છે, એમ કહીએ તો જરાય અતિશયોક્તિ નથી.

પૂ. શ્રી પોતે ઉપનિષદ કાળના ઋષિમુનિઓની માફક ચોક્કસ માનતા કે પ્રવચનાદિથી વિશેષ લાભ કંઈ થતો નથી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જિજ્ઞાસુ-સાચો જિજ્ઞાસુ પોતાને થતી શંકાઓનું સમાધાન તમજ્ઞાપૂર્વક શોધવા લાગે અને એ રીતે પ્રશ્ન પૂછતો થાય ત્યારે એને કોઈ સત્પુરુષ, સદ્ગ્રંથ એની શંકાઓનું નિવારણ કરવા હાથ લાગે છે અને જ્ઞાનપ્રસાર માટે એ પ્રશ્નોત્તરીની રીત જ સાચી છે અને વેદાંતનો જ્ઞાનમાર્ગ આવા ફળદાયી પ્રશ્નોત્તરો દ્વારા સાચા અર્થમાં અને ઉપનિષદના મૂળ અર્થમાં પાસેપાસે બેસીને ગુરુશિષ્ય વચ્ચે પારસ્પરિક પ્રેમસંબંધ કેળવીને વિકસ્યો છે. જ્યાં સાચી ભૂખ નથી ત્યાં ગમે તેવું મિષ્ટાન પણ નકામું જાય છે અને સાચી ભૂખ પ્રશ્ન ઉપરથી જ સમજી શકાય છે. વળી પ્રશ્ન ઉપરથી પૂછનારનું પણ, તે કેટલે પહોંચ્યો છે તેનું, માપ નીકળી જાય છે અને સાચા અર્થમાં સંવાદ થઈ સંવાદિતા, જ્ઞાનનો પ્રકાશ ફેલાય છે. આથી પણ આ પ્રશ્નોત્તર-ગીતા એ ગીતા અને ઉપનિષદ ઉભયની ગરજ સારે છે. ગીતામાં પણ ‘તદ્વિદ્ધિ પ્રણિપાતેન પરિપ્રશ્નેન સેવયા । ઉપદેક્ષ્યન્તિ તે જ્ઞાનં જ્ઞાનિનસ્તત્ત્વદર્શિનઃ ।।’’ એ શ્લોક દ્વારા ગુરુની સેવા કરતાં અત્યંત વિનમ્રભાવે શંકા સમાધાન માટે પ્રશ્નોત્તરીની રીતજ ઉપદેશેલી છે એ સર્વવિદિત છે.

આવા સદ્ગ્રંથને પ્રકાશિત કરવા પૂર્વે વડોદરા પ્રાચ્ય વિદ્યામંદિરના નિયામક પ્રા. ડૉ. અરુણોદય જાની M.A.Ph.D.Litt.નાં સૂચનોનો તથા વડોદરા યુનિવર્સિટીમાં રીડર તરીકે કાર્ય કરતાં પ્રા. ડૉ. સુલોચનાબેન નાચણે M.A.Ph.D. (વેદાંત) દ્વારા જે અર્ધ્ય મળ્યો છે તે ખરેખર અમારા આનંદમાં ‘આમૂળ’ વધારો કરે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનન્ય પ્રસાદી

શ્રી :

अवधूतचिन्तन श्री गुरुदेवदत्त ।

यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ ।
तस्यै ते कथिता ह्यर्थाः प्रकाशन्ते महात्मनः ।।

'પ્રશ્નોત્તરગીતા' રૂપે પૂજ્ય શ્રી રંગાવધૂત મહારાજશ્રીએ કરેલું આ પ્રશ્નોત્તરમાલિકારત્નસંકલન' આજે પ્રકાશિત થતાં અવધૂત પરિવારના સૌ સભ્યોનાં હૃદય આનંદવિભોર થઈ જશે કારણ કે આમાં આપણા ગુરુદેવને જે કંઈ કહેવું હતું અને બીજા ગ્રંથો દ્વારા રૂબરૂ પણ એમણે બધાંને જે કહ્યું હશે તેનો જ સાર આમાં આવી જાય છે. ટૂંકામાં કહીએ તો જીવન જીવવાની ગુરુચાવી આ પુસ્તકમાં બતાવેલી છે.

સાચા સંતનું કાર્ય ભક્તોને અથવા શિષ્યોને હિતકર માર્ગ ઉપર લઈ જવું એજ છે. અર્થાત્ આપણા ધર્મ ગ્રંથોમાં ચાર પુરુષાર્થોમાં ઉત્તમ માનવામાં આવેલ મોક્ષ માર્ગનો સાચો ખ્યાલ આપવાનું સત્કાર્ય શ્રીગુરુ કરે છે. એ મોક્ષ મેળવવાનો માર્ગ વેદાંતમાં એટલે વેદના અન્ત ભાગમાં આવેલાં ઉપનિષદો કેવલાદ્વૈત અથવા માયાવાદ ઉપદેશે છે. એનો સાર ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापरः એ પંક્તિમાં આવી જાય છે. સત્ય એટલે પરમાર્થ-જે નિત્ય, એકરૂપ, નિર્ગુણ, નિરાકાર બ્રહ્મ કહેવાય, જેનું સ્વરૂપ સચ્ચિદાનંદ છે. એ એકરૂપ ને અદ્વિતીય હોય છે. છતાં આપણને એના ઉપર ભ્રાંતિથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જગતના વૈવિધ્યનો આભાસ થાય છે. જે દર ક્ષણે બદલાતું જાય અને જે વસ્તુ સર્વત્ર ન મળે તો તે એકરૂપ સત્ય હોઈ શકે નહિ. સત્ય સર્વગત હોય પણ જગતના પદાર્થોની અનુભૂતિમાં આપણને જે હંમેશા દગ્ગોચર થાય તે જ સત્ય માનવું પડે. એ ફક્ત અસ્તિત્ત્વ અથવા સન્માત્ર જ છે. એ બધું જ એટલે કે આપણે પણ એ જ છીએ. અર્થાત્ જે સત્ તે જ આત્મા અગર ચિત્ અને તે જ આનંદ, કારણ કે આનંદ એ આપણું ખરું સ્વરૂપ નહોત તો એ મેળવવા માટે આપણી મથામણ ન હોત. એટલે સત્, ચિત્ અને આનંદ એજ સત્ય અથવા બ્રહ્મ. એ અંગે પૂ. શ્રીએ પણ પોતાની પ્રશ્નોત્તરમાલામાં કહ્યું છે :

किं रूपं भो ब्रह्म ? सत्यं यत्सर्वकाल एकं च ।

माया मृगाम्बुकल्पा निस्तत्त्वा दृष्टनष्टरूपा या ।।

(જુઓ પરિશિષ્ટ) બ્રહ્મ ઉપર આપણને વિનાશી અને વિકાર પામે એવી વસ્તુઓનો ભાસ થાય છે. જે બદલાતું જાય તે અધ્યસ્ત એટલે મિથ્યા. અહીં મિથ્યા. એટલે અનિર્વચનીય સમજવાનું છે, રજ્જુ ઉપર ભાસમાન સર્પ 'સત્ય છે' એમ ન કહેવાય, કારણ કે પછી તે દેખાતો નથી. 'છે નહીં' એમ પણ ન કહેવાય કારણ કે એ એક ક્ષણ માટે પણ દેખાય છે. એટલે સદ્ असद्–અનિર્વચનીય અથવા મિથ્યા સત્ય ઉપર દેખાય. એ બધું અજ્ઞાન છે. એ અજ્ઞાનનો નાશ બ્રહ્મ સાક્ષાત્કારથી થાય. અર્થાત્ આપણા ખરા બ્રહ્મસ્વરૂપનું ભાન થાય ત્યારે બધું જ જુદાપણું ઓગળી જાય ને એનેજ મોક્ષ કહેવાય.

એ સાક્ષાત્કાર થવા માટે ઉપાસકને શ્રદ્ધા ને નમ્રતાથી ગુરુ પાસે જ જવું પડે. 'नान्यः पन्था विद्यतेऽयनाय' – ગુરુની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ભક્તિ કરીને જ જે માર્ગ મળે એ માર્ગ ચાલવાથી આત્મતત્ત્વ પોતે જ પોતાનામાં દેખાય એવું આ લેખની શરૂઆતમાં ઉદ્ધૃત કરેલા 'यस्य देव...' વચનમાં કહ્યું છે.

આ માયાવાદનું વિવરણ મહાભારત, સ્મૃતિઓ અને પુરાણો તથા આચાર્યોના ગ્રંથોમાં આપેલું છે. આપણા ગુરુદેવે આપણા માટે એ આખો જ વિષય બધો દુર્લભ ને દુર્ગમ ખજાનો ફેંદીને પ્રસાદ તરીકે આપેલો છે.

આ ગ્રંથમાં નીચેની છ પ્રશ્નોત્તરીઓનો અંતર્ભાવ કર્યો છે :-

(૧) યક્ષયુધિષ્ઠિરસંવાદ - મહાભારતમાંથી આ પ્રશ્નોત્તરી યક્ષ ને યુધિષ્ઠિર સંવાદમાંથી લીધી છે.

(૨) પ્રશ્નોત્તરરત્નમાલિકા જે શ્રીમદાદ્યશંકરાચાર્યની કૃતિ છે.

(૩) પ્રશ્નોત્તરી - આનંદગિરિકૃત આનંદામૃતવર્ષિણીમાંથી લીધી છે.

(૪) પ્રશ્નોત્તરમાલિકા - શ્રીકૃષ્ણાનંદ સરસવતીની રચેલી છે.

(૫) તુલસીદાસકૃત પ્રશ્નોત્તર તુલસીરામાયણના અરણ્ય કાંડમાં રામલક્ષ્મણ સંવાદમાંથી છે. અને

(૬) પરિશિષ્ટમાં મૂકાએલ છે તે પૂ.શ્રી રંગાવધૂતની પોતાની પ્રશ્નોત્તરમાલા છે. આ છયે કૃતિઓ જાણે ભગવાન દત્તાત્રેય પોતાના છયે હાથથી કૃપાશિષ આપતા ન હોય તેવી છે.

પ્રશ્નોત્તરી રૂપે ભણાવવાની પદ્ધતિ તો ઉપનિષદોથી જ આવેલી છે. પ્રશ્નો પૂછાતા જાય ને જ્ઞાની બરાબર જવાબ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આપતો જાય. આ શૈલીથી દુર્બોધ વસ્તુ પણ સુબોધ થઈ જાય છે. એટલે આનું સંકલન કરી પૂજ્યશ્રીએ તેના ઉપર ટૂંકું-જેટલું આજના જમાનાને જરૂર છે તેટલું બધું જ વિવેચન કરીને એ પુસ્તક આપણા હાથમાં આપ્યું છે. પુસ્તક વાંચતા એવું લાગે છે કે પૂજ્ય બાપજી બેઠા હોય, ભક્તો દર્શન કરી સવાલ પૂછતા હોય ને પૂજ્યશ્રી જવાબ આપતા હોય. જે વાત હજારો ગ્રંથોમાં મોટા મોટા વિવેચનના આવરણમાં છુપાએલી છે, તે એટલી સહજ સુલભ અને સરલ સુંદર ભાષામાં સમજાવી છે તે આપણા હૃદય સોંસરી ઉતરી જાય છે.

આજે પણ ગૃહસ્થને પૃષ્ઠ ૭૮-૭૯ ઉપર આપેલા પંચમહાયજ્ઞો કરીને સાચા માર્ગે અનુસરીને દાન ને દયાથી ત્યાગ કેળવીને ચિત્તશુદ્ધિ પામીને મોક્ષમાર્ગ પર જવા માટે તૈયારી કરી શકાય એવું ભાથું આ ગ્રંથમાંથી મળે છે. જીવનનાં સાચા મૂલ્યો ક્યાં અને જૂઠા ક્યાં, શાનો સ્વીકાર કરવો ને શાનો ત્યાગ એ બધું જ સ્પષ્ટ ને ટૂંકામાં સમજાવેલું છે. અદ્વૈતવેદાન્તનો સાર આટલી સરસ ભાષામાં સુગમ, સુંદર અને આકર્ષક રીતે સમજાવેલો બીજે ક્યાંય દેખાતો નથી. એ રીતે આ પ્રસાદી અનન્ય છે. એ માણવાની તક આપણા સામે ધરી છે.

એના પઠન ને મનનથી ગુરુકૃપા થઈને ઉપાસક સાચો માર્ગ ચોક્કસ મેળવશે એમાં જરાય શંકા નથી.

गुरुकृपैव केवलं शिष्यपरममंगलम् ।

અવધૂતચિન્તનશ્રીગુરુદેવદત્ત. સુલોચનાબેન નાચણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અનુક્રમણિકા

૧.	યક્ષુધિષ્ઠિર સંવાદ-મહાભારતમાંથી	૧
૨.	પ્રશ્નોત્તરરત્નમાલિકા-શ્રીમદ્દશંકરાચાર્ય	૫૧
૩.	પ્રશ્નોત્તરી-આનંદામૃતવર્ષિણીમાંથી	૯૦
૪.	પ્રશ્નોત્તરમાલિકાઃ શ્રી કૃષ્ણાનંદ સરસ્વતી	૧૧૬
૫.	પ્રશ્નોત્તર-શ્રી તુલસીદાસજી	૧૨૬
૬.	પ્રશ્નોત્તરમાલાઃ - શ્રી રંગ અવધૂત	૧૪૯

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

।। यक्षयुधिष्ठिर–संवाद ।।

પાંડવો દ્વૈતવનમાં રહેતા હતા તે વખતની વાત છે ઉનાળાના દિવસ હતા. એક દિવસ પાંચ ભાઈઓ વાતો કરતા બેઠા છે. એટલામાં એક દીન બ્રાહ્મણ હાંફભેર દોડતો દોડતો આવી કહેવા લાગ્યોઃ 'હે ગૌબ્રાહ્મણ પ્રતિપાલ રાજપુત્રો ! મારા દુઃખનો પાર નથી. હમણાં જ એક મૃગ મારી એકની એક દીકરીને શીંગડા પર મૂકી જંગલમાં નાસી ગયો છે; માટે એને હરણના પાશમાંથી મુક્ત કરી મારું રક્ષણ કરો' બ્રાહ્મણમાં આવા કરુણાર્દ્ર વચનો સાંભળી ધર્મરાજ યુધિષ્ઠિરનું હૃદય દયાથી દ્રવી ગયું અને તેમણે અર્જુનાદિ ભાઈઓ તરફ નજર કરી, હાથમાં ધનુષ્યબાણ લઈ, ભાઈઓ સાથે, બ્રાહ્મણે બતાવેલી દિશામાં પ્રયાણ કર્યું; અને બ્રાહ્મણકન્યાનું હરણ કરનાર મૃગની પૂંઠ પકડી, જોસભેર એની પાછળ દોડવા માંડયું. પણ ચપળ મૃગ જોતજોતામાં તો તેમને આસપાસ મોટા મોટા ડુંગરો ને ખીણો આવેલી છે એવા ગાઢ જંગલમાં ખેંચી જઈને તેમની નજર આગળથી ઝાડીમાં અદશ્ય થઈ ગયો.

વખત બપોરનો હતો. ભગવાન સૂર્યનારાયણ બારે કળાએ પોતાનાં પ્રખર કિરણોથી માથા પર તપતા હતા. દોડતાં દોડતાં પાંચે ભાઈઓ થાકીને લોથપોથ થઈ ગયા હતા; તરસથી કંઠ સૂકાઈ જતો હતો; એટલે એક વડનું ઝાડ જોઈ થોડીવાર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિશ્રાંતિ લેવા બેઠા. બધાને તરસ ખૂબ લાગી હતી. એટલે યુધિષ્ઠિરે નકુળને કહ્યુંઃ ભાઈ નકુળ ! ઝાડ પર ચઢીને જો તો કે પાસે કોઈ જલાશય છે ? હોય તો ભાથામાં ભરી થોડું જલ લઈ આવ તો.મોટાભાઈની આજ્ઞા સાંભળી નકુળ તરત જ ઝાડ પર ચઢયો, ને થોડે દૂર એક સ્ફટિક જેવું સ્વચ્છ જલાશય છે એમ જોઈ, નીચે ઉતરી તે તરફ ચાલ્યો. ત્યાં જઈ તરસ છિપાવવા થોડું પાણી પીવા જાય છે ત્યાં અંદરથી ગેબી અવાજ થયો કે હે ક્ષાત્રપુત્ર ! સાહસ કરીશ મા. પહેલાં મારા પ્રશ્નોના જવાબ આપ ને પછી યથેચ્છ જલપાન કર, નહિ તો નાહક પ્રાણ ખોઈ બેસીશ. પણ તરસથી વ્યાકુળ થયેલ તેણે પોતાના ક્ષાત્રગુમાનમાં એ અવાજ કાને ધર્યો નહિ ને પાણીનો ઘૂંટડો ભર્યો કે તરત જ મોતથી લાંબો થઈ જમીન પર સૂતો.

ઘણીવાર થઈ તોપણ નકુળ પાછો ફર્યો નહિ એટલે યુધિષ્ઠિરે સહદેવને એની પાછળ મોકલ્યો. એની એ જ દશા થઈ. એની શોધમાં ગયેલા અર્જુન અને ભીમ પણ જ્યારે ઘણો વખત થયો છતાં પાછા ન ફર્યા ત્યારે ધર્મરાજ યુધિષ્ઠિર જાતે એ પહાડ તરફ નીકળ્યા. વ્રજથી વીંધાઈને પડેલ પહાડ સરખા, તળાવના કિનારા પર ચારે ભાઈઓનાં શરીર ધૂળમાં આળોટતાં જોઈ, યુધિષ્ઠિરની આંખો ભરાઈ આવી અને ઘણો વિચાર કરતાં પણ જ્યારે એમના મોતનું કારણ સમજી શકાયુ નહિ ત્યારે એમના શોકનો પાર રહ્યો નહિ. ઘણીવારે શોક શમાવી યુધિષ્ઠિર જલ પીવા નીચે ઉતર્યા અને જેવો ઘૂંટડો ભરવા જાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે તેવો જ પેલો અવાજ થયો કે 'હે યુધિષ્ઠિર ! મારા પ્રશ્નોના પ્રથમ જવાબ આપીને પછીથી જલપાન કર. તારાં ભાઈઓએ મારા કહેવાનો અનાદર કરવાથી તેમની આ દશા થઈ છે. પણ તું વીર ને વિચારશીલ છે, માટે સાહસ કરી મોતને શરણ ના થઈશ. અવાજ સાંભળી યુધિષ્ઠિર થંભી ગયા અને બોલ્યા, "હે સત્ત્વ ! તું કોણ છે ? તેં મારા ભાઈઓના નાહક પ્રાણ લીધા છે પણ ખેર, તારે જે પૂછવું હોય તે સુખેથી પૂછ. હું યથાશક્તિ એના જવાબ આપવા તૈયાર છું."

પાણીમાંથી પાછો અવાજ થયો; યુધિષ્ઠિર ! હું એક યક્ષ છું. તારા ભાઈઓ પોતાના કર્મે કરીને જ મોત પામ્યા છે. પણ તારી સબૂરાઈથી હું પ્રસન્ન થયો છું. માટે મારા પ્રશ્નોના જવાબ આપ. તે પછીથી સુખેથી પીવું હોય તેટલું પાણી પી.

૧

युधिष्ठिर–संवादः

किं स्विदादित्यमुन्नयति के च तस्याभितश्चराः ।
कश्चैनमस्तं नयति कस्मिंश्च प्रतितिष्ठति ॥१॥
ब्रह्मादित्यमुन्नयति देवास्तस्याभितश्चराः ।
धर्मश्चास्तं नयति च सत्ये च प्रतितिष्ठति ॥२॥

કિંસ્વિદાદિત્યમુન્નયતિ કે ચ તસ્યાભિતશ્ચરાઃ ।
કશ્ચૈનમસ્તં નયતિ કસ્મિંશ્ચ પ્રતિતિષ્ઠતિ ॥૧॥
બ્રહ્માદિત્યમુન્નયતિ દેવાસ્તસ્યાભિતશ્ચરાઃ ।
ધર્મશ્ચાસ્તં નયતિ ચ સત્યે ચ પ્રતિતિષ્ઠતિ ॥૨॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર–જીવને દેહાદિ અનાત્મ ભાવોથી પૃથક્ કોણ કરે છે ?

ઉ. વેદ.

પ્ર – એની તરફ કોણ જાય છે ? એના તત્ત્વને કોણ પામે છે ?

ઉ. દેવો–શમદમાદિ દૈવી સંપત્તિવાન પુરુષો.

પ્ર. – એને (જીવને) પોતાના મૂળ સ્થાનમાં કોણ લઈ જાય છે ?

ઉ. ધર્મ.

પ્ર – (ત્યાર પછી) એ શામાં કર્મ પ્રતિષ્ઠિત થાય છે ?

ઉ. સત્યસ્વરૂપ પરમાત્મામાં ૧–૨.

વિવેચન : આ યક્ષયુધિષ્ઠિર સંવાદરૂપી નાનકડી પ્રશ્નોત્તર માલામાં આત્મતત્ત્વનો નિર્ણય કરેલો છે. નાક કાન વગેરે ઇંદ્રિયોથી ગંધ શબ્દાદિ વિષયો ગ્રહણ કરે (आदत्ते) તે આદિત્ય–જીવ. એ જીવ 'હું સુખી છું,' 'હું દુઃખી છું,' 'હું આંધળો છું,' 'હું બહેરો છું,' 'હું કાળો છું,' 'હું ગોરો છું,' 'હું કર્તા છું,' 'હું ભોક્તા છું' વગેરે અજ્ઞાનાનુભવને લીધે દેહાદિરૂપે ભાસે છે; કોઈ દેહરૂપે તો કોઈ પ્રાણરૂપે, કોઈ ઇંદ્રરૂપે તો કોઈ મનરૂપે એમ વાદિઓ એને વિષે અનેક પ્રકારની કલ્પનાઓ કરે છે. આવા વિવિધ વાદગ્રસ્ત જીવને પરમકૃપાળુ વેદ દેહાદિ અનાત્મ પદાર્થોથી પૃથક્ કરે છે. શ્રુતિ (વેદ) એજ આત્મતત્ત્વના નિર્ણયમાં પ્રમાણભૂત છે. વેદમાં કહ્યું છે કે नावेदविन्मनुते तं बृहन्तम् – વેદ ન જાણનાર (કેવળ બુદ્ધિના

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જોર પર) એ મહાન આત્મનત્ત્વને વિચારી શકતો નથી. ત્યારે પ્રશ્ન થશે કે શું બધા વેદવેત્તાઓ એને જાણી શકે છે ? એમ હોય તો એ આત્મત્ત્વ બહુ સોંઘું થઈ જાય ને એને માટે ઉગ્ર સાધનાની જરૂર ન રહે. પણ એમ નથી. એને માત્ર દેવો -શમદમાદિ દૈવી સંપત્તિવાળા મનુષ્યો જ - પામી શકે છે. માત્ર પુસ્તકિયા જ્ઞાનથી એની પ્રાપ્તિ કદાપિ થતી નથી. એની સાથે આચરણ-અનુભવની જરૂર છે. યાજ્ઞવલ્કય સ્મૃતિમાં કહ્યું છે તેમ 'ज्ञानं भारः क्रियां बिना ।' આચરણ વગરનું જ્ઞાન ભારરૂપ જ છે. જીવ ધર્મ દ્વારા જ - કર્મ ઉપાસનાથી ચિત્તશુદ્ધિ દ્વારા પ્રાપ્ત થયેલ જ્ઞાન દ્વારા જ - પોતાના મૂળ સ્થાનને (अस्तं) શુદ્ધ બુદ્ધ નિત્ય નિરંજન નિષ્પાપ આત્મતત્ત્વને પામે છે (સગુણ બ્રહ્મભાવ સવિકલ્પ સમાધિ; અને પછીથી સર્વબાધના અબાધભૂત શુદ્ધ ચૈતન્યસ્વરૂપ પરમાત્મામાં (सत्यं) એકરૂપ થાય છે (નિર્ગુણ બ્રહ્મસાક્ષાત્કાર-નિર્વિકલ્પ સમાધિ, આમ પ્રથમશાસ્ત્રજ્ઞાન તત્પશ્ચાત્ શમદમાદિ સાધનયુક્ત મુમુક્ષુની યોગદ્વારા (જ્ઞાન ને આચરણના સંયોગથી દેહાત્મબુદ્ધિનો નિરાસ ત્યાર પછી) સગુણ બ્રહ્મદર્શન કે સવિકલ્પ સમાધિને અંતે કેવળ ભાવ-નિર્ગુણ બ્રહ્મસાક્ષાત્કાર કે નિર્વિકલ્પ સમાધિ.

केनस्विच्छ्रोत्रियो भवति केनस्विद्विन्दते महत् ।
केनस्विद्द्वितीयवान्भवति राजन्केन च बुद्धिमान् ।।३।।
श्रुतेन श्रोत्रियो भवति तपसा विन्दते महत् ।
धृत्याद्वितीयवान्भवति बुद्धिमान्वृद्धसेवया ।।४।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેનસ્વિચ્છ્રોત્રિયો ભવતિ કેનસ્વિદ્વિન્દતે મહત્ ।
કેનસ્વિદ્દ્વિતીયવાન્ભવતિરાજન્કેનચબુદ્ધિમાન્ ।।૩।।
શ્રુતેન શ્રોત્રિયો ભવતિ તપસા વિન્દતે મહત્ ।
ધૃત્યા દ્વિતીયવાન્ભવતિ બુદ્ધિમાન્વૃદ્ધસેવયા ।।૪।।

પ્ર :- શ્રોત્રિય (વેદવત્તા) શાથી થાય છે ?

ઉ. (ગુરુમુખે) વેદનું રહસ્ય શ્રવણ કરવાથી (માત્ર પોપટિયા પાઠથી નહિ.)

પ્ર :- બ્રહ્મપ્રાપ્તિ શાથી થાય છે ?

ઉ. તપશ્ચર્યાથી (સાંભળેલા અર્થનું યુક્તિપ્રયુક્તિ દ્વારા મનન કરવાથી)

પ્ર :- આત્માનું જીવથી વિલક્ષણ બીજું રૂપ (અવિદ્યાદિદોરહિત શુદ્ધ આત્મસ્વરૂપ) શાનાથી પ્રાપ્ત થાય છે ?

ઉ. (સાત્ત્વિક) ધૃતિરૂપ નિદિધ્યાસનથી.

પ્ર. :- (માણસ) બુદ્ધિમાન શાથી થાય છે ?

ઉ. વડીલોની સેવા કરવાથી ૩-૪.

વિવેચન :- આમાં આત્મદર્શનનાં સાધનો અને તે કેમ પ્રાપ્ત થાય તે દર્શાવ્યું છે.

પ્રથમ માણસ ગુરુમુખે વેદાન્ત શ્રવણ કરી શ્રોત્રિય થાય,પછીથી શ્રુતાર્થના મનન દ્વારા આત્મતત્ત્વમાં અસંભવાનાદિ (અનાત્મ વસ્તુઓને આત્મા માનવો કે આત્માને કર્તૃત્વભોક્તૃત્વાદિ ગુણયુક્ત માનવો તે) દોષોના નિરાકરણ દ્વારા પરોક્ષજ્ઞાન પ્રાપ્ત કરે ને પછીથી વિજાતીય પ્રત્યયો (હું દેહ છું, હું મન છું, હું દુઃખી છું વગેરે વિચાર) ના પ્રવાહરૂપ નિદિધ્યાસન કરી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અંતે અવિદ્યાકલ્પિત જીવથી વિલક્ષણ શુદ્ધ બુદ્ધ અંતરાત્માનો (દ્વિતીય) સાક્ષાત્કાર-અપરોક્ષાનુભૂતિ કરે. શ્રવણ, મનન, ને નિદિધ્યાસન તીક્ષ્ણ બુદ્ધિ વગર થઈ શકે નહિ. માટે અંતિમ પ્રશ્નમાં તે પ્રાપ્ત કરવાનો માર્ગ બતાવ્યો છે - જ્ઞાનવૃદ્ધ આચાર્યદિની સેવા.

किं ब्राह्मणानां देवत्वं कश्च धर्मः सतामिव ।
कश्चैषां मानुषो भावो किमेषामसतामिव ।।५।।
स्वाध्याय एषां देवत्वं तप एषां सतामिव ।
मरणं मानुषो भावः परिवादोऽसतामिव ।।६।।

કિં બ્રાહ્મણાનાં દેવત્વં કશ્ચ ધર્મઃ સતામિવ ।
કશ્ચૈષાં માનુષો ભાવો કિમેષામસતામિવ ।।૫।।
સ્વાધ્યાય એષાં દેવત્વં તપ એષાં સતામિવ ।
મરણં માનુષો ભાવઃ પરિવાદોઽસતામિવ ।।૬।।

પ્ર :- બ્રાહ્મણોનું દેવત્વ શું ?
ઉ. વેદાધ્યયન.
પ્ર :- (એમને માટે) સજ્જનોને શોભે એવો ધર્મ કયો ?
ઉ. તપ (સદાચાર).
પ્ર :- એમનું મનુષ્યત્વ શું ?
ઉ. મરણ (દેહાભિમાન).
પ્ર :- એમને માટે દુર્જનોના જેવું શું ?
ઉ. પરનિંદા, દુરાચાર. ૫-૬

વિવેચન :- વેદાધ્યયન અને સદાચાર એ બે સાધનોથી બ્રાહ્મણો પોતાનું પૂજ્યત્વ ટકાવી શકે છે માટે એ બેનું એમણે

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સતત રક્ષણ કરવું. એ બેને અભાવે એનું બ્રાહ્મણત્વ નષ્ટ થાય છે. વળી દેહાભિમાન એજ મનુષ્યત્વનું નિદર્શક છે, એ ન હોય તો માણસ એ દેવ જ છે. માટે છેલ્લા બે પ્રશ્નોત્તરમાં દેહાભિમાન અને દુરાચારનો ત્યાગ કરવાનો ઉપદેશ છે. દેહાભિમાન (દેહને આત્માની માફક નિત્ય શુદ્ધ બુદ્ધ પૂજ્યાદિ માનવો તે) એજ મરણ છે. અને જ્યાં દેહાભિમાન હોય ત્યાંજ દુરાચાર પેસી શકે છે. આંજ પ્રમાણે નીચે ક્ષત્રિયોને માટે કયા ગુણો [x]હેયાદેય છે તે બતાવ્યું છે :-

किं क्षत्रियाणां देवत्वं कश्च धर्मः सतामिव ।
कश्चैषां मानुषो भावः किमेषामसतामिव ।।७।।
इष्वस्त्रमेषां देवत्वं यज्ञ एषां सतामिव ।
भयं वै मानुषो भावः परित्यागोऽसतामिव ।।८।।

કિં ક્ષત્રિયાણાં દેવત્વં કશ્ચ ધર્મઃ સતામિવ ।
કશ્ચૈષાં માનુષો ભાવઃ કિમેષામસતામિવ ।।૭।।
ઈષ્વસ્ત્રમેષાં એષાં દેવત્વં યજ્ઞ એષાં સતામિવ ।
ભયં વૈ માનુષો ભાવઃ પરિવાદોઽસતામિવ ।।૮।।

પ્ર :- ક્ષત્રિઓને માટે દેવત્વ શું ?

ઉ :- ધનુર્વિદ્યા.

પ. :- સજ્જનોને શોભે એવો ધર્મ ?

ઉ :- યજ્ઞ.

[x]હેય–ત્યાગ કરવા યોગ્ય. આદેય–ગ્રહણ કરવા યોગ્ય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર :- મનુષ્યત્વ ?

ઉ :- બીક

પ્ર :- દુર્જનોના જેવું ?

ઉ :- (શરણાગતનો) ત્યાગ ૭-૮

किमेकं यज्ञियं साम किमेकं यज्ञियं यजुः ।
का चैषां वृणुते यज्ञं को यज्ञो नातिवर्तते ।।९।।
प्राणो वै यज्ञियं साम मनो वै यज्ञियं यजुः ।
ऋगेका वृणुते यज्ञं तां यज्ञो नातिवर्तते ।।१०।।

કિમેકં યજ્ઞિયં સામ કિમેકં યજ્ઞિયં યજુઃ ।
કા ચૈષાં વૃણુતે યજ્ઞં કો યજ્ઞો નાતિવર્તતે ।।૯।।
પ્રાણો વૈ યજ્ઞિયં સામ મનો વૈ યજ્ઞિયં યજુઃ ।
ઋગેકા વૃણતે યજ્ઞં તાં યજ્ઞો નાતિવર્તતે ।।૧૦।।

પ્ર :- મુખ્ય યજ્ઞિય સામ કયું ?

ઉ :- પ્રાણ.

પ્ર :- મુખ્ય યજ્ઞિય યજુષ ?

ઉ :- મન.

પ્ર :- એમાંથી યજ્ઞ (જ્ઞાન) ને કોણ સ્વીકારે છે - જ્ઞાનોત્પાદક કોણ છે ?

ઉ :- મુખ્ય ઋચ્ (મુખ્ય વાણી-અર્થાત્ ઉપનિષદોની)

પ્ર :- યજ્ઞ (જ્ઞાન) કોનું અતિક્રમણ નથી કરતો ?

ઉ :- એનો (એ ઔપનિષદ વાણીનો) ૯-૧૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવેચન :- આ શ્લોકમાં વેદોનો સૂક્ષ્મ અર્થ સમજાવ્યો છે. સામવેદના મંત્રોને સામ કહે છે. સામવેદનું ગાન કરે છે તે ગાયનમાં શ્વાસ (પ્રાણરૂંધવો પડે છે તેથી અહીંયા સામને પ્રાણ કહ્યો છે. શાબ્દિક સામ એ ગૌણ સામ છે, પણ મુખ્ય સામ તો પ્રાણ છે ને જ્ઞાનયજ્ઞમાં તેનું ગાન (પ્રાણરોધ પ્રાણાયામ) કરવું પડે છે. યજુર્વેદમાં મુખ્યત્વે કરીને યજ્ઞયાગાદિ ક્રિયાઓનું વર્ણન કરેલું છે ને તેમાંના મંત્રોને યજુષ્ કહે છે. જ્ઞાનયજ્ઞમાં આ સ્થૂળ ક્રિયાઓનો ને મંત્રોનો સૂક્ષ્મ-આધ્યાત્મિક અર્થ જોડયા વગર બધું નકામું છે ને એ કાર્ય પણ મનની સહાય વગર થઈ શકે તેમ નથી. તેથી યજુષ્‌ને અહીં મન કહ્યું છે. ભૌતિક-સ્થૂળ-યજ્ઞોમાં જેમ યજુષ્‌ની જરૂર પડે છે તેમ જ્ઞાનયજ્ઞમાં - સૂક્ષ્મ યજ્ઞમાં મનોનિગ્રહ વગર ચાલી શકતું નથી. જેમ સ્થૂળ સામને યજુષ્‌નો નિકટ સંબંધ છે, તેમ આ સૂક્ષ્મ સામ ને યજુષ્ નો પ્રાણ અને મનનો પણ નિકટ સંબંધ છે. એકના નિગ્રહથી બીજાના નિગ્રહમાં મદદ થાય છે. તેમાં પ્રાણાયામ બે પ્રકારનો છે-સબીજ ને નિર્બીજ. મંત્રયુક્ત તે સબીજ પ્રાણાયામ જે શ્રેષ્ઠ ફળ આપે છે. પ્રાણાયામ એક સ્વતંત્ર વિષય જ છે. એટલે વિસ્તાર ભયથી એનું વિવેચન અહીંયા નથી કરતા. તાત્પર્ય કે જેવી રીતે સ્થૂળ યજ્ઞમાં સામયજુષ્ ઉપયોગી છે, તેવી જ રીતે સૂક્ષ્મયજ્ઞમાં - જ્ઞાનયજ્ઞમાં - પ્રાણ અને મનોનિગ્રહ ઉપકારક છે. ઋગ્વેદના મંત્રને ઋક્ કહે છે. ઋચાઓનો ઉપયોગ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઘણું ખરું દેવતાઓના આવાહનમાં થાય છે. અહીંયાં પણ આત્મદેવનું આવાહન કરવાનું છે. ને તદર્થે ઋક્ (ઔપનિષદ વાણી) અનિવાર્ય છે. વાણી વગર શ્રવણ થઈ શકે નહિ, ને શ્રવણને અભાવે સાધક મનન ને નિદિધ્યાસન પણ શાનું કરે ? ને એ બધું ન થાય તો જ્ઞાનયજ્ઞ સિદ્ધ પણ કેમ થાય ? તેથી ઋગ્ગુરુ વાણીને અહીંયાં જ્ઞાનોત્પાદિકા કહી છે, અને તેથી જ કહ્યું છે કે એ જ્ઞાનયજ્ઞ એનું અતિક્રમણ કરી શકતો નથી, એને મૂકીને આગળ વધી શકતો નથી, આમ જ્ઞાનયજ્ઞમાં પ્રાણ, મન, વાણી તેની ઉપાસના વગર માણસ આગળ વધી શકતો નથી આમાં પ્રાણ અને મનનો પ્રથમ નિર્દેશ કરી વાણીને છેલ્લી મૂકવામાં પણ હેતુ છે. પ્રાણ અને મનોનિગ્રહ સિદ્ધ કર્યા પછી વાણીની ઉપાસના-શ્રવણાદિ સિદ્ધ થઈ શકે છે. પ્રાણ અને મનોનિગ્રહમાં સર્વ સાધન ચતુષ્ટયનો સમાવેશ છે તેના વગર શ્રવણાદિનો અધિકાર જ નથી. ને એ અધિકાર પ્રાપ્ત કર્યા વગર કરેલું શ્રવણાદિ ફળ પણ આપતું નથી.

किस्विदावपतां श्रेष्ठं किं स्विन्निवपतां वरम् ।
किंस्वित्प्रतिष्ठमानानां किस्वित्प्रसवतां वरम् ।।११।।
वर्षमावपतां श्रेष्ठं बीजं निवपतां वरम् ।
गावः प्रतिष्ठमानानां पुत्रः प्रसवतां वरः ।।१२।।

કિંસ્વિદાવપતાં શ્રેષ્ઠં કિંસ્વિન્નિવપતાં વરમ્ ।
કિં સ્વિત્પ્રતિષ્ઠમાનાનાં કિંસ્વિત્પ્રસવતાં વરમ્ ।।૧૧।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વર્ષમાવપતાં શ્રેષ્ઠં બીજં નિવપતાં વરમ્ ।
ગાવઃ પ્રતિષ્ઠમાનાનાં પુત્રઃ પ્રસવતાં વરઃ ॥૧૨॥

પ્ર :- સર્વ રીતે દેવોનું તર્પણ કરનારને માટે શ્રેષ્ઠ ફળ કયું ?

ઉ :- વરસાદ

પ્ર :- પિતૃતર્પણ કરનારને માટે શ્રેષ્ઠ ફળ ?

ઉ :- બીજ (બાગબગીચા જમીન જાગીરાદિ).

પ્ર :- આ લોકમાં જ પ્રતિષ્ઠાની ઇચ્છાવાળાને માટે ?

ઉ :- ગાયો (દાળ રોટી)

પ્ર :- સંતતિની ઇચ્છાવાળાને માટે ?

ઉ :- પુત્ર ૧૧-૧૨

વિવેચન :- શમદમાદિ સાધન સંપત્તિને અભાવે માણસે ચિત્તશુદ્ધિ થતાં સુધી સ્થૂળ કર્મ ઉપાસનાદિમાં જ પ્રવૃત્ત રહેવું; પણ મનને નવરું પડવા દેવું નહીં, કેમ કે નવરું મન એ સેતાનનો રંગમહેલ છે. પણ જો સૂક્ષ્મ ઉપાસનાદિ વગર શાશ્વત શાંતિ ન જ મળતી હોય તો સ્થૂળની પાછળ વૃથા મહેનત શા માટે કરવી એથી શંકા થાય તો તેના જવાબમાં કહે છે કે સ્થૂળ સાધના તદ્દન નકામી તો નથી જ જતી. એનાથી અમુક સ્થૂળ ફળ મળવા ઉપરાંત પરંપરાએ ચિત્તશુદ્ધિ દ્વારા જ્ઞાનપ્રાપ્તિ પણ થાય છે. હવે તેને સ્થૂળ કર્માનુસાર તે તે ફલપ્રાપ્તિ બતાવે છે કે દેવતર્પણથી વૃષ્ટિ એ શ્રેષ્ઠ ફળ પ્રાપ્ત થાય છે. अग्नौ प्रास्ताहुतिः सम्यगादित्यमुपतिठते

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

आदित्याज्जायते वृष्टि :- અગ્નિમાં હોમેલી આહુતિ સૂર્યમાં જાય છે તે સૂર્યથી વરસાદ પડે છે - यज्ञाद् भवति पर्जन्यः पर्जन्यादन्नसंभवः યજ્ઞથી વરસાદ વરસે છે ને વરસાદથી અનાજ પાકે છે વગરે શ્રુતિસ્મૃતિ વાક્યો આમાં પ્રમાણભૂત છે. તેમ જ પિતૃતર્પણથી ઐહિક સંપત્તિ પ્રાપ્ત થાય છે. आयुः प्रजां धनं विद्यां स्वर्गं मोक्षं सुखानि च । प्रयच्छन्तु तथा राज्यं प्रीतास्तुभ्यं पितामहाः । પ્રસન્ન થયેલા પિતરો તને આયુષ, પ્રજા, ધન, વિદ્યા, સ્વર્ગ, મોક્ષ, સુખ રાજ અર્પણ કરો-વગેરે સ્મૃતિ પ્રમાણને અનુસરીને તે તે માન્યતાવાળા લોકોને તે તે રસ્તે સમજાવવાને આ દલીલ છે.

જે લોકો પારલૌકિક કે પારમાર્થિક કલ્યાણની ઇચ્છા નથી રાખતા અને માત્ર 'પહેલું સુખ તે જાતે નર્યા, બીજું સુખ તે ઘેર દીકરા, ત્રીજું સુખ કોઠીમાં જાર, ચોથું સુખ સુલક્ષણી નાર' એટલાની જ ઝંખના રાખે છે તેમને માટે છેલ્લા બે પ્રશ્નોત્તર છે. આ રોચક વાક્યોથી દરેક વૃત્તિના માણસને આગળ ધપવાનો ઉપદેશ કરી, જેમનાથી એ સ્થૂળ સાધન પણ ન થઈ શકે તેઓને માટે તરણોપાય નથી એમ તેવા લોકોની નિંદાપૂર્વક બતાવે છે :

इन्द्रियार्थाननुभवन्बुद्धिमांल्लोकपूजितः ।
सम्मतः सर्वभूतानामुच्छ्‌वसन्को जीवति ।।१३।।
देवतातिथिभृत्यानां पितृणामात्मनश्च यः ।
न निर्वपति पञ्चानामुच्छ्‌वसन्न स जीवति ।।१४।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઈંદ્રિયાર્થાનનુભવન્બુદ્ધિમાંલ્લોકપૂજિતઃ ।
સંમતઃ સર્વભૂતાનામુચ્છ્‌વસન્કો ન જીવતિ ॥૧૩॥
દેવતાતિથિભૃત્યાનાં પિતૃણામાત્મનશ્ચ યઃ ।
ન નિર્વપતિ પઞ્ચાનામુચ્છ્‌વસન્ન સ જીવતિ ॥૧૪॥

પ્ર :- વિષયોનો ઉપભોગ કરતો, બુદ્ધિમાન લોકમાં (શ્રીમંતાઈ વગેરેને લીધે) માન પામતો અને સર્વ પ્રાણીઓનો પ્રિય એવો કયો માણસ શ્વાસ લેવા છતાં જીવતો નથી-જીવતો છતાં મરેલા જેવો છે ?

ઉ :- દેવ, અતિથિ, નોકરચાકર (આશ્રિતો), પિતરો અને આત્મા એ પાંચને બલિદાન નથી આપતો - તન, મન ને ધનથી તેમની સેવા નથી કરતો - તે માણસ શ્વાસ લેવા છતાં મુએલા જેવો છે. ૧૩-૧૪.

किंस्विद्गुरुतरं भूमेः किस्विदुच्चतरं च खात् ।
किंस्विच्छीघ्रतरं वायोः किस्विद्बहुतरं तृणात् ॥१५॥
माता गुरुतरा भूमेः खात्पितोच्चतरस्तथा ।
मनः शीघ्रतरं वाताच्चिन्ता बहुतरा तृणात् ॥१६॥

કિંસ્વિદ્ગુરુતરં ભૂમેઃ કિસ્વિદુચ્ચતરં ચ ખાત્ ।
કિંસ્વિચ્છીઘ્રતરં વાયોઃ કિસ્વિદ્બહુતરં તૃણાત્ ॥૧૫॥
માતા ગુરુતરા ભૂમેઃ ખાત્પિતોચ્ચતરસ્તથા ।
મનઃ શીઘ્રતરં વાતાચ્ચિન્તા બહુતરા તૃણાત્ ॥૧૬॥

પ્ર :- પૃથ્વીથી મોટું શું ?

ઉ :- માતા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર :- આકાશથી ઊંચું શું ?

ઉ :- પિતા.

પ્ર :- પવનથીએ વધારે વેગવાન શું ?

ઉ :- મન.

પ્ર :- તરણાથીએ તુચ્છ શું ?

ઉ :- ચિંતા. ૧૫-૧૬

વિવેચન :- આમાં, જેનાથી ઉપર બતાવેલું કોઈ પણ સાધન ન બની શકે તેણે માપાપિતાની સેવા કરી અને તેમાં ચિત્તની એકાગ્રતા કરી મનનો નાશ કરવો - મનને સંકલ્પવિકલ્પથી રહિત કરવું - એવું સૂચન છે. વળી ચિંતાને તરણાથીએ તુચ્છ કહી ચિંતાનો ત્યાગ કરવાનું પણ સૂચવ્યું છે. ચિંતાને તરણાથી તુચ્છ કહેવાનું કારણ એ છે કે તરણું તો કંઈએ કામમાં આવે છે, પણ ચિંતા કેવળ દુઃખનું જ મૂળ છે. ચિંતા ચિતા બે સમાન છે. ચિંતામાં એક અનુસ્વર વધારે છે. પણ એ મીંડાનો કેટલો પ્રભાવ છે ? ચિતા માત્ર નિર્જીવને બાળી નાખે છે, પણ ચિંતા તો સજીવને ખાખ કરે છે ! માટે એ ચિંતાનો કોઈ પણ ઉપાયે ત્યાગ કરવાની જરૂર છે.

किंस्वित्सुप्तं न निमिषति किंस्वज्जातं न चोपति ।
कस्यस्विद्धृदयं नास्ति किंस्विद्वेगेन वर्धते ।।१७।।
मत्स्यः सुप्तो न निमिषत्यण्डं जातं न चोपति ।
अश्मनो हृदयं नास्ति नदी वेगेन वर्धते ।।१८।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કિંસ્વિત્સુપ્તં ન નિમિષતિકિંસ્વજ્જાતં ન ચોપતિ ।
કસ્યસ્વિદ્ધૃધ્યં નાસ્તિ કિંસ્વિદ્વેગેન વર્ધતે ।।૧૫।।
મત્સ્યઃ સુપ્તો ન નિમિષત્યણ્ડં જાતં ન ચોપતિ ।
અશ્મનો હૃદયં નાસ્તિ નદી વેગેન વર્ધતે ।।૧૬।।

પ્ર :- ઊંઘતો છતાં આંખો કોણ નથી મીંચતું ?

ઉ :- માછલું (તેમ જ જીવ).

પ્ર :- પેદા થઈને કોણ હાલચાલ નથી કરતું ?

ઉ :- ઈંડું (તેમજ બ્રહ્માંડ).

પ્ર :- હૃદય-શોકમોહાદિ લાગણી-કોને નથી ?

ઉ :- પથ્થરને (અશરીરી-જ્ઞાનીને).

પ્ર :- વેગથી વધે છે કોણ ?

ઉ :- નદી (ચિત્ત નદી).

વિવેચન :- ઉપર મનોનાશની આવશ્યકતા બતાવી. એથી કોઈને શંકા થશે કે મનનો નાશ થતાં બાકી શૂન્ય રહેશે. પણ તેમ નથી. એ શૂન્યનો દ્રષ્ટા કોઈ હોવો જોઈએ અને તે આત્મા છે, એ સમજાવવા આ પ્રશ્નોત્તર છે. અહીંયાં જીવને માછલા સાથે સરખાવ્યો છે. એ જીવરૂપી મત્સ્ય જ્યારે જાગ્રત, સ્વપ્ન અથવા ઇહલોક પરલોકના બંને તીરે આમથી તેમ આથડીને થાકી જાય છે ત્યારે ઊંઘી જાય છે - પોતાના મૂળસ્થાન સદ્રૂપ બ્રહ્મમાં લીન થાય છે - ત્યારે એની આંખો મીંચાતી નથી - મનની, એની દૃષ્ટિનો લોપ થતો નથી; કેમકે જો એની દૃષ્ટિનો લોપ થતો હોત તો ઊંઘમાંથી જાગ્યા પછી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એ પોતાનો અનુભવ કહી શકત નહીં. પણ એ 'હું ઘસઘસાટ ઊંઘતો હતો ને મેં કંઈ સ્વપ્ન વગેરે જોયું નહોતું' એવો પોતાનો અનુભવ જાગ્યા પછી જાહેર કરે છે. તેથી સિદ્ધ થાય છે કે સુષુપ્તિમાં એની દૃષ્ટિનો લોપ થતો નથી. શ્રુતિ પણ કહે છે કે न हि द्रष्टुर्दृष्टेर्विपरिलोपो विद्यतेऽविनाशित्वात् દૃષ્ટિનો લોપ નથી, કેમકે એ અવિનાશી છે. હવે જો આ જીવરૂપી માછલું અવિનાશી હોવાથી જન્મરહિત પણ હોય તો જન્મે છે કોણ ? એ પ્રશ્નોના જવાબમાં કહે છે કે ઈંડું-પિંડબ્રહ્માંડરૂપ કોચલું-જન્મે છે. પણ પેલા ઈંડાની માફક આ ઈંડું પણ અંતરના ચેતનાની સત્તા વગર હાલી શકતું નથી. અહંકારાદિ સર્વે જડસમૂહ પુરુષ - આત્માની સત્તાથી જ ચેષ્ટા કરે છે. ત્યારે આ જાત અને અજાતના - ચેતન અચેતનના - સંયોગરૂપી દુઃખની નિવૃત્તિનો ઉપાય શો ? તેથી સમાધાનમાં કહે છે કે અશરીરને (अस्मनः) - જેનો દેહત્રયાધ્યાસ નષ્ટ થયો હોય તેને શોકમોહાદિ (हृदय- શોકમોહાદિ દુઃખ ઉત્પત્તિ સ્થાન) નથી. ત્યારે સમાધિથી એ વ્યુત્થાન શી રીતે પામે ? આના સમાધાનમાં કહે છે કે ચિત્તનદી વેગથી વધે છે, તેવી જ રીતે સુષુપ્તિમાં પડેલા જીવને સ્વપ્ન પડે છે તેવી જ રીતે સમાધિમાંથી વ્યુત્થાન પામતાંની સાથે જ આ જાગ્રતપ્રપંચ એકદમ નજર આગળ ખડો થાય છે.

किंस्वित्प्रवसतो मित्रं किस्विन्मित्रं गृहे सतः ।
आतुरस्य च किं मित्रं किंस्विन्मित्रं मरिष्यतः ।।१९।।
सार्थः प्रवसतो मित्रं भार्या मित्रं गृहे सतः ।
आतुरस्य भिषङ्मित्रं दानं मित्रं मरिष्यतः ।।२०।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કિંસ્વિત્પ્રવસતો મિત્રં કિંસ્વિન્મિત્રં ગૃહે સતઃ ।
આતુરસ્ય ચ કિં મિત્રં કિંસ્વિન્મિત્રં મરિષ્યતઃ ।।૧૯।।
સાર્થઃ પ્રવસતો મિત્રં ભાર્યા મિત્રં ગૃહે સતઃ ।
આતુરસ્ય ભિષક્મિત્રં દાનં મિત્રં મરિષ્યતઃ ।।૨૦।।

પ્ર :- પ્રવાસીનો મિત્ર કોણ ?

ઉ :- સં ઘાત.

પ્ર :- ગૃહસ્થનો મિત્ર ?

ઉ :- પત્ની.

પ્ર :- રોગીનો ?

ઉ :- વૈદ્ય.

પ્ર :- ને મરનારનો મિત્ર ?

ઉ :- દાન.

कोऽतिथिः सर्वभूतानां को धर्मश्च सनातनः ।
अमृतं किंस्विद्राजेन्द्र किंस्वित्सर्वमिदं जगत् ।।२१।।
अतिथिः सर्व भूतानामग्निः सोमो गवामृतम् ।
सनातनोऽमृतो धर्मो वायुः सर्वमिदं जगत् ।।२२।।

કોઽતિથિઃ સર્વભૂતાનાં કો ધર્મશ્ચ સનાતનઃ ।
અમૃતં કિંસ્વિદ્રાજેન્દ્ર કિંસ્વિત્સર્વમિદં જગત્ ।।૨૧।।
અતિથિઃ સર્વભૂતાનામગ્નિઃ સોમો ગવામૃતમ્ ।
સનાતનોઽમૃતો ધર્મો વાયુઃ સર્વમિદં જગત્ ।।૨૨।।

પ્ર :- બધાનો અતિથિ કોણ ?

ઉ :- અગ્નિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર :- સનાતન ધર્મ કયો ?

ઉ :- મોક્ષ અપાવે તે (અમૃત).

પ્ર :- હે રાજેન્દ્ર ! સોમવલ્લીરૂપ અમૃત કયું ?

ઉ :- ગાયનું દૂધ.

પ્ર :- આ સર્વ જગત શું છે ?

ઉ :- વાયુરૂપ (માયા)

વિવેચન :- અગ્નિ-થાકેલો મુસાફર (અગ્-કષ્ટથી ચાલવું એ ધાતુ ઉપરથી) મહાભારતના પ્રસિદ્ધ ટીકાકાર નીલકંઠે આનો અર્થ પ્રાચીન કર્મકાંડના પ્રકાશમાં ઘટાવ્યો છે. પણ સાંપ્રત કર્મકાંડ લુપ્તપ્રાય થઈ જવાથી સામાન્ય વાચકોને માટે એ દુર્બોધ છે જાણી અમે સરળ અર્થ ઘટાવવાનો પ્રયત્ન કર્યો છે.

किस्विदेका विचरते जातः को जायते पुनः ।
किंस्विद्धिमस्य भैषज्यं किस्विदावपनं महत् ।।२३।।
सूर्यो ह्येको विचरते चंद्रमा जायते पुनः ।
अग्निर्हिमस्य भैजज्यं भूमिरावपनं महत् ।।२४।।
કિંસ્વિદેકો વિચરતે જાતઃ કો જાયતે પુનઃ ।
કિંસ્વિદ્ધિમસ્ય ભૈષજ્યં કિંસ્વિદાવપનં મહત્ ।।૨૩।।
સૂર્યો હ્યેકો વિચરતે ચંદ્રમા જાયતે પુનઃ ।
અગ્નિર્હિમસ્ય ભૈજજ્યં ભૂમિરાવપનં મહત્ ।।૨૪।।

પ્ર :- કોણ એકલો વિચરે છે ?

ઉ :- સૂર્ય (ચૈતન્ય પ્રકાશરૂપ આત્મા.)

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર :- ફરી ફરીથી જન્મે છે કોણ ?

ઉ :- ચંદ્રમા (લિંગદેહાત્મક જીવ),

પ્ર :- શીત (અજ્ઞાન)નું ઓષડ શું ?

ઉ :- અગ્નિ (વાણી અર્થાત્ તત્ત્વમસ્યાદિ મહાવાક્યાત્મક).

પ્ર :-મોટું બીજક્ષેત્ર કયું ?

ઉ :- ભૂમિ (શરીર)

વિવેચન :- ભૌતિક સૃષ્ટિમાં સૂર્ય સ્વયંપ્રકાશ છે તેથી તેને ચૈતન્યરૂપ પ્રકાશોના પણ પ્રકાશ આત્મા સાથે સરખાવ્યો છે. ઉપર કહ્યું કે જગત આત્મા સાથે સરખાવ્યો છે. ઉપર કહ્યું કે જગત વાયુરૂપ છે. એ વાયુનો પણ સંહાર થતાં આત્મસૂર્ય એકલો પ્રકાશે છે તેવી જ રીતે સૂક્ષ્મશરીરાત્મક જીવને ચંદ્ર સાથે સરખાવ્યો છે, કેમકે ચંદ્રમામાં પોતાનું તેજ નથી. એ સૂર્યના પ્રકાશને લીધે પ્રકાશે છે. તેવી જ રીતે જીવરૂપી ચંદ્ર પણ આત્મસૂર્યને લીધે જ પ્રકાશિત છે. અગ્નિને અહીંયાં વાણી સાથે સરખાવ્યો છે કેમકે જેવી રીતે ભૌતિક સ્થૂળ સૃષ્ટિને પ્રકાશનાર અગ્નિ છે તેવી જ રીતે સૂક્ષ્મ શબ્દ સૃષ્ટિને પ્રકાશનાર વાણી છે, અને જેવી રીતે અગ્નિ સ્થૂળ શૈત્યનો નાશ કરે છે, તેવી જ રીતે વાણી સૂક્ષ્મ શૈત્ય-જડતા અજ્ઞાન-નો નાશ કરે છે. અહીંયાં શરીરરૂપી પૃથ્વીને મોટું ક્ષેત્ર કહેવાનું કારણ એ છે કે પુણ્ય-પાપરૂપ કે જ્ઞાન-અજ્ઞાન રૂપ બીજ અહીંયા જ વવાય છે-જન્મમરણરૂપ સંસાર

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

અને બ્રહ્મસાક્ષાત્કારરૂપ અસંસારિભાવ પ્રાપ્ત કરવાનું આ જ સાધન છે.

किस्विदेकपदं धर्म्यं किंस्विवदेकपदं यशः ।
किस्विदेकपदं स्वर्ग्यं किस्विदेकपदं सुखम् ।।२५।।
दाक्ष्यमेकपदं धर्म्यं दानमेकपदं यशः ।
सत्यमेकपदं स्वर्ग्यं शीलमेकपदं सुखम् ।।२६।।

કિંસ્વિદેકપદં ધર્મ્યં કિંસ્વિદેકપદં યશઃ ।
કિંસ્વિદેકપદં સ્વર્ગ્યં કિંસ્વિદેકપદં સુખમ્ ।।૨૩।।
દાક્ષ્યમેકપદં ધર્મ્યં દાનમેકપદં યશઃ ।
સત્યમેકપદં સ્વર્ગ્યં શીલમેકપદં સુખમ્ ।।૨૪।।

પ્ર :- ધર્મનું એકમેવ સ્થાન કયું (કઈ એક વસ્તુમાં જ સર્વ ધર્મનો સમાવેશ થાય છે) ?

ઉ :- દક્ષતા-ઉદ્યોગ (આત્મજ્ઞાન જન્ય શક્તિ).

પ્ર :- ઐકાંતિક કીર્તિ કઈ ?

ઉ :- દાન.

પ્ર :- સ્વર્ગનું સાધન ?

ઉ :- સત્ય.

પ્ર :- ઐકાંતિક સુખ ?

ઉ :- શીલ (ચારિત્ર).

किं स्विदात्मा मनुष्यस्य किंस्विद्दैवकृतः सखा ।
उपजीवनं किंस्विदस्य किंस्विदस्य परायणम् ।।२७।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

पुत्र आत्मा मनुष्यस्य भार्या दैवकृतः सखा ।
उपजीवनं च पर्जन्यो दानमस्य परायणम् ॥२८॥

કિંસ્વિદાત્મા મનુષ્યસ્ય કિંસ્વિદ્દૈવકૃતઃ સખા ।
ઉપજીવનં કિંસ્વિદસ્ય કિંસ્વિદસ્ય પરાયણમ્ ॥૨૭॥
પુત્ર આત્મા મનુષ્યસ્ય ભાર્યા દૈવકૃતઃ સખા ।
ઉપજીવનં ચ પર્જન્યો દાનમસ્ય પરાયણમ્ ॥૨૮॥

પ્ર :- માણસનું અન્ય સ્વરૂપ કયું ?

ઉ :- પુત્ર.

પ્ર :- દૈવકૃત મિત્ર ?

ઉ :- સ્ત્રી

પ્ર :- જીવનનું સાધન ?

ઉ :- વરસાદ.

પ્ર :- પરમ સુખનું સ્થાન ?

દાન :- દાન.

વિવેચન :- ઉપલા શ્લોકોમાં મુમુક્ષુએ ઉદ્યોગ, દાન, સત્ય, ને શીલનું સેવન કરવું એવું બતાવ્યું તેમાં પણ દાન જ પુત્રવત્ આત્મા છે. ભાર્યાવત્ સખા છે ને પર્જન્યવત્ જીવનનું સાધન છે, કેમ કે नादत्तमुपतिष्ठति આપ્યા વગર મળતું નથી, એમ બતાવવા આ પ્રશ્નોત્તરની યોજના છે. દાન એજ પરમ સાધન છે, કેમકે એથી ચિત્તશુદ્ધિ દ્વારા જ્ઞાનપ્રાપ્તિ થઈ માણસ પરમ સુખને પામે છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

धन्यानामुत्तमं किंस्विद्धनानां स्यात्किमुत्तमम् ।
लाभानामुत्तमं किंस्यात्सुखानांस्यात्किमुत्तमम् ।।२९।।
धन्यानामुत्तमं दाक्ष्यं धनानामुत्तमं श्रुतम् ।
लाभानां श्रेय आरोग्यं सुखानां तुष्टिरुत्तमा ।।३०।।

ધન્યાનામુત્તમં કિંસ્વિદ્ધનાનાં સ્યાત્કિમુત્તમમ્ ।
લાભાનામૃત્તમં કિંસ્યાત્સુખાનાં સ્યાત્કિમુત્તમમ્ ।।૨૯।।
ધન્યાનામુત્તમં દાક્ષ્યં ધનાનામૃતમં શ્રુતમ્ ।
લાભાનાં શ્રેય આરોગ્યં સુખાનાં તુષ્ટિરુત્તમા ।।૩૦।।

પ્ર :- ધનલાભને માટે ઉત્તમ શું ?

ઉ :- ઉદ્યોગ, (સોનું ચાંદી નહીં.)

પ્ર :- ઉત્તમ ધન કયું ?

ઉ :- શ્રવણાદિજન્ય જ્ઞાન.

પ્ર :- સર્વોત્કૃષ્ટ લાભ ?

ઉ :- આરોગ્ય. (કેમ કે એ વગર સાધન દુષ્કર છે.)

પ્ર :- સર્વોત્તમ સુખ ?

ઉ :- સંતોષ

कश्च धर्मः परो लोके कश्च धर्मः सदा फलः ।
किं नियम्य न शोचन्ति कैश्च संधिर्न जीर्यते ।।३१।।
आनृशंस्य परो धर्मस्त्रयीधर्मः सदा फलः ।
मनो नियम्य न शोचन्ति सन्धिः सद्भिर्न जीर्यते ।।३२।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કશ્ચ ધર્મઃ પરો લોકે કશ્ચ ધર્મઃ સદા ફલઃ ।
કિં નિયમ્ય ન શોચન્તિ કૈશ્ચ સંધિર્ન જીર્યતે ।।૩૧।।
આનૃશંસ્યં પરો ધર્મસ્ત્રયીધર્મઃ સદા ફલઃ ।
મનો નિયમ્ય ન શોચન્તિ સન્ધિઃ સદ્ભિર્ન જીર્યતિ ।।૩૨।।

પ્ર :- જગતમાં શ્રેષ્ઠ ધર્મ કયો ?

ઉ :- દયા (પ્રાણીમાત્રને અભયદાન)

પ્ર :- કયો ધર્મ સદા ફળદાયી છે ?

ઉ :- ત્રયીધર્મ.

પ્ર :- શાનો નિગ્રહ કરવાથી શોકનો પ્રસંગ નથી આવતો ?

ઉ :- મનોનિગ્રહથી

પ્ર :- કોની સાથેનો સંબંધ શિથિલ નથી થતો ?

ઉ :- સંતોનો. (બીજાઓની સાથેનો કાલાંતરે શિથિલ થાય છે, જ્યારે સંતો સાથેનો ઉત્તરોત્તર દૃઢ થતો જાય છે). ૩૧-૩૨

વિવેચન :- ત્રયીધર્મો:- મોક્ષમંત્રસ્ત્રયી-ત્રયી એ મોક્ષમંત્ર છે એ શ્રુતિથી ત્રયીનો અર્થ અહીંયાં ત્રિમાત્રાત્મક પ્રાણવ અને તેનો ધર્મ એટલે અદ્વૈત બ્રહ્મપ્રતિપાદક ધર્મ. પ્રાણવની અકાર, ઉકાર ને મકાર એ ત્રણ માત્રાઓ અનુક્રમે સ્થૂલ, સૂક્ષ્મ, ને કારણ શરીરની નિદર્શક છે. તેમાં અકારનો ઉકારમાં ને ઉકારનો મકારમાં સ્થૂલનો સૂક્ષ્મમાં ને સૂક્ષ્મનો કારણમાં - એમ પૂર્વ પૂર્વનો ઉત્તર ઉત્તરમાં લય કરી અર્ધમાત્રાના લક્ષ્યાર્થ તુરીય બ્રહ્મમાં અવસ્થિતિરૂપ ત્રયી ધર્મ જ મોક્ષદાયી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હોવાથી અવિનાશી ફળદાયી અતએવ સદા ફળદાયી છે. આગળના પ્રશ્નોત્તરથી મનોનિગ્રહ એજ એ ધર્મપ્રાપ્તિનો ઉપાય છે એ બતાવ્યું, કેમ કે મનોનિગ્રહથી જ આત્મજ્ઞાન થાય છે ને આત્મજ્ઞાનથી માણસ શોકને તરી જાય છે અને એ મનોનિગ્રહનો માર્ગ સંતસમાગમથી જ પ્રાપ્ત થાય છે એમ બતાવવા અંતિમ પ્રશ્નોત્તર છે.

किं नु हित्वा प्रियो भवति किं नु हित्वा न शोचति ।
किं हित्वाऽर्थवान्भवति किं नु हित्वा सुखी भवेत् ।।३३।।
मानं हित्वा प्रियो भवति क्रोधं हित्वा न शोचति ।
कामं हित्वाऽर्थवान्भवति लोभं हित्वा सुखी भवेत् ।।३४।।

કિં નુ હિત્વા પ્રિયો ભવતિ કિં નુ હિત્વા ન શોચતિ ।
કિં નુ હિત્વાઽર્થવાન્ભવતિ કિંનુ હિત્વા સુખી ભવેત્ ।।૩૩।।
માનં હિત્વા પ્રિયો ભવતિ ક્રોધં હિત્વા સુખી ભવેત્ ।
કામં હિત્વાઽર્થવાન્ભવતિ લોભં હિત્વા સુખી ભવેત્ ।।૩૪।।

પ્ર :- શાનો ત્યાગ કરવાથી માણસ (બધાને) પ્રિય થાય છે ?

ઉ :- માન (પોતાને માટે ઊંચો ખ્યાલ) નો ત્યાગ કરવાથી.

પ્ર :- શાના ત્યાગથી શોક થતો નથી ?

ઉ :- ક્રોધ.

પ્ર :- શાના ત્યાગથી પૈસાદાર થાય છે ?

ઉ :- કામનો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર :- શું ત્યજવાથી સુખી થાય છે ?

ઉ :- લોભ. ૩૩-૩૪.

વિવેચન :- આમાં માનાદિનો ત્યાગ એ જ મનો નિગ્રહનો ને તેથી સુખનો માર્ગ છે, એમ સૂચન છે.

किमर्थं ब्राह्मणे दानं किमर्थं नटनर्तके ।
किमर्थं चैव भृत्येषु किमर्थं चैव राजसु ॥३५॥
धर्मार्थं ब्राह्मणे दानं यशोर्थं नटनर्तके ।
भृत्येषु भरणार्थं वै भावार्थं चैव राजसु ॥३६॥

કિમર્થં બ્રાહ્મણે દાનં કિમર્થં નટનર્તકે ।
કિમર્થ ચૈવ ભૃત્યેષુ કિમર્થં ચૈવ રાજસુ ॥૩૫॥
ધર્માર્થં બ્રાહ્મણે દાનં યશોર્થં નટનર્તકે ।
ભૃત્યેષુ ભરણાર્થં વૈ ભાવાર્થં ચૈવ રાજસુ ॥૩૬॥

પ્ર :- બ્રાહ્મણને (બ્રહ્મમાર્ગના પ્રવાસીને) દાન શા માટે આપવામાં આવે છે ?

ઉ :- ધર્માર્થે.

પ્ર :- નાચ તમાસાગીરને ?

ઉ :- (ખોટી) પ્રતિષ્ઠા માટે.

પ્ર :- નોકરચાકરને ?

ઉ :- તેમના ભરણ પોષણ માટે.

પ્ર :- રાજા રજવાડાઓને ?

ઉ :- એમની પ્રીતિ સંપાદન કરવા માટે. ૩૫-૩૬

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવેચન :- અહીંયાં અન્યત્ર દાનાદિ આપવાથી ક્ષણિક દુન્યવી ફાયદો ભલે થાય, પણ પારમાર્થિક લાભ તો સુપાત્રે દાન આપવાથી જ થાય છે, એમ સૂચવ્યું છે.

केनस्विदावृतो लोकः केनस्विन्न प्रकाशते ।
केन त्यजति मित्राणि केन स्वर्गं न गच्छति ॥३७॥
अज्ञानेनावृतो लोकस्तमसा न प्रकाशते ।
लोभात् त्यजति मित्राणि संगात्स्वर्गं न गच्छति ॥३८॥

કેનસ્વિદાવૃતો લોકઃ કેનસ્વિન્ન પ્રકાશતે ।
કેન ત્યજતિ મિત્રાણિ કેન સ્વર્ગં ન ગચ્છતિ ॥૩૭॥
અજ્ઞાનેનાવૃતો લોકસ્તમસા ન પ્રકાશતે ।
લોભાત્ ત્યજતિ મિત્રાણિ સંગાત્સ્વર્ગં ન ગચ્છતિ ॥૩૮॥

પ્ર :- જીવાત્મા શાનાથી આવૃત છે ?

ઉ :- અજ્ઞાનથી.

પ્ર :- શાને લીધે નથી પ્રકાશતો ?

ઉ :- અજ્ઞાનરૂપે અંધકારને લીધે.

પ્ર :- માણસ મિત્રોનો ત્યાગ કેમ કરે છે ?

ઉ :- લોભને લીધે.

પ્ર :- શાને લીધે સ્વર્ગમાં નથી જતો-મોક્ષ નથી પામતો ?

ઉ :- સંગને લીધે ૩૭-૩૮.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવેચન :- ઉપર માનાદિનો ત્યાગ કરી દાનાદિમાં પ્રવૃત્ત થઈ મનોનિગ્રહ કરવાનો ઉપદેશ કર્યો એથી શંકા થાય કે જો મનોનિગ્રહથી જ દુઃખનો અત્યંત નાશ થઈ સુખપ્રાપ્તિ થતી હોય તો આત્મસ્થિતિરૂપ પ્રથમ કહેલા 'ત્રયીધર્મનો' શો ઉપયોગ ? એના સમાધાનમાં કહે છે કે જીવાત્મા (લોકઃ) અજ્ઞાન અને તત્કાર્યભૂત જરામરણશોકમોહાદિના આશ્ચર્યભૂત સ્થૂલસૂક્ષ્મ શરીર દ્વયથી ઢંકાએલો છે - કલ્પિત ભુજંગથી જેવી રીતે દોરીનું સત્યસ્વરૂપ ઢંકાઈ જાય છે તેવી રીતે સ્થૂલાદિ કોશોથી આત્માનું સત્યસ્વરૂપ ઢંકાઈ ગયું છે. એ અજ્ઞાનના નાશાર્થે 'ત્રયીધર્મ'ની અવશ્યમેવ જરૂર છે. હવે શંકા થશે કે સુષુપ્તિમાં સ્થૂલ સૂક્ષ્મ એ દેહદ્વયનો અભાવ હોવાથી તત્કારણભૂત અજ્ઞાનનો નાશ અનાયસે જ થતો હોવાથી 'ત્રયીધર્મ'ની આવશ્યકતા શી? તેના સમાધાનમાં કહે છે કે સુષુપ્તિમાં દેહદ્વયનો અભાવ હોવા છતાં તત્કારણભૂત જે મૂલાજ્ઞાન રૂપ કારણદેહ તેનો નાશ નથી થતો. બીજરૂપે સુષુપ્તિમાં પણ એ સંતાઈ રહે છે અને જીવાત્માને ઢાંકી દે છે. તેથી એ ત્રણ દેહના લયરૂપ 'ત્રયીધર્મ'ના અનુષ્ઠાનની જરૂર છે. અજ્ઞાનનું વિરોધી માત્ર જ્ઞાન જ છે અને તેથી અજ્ઞાનકૃત સંસાર મનોનિગ્રહથી કદાપિ નાશ પામી શકે નહિ. જેવી રીતે મંદાધકારમાં પડેલી રજ્જુમાં થયેલી સર્પની ભ્રાંતિથી પેદા થએલા ભય કંપાદિ રજ્જુના સમ્યક્ સ્વરૂપજ્ઞાન વગર દૂર થતાં નથી તેવી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ રીતે સર્વબાધરૂપ આત્મતત્ત્વના યથાર્થ જ્ઞાન વગર સંસારનો સમૂળ નાશ થતો નથી. સુષુપ્તિમાં તો એ અજ્ઞાનનો અંકુર કાયમ હોય છે અને તેમાંથી જોતજોતામાં જાગ્રત પ્રપંચનું પ્રચંડ વૃક્ષ ખડું થઈ જીવાત્માને પોતાની ઝેરી છાયાથી ગુંગળાવી નાખે છે. માટે લોભાદિનો ત્યાગ કરી અસંગશસ્ત્રથી એ વૃક્ષનો નાશ કરી જ્ઞાનરૂપ સ્વર્ગની શીતળ વાડી પ્રાપ્ત કરવા માટે જ મુમુક્ષુએ પ્રયાસ કરવાની જરૂર છે.

मृतः कथं स्यात्पुरुषः कथं राष्ट्रं मृतं भवेत् ।
श्राद्धं मृतं वा स्यात्कथं कथं यज्ञो मृतो भवेत् ।।३९।।
मृतो दरिद्रः पुरुषो मृतं राष्ट्रमराजकम् ।
मृतमश्रोत्रियं श्राद्धं मृतो यज्ञस्त्वदक्षिणः ।।४०।।

મૃતઃ કથં સ્યાત્પુરુષઃ કથં રાષ્ટ્રં મૃતં ભવેત્ ।
શ્રાદ્ધં મૃતં વા સ્યાત્કથં કથં યજ્ઞો મૃતો ભવેત્ ।।૩૯।।
મૃતો દરિદ્રઃ પુરુષો મૃતં રાષ્ટ્રમરાજકમ્ ।
મૃતમશ્રોત્રિયં શ્રાદ્ધં મૃતો યજ્ઞસ્ત્વદક્ષિણઃ ।।૪૦।।

પ્ર :- (જીવતો છતાં) મૂવેલો પુરુષ કોણ ?

ઉ :- દરિદ્રી, (લોભી-દાનાદિમાં અસમર્થ હોવાથી મૃત જ છે.)

પ્ર :- મૃત રાષ્ટ્ર ?

ઉ :- જેમાં રાજા (દુષ્ટ શાસ્તા) ન હોય તે.

પ્ર :- મૃત (નિષ્ફળ) શ્રાદ્ધ કયું ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ :- શ્રોત્રિય વિનાનું (નાલાયક બ્રાહ્મણોવાળું).

પ્ર :- મૃત યજ્ઞ ?

ઉ :- દક્ષિણા વિનાનો. ૩૯-૪૦

વિવેચન :- રાષ્ટ્રનો અર્થ શરીર પણ થઈ શકે એનો રાજા પ્રાણ તેના વગરનું શરીર જેમ નકામું છે તેવી જ રીતે દાનાદિ વગરનો માણસ પણ મૃતપ્રાયજ છે.

यक्ष ऊवाच :

का दिक्किमुदकं प्रोक्तं किमन्नं किं च वै विषम् ।
श्राद्धस्य कालमाख्याहि ततः पिब हरस्व च ।।४१।।

કા દિક્કિમુદકં પ્રોક્તં કિમન્નં કિં ચ વૈ વિષમ્ ।
શ્રાદ્ધસ્ય કાલમાખ્યાહિ તતઃ પિબ હરસ્વ ચ ।।૪૧।।

યક્ષ કહે છે :- દિક્ (ઉપદેશક) કોણ ? જળ શું ? અન્ન કયું ? વિષ શું ? શ્રાદ્ધનો કાળ ? આટલાનો જવાબ આપ ને પછીથી પાણી પી ને (જોઈએ તો) લઈ જા. ૪૧

युधि० ऊवाच :

सन्तो दिग्जलमाकाशं गौरन्नं प्रार्थना विषम्।
श्राद्धस्य ब्राह्मणः कालः कथं वा यक्ष मन्यसे ।।४२।।

સન્તો દિગ્જલમાકાશં ગૌરન્નં પ્રાર્થના વિષમ્ ।
શ્રાદ્ધસ્ય બ્રાહ્મણઃ કાલઃ કથં વા યક્ષ મન્યસે ।।૪૨।।

સંતો જ દિક્ છે. આકાશ જળ છે. ગૌ (ઈન્દ્રિય અથવા તદુપલક્ષિત શબ્દાદિ વિષયો) અન્ન છે. પ્રાર્થના (શરીર) વિષ છે. બ્રહ્મવેત્તા એજ શ્રાદ્ધનો કાળ છે. હે યક્ષ તને આ કેમ લાગે છે ? ૪૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવેચન :- આમ લોભાદિનો ત્યાગપૂર્વક દયા દાનાદિના અનુષ્ઠાનથી શમદમાદિ દૈવીસંપત્તિયુક્ત થઈ મુમુક્ષુએ શ્રવણમનનાદિ દ્વારા પરિશીલન કરવા યોગ્ય બ્રહ્માત્મ્યૈક્યનું વર્ણન કરવા કહે છે કે સંતો જ એ બ્રહ્મજ્ઞાનના ઉપદેશ કરનારા (दिश् ઉપદેશ કરવો - એ ધાતુ પરથી) છે. તાત્પર્ય કે બ્રહ્માનુભવી ગુરુદ્વારાજ બ્રહ્મજ્ઞાન થઈ શકે છે. બીજા પ્રશ્નના ઉત્તરમાં કહે છે, જળ આકાશ છે. पञ्चाम्याहुतावापः पुरुषवचसो भवति -પાંચમી આહુતિમાં જલ પુરુષ કહેવાય છે એ શ્રુતિથી જલ એટલે પિંડ બ્રહ્માંડત્મક કાર્ય અને તદભિમાની ચેતન-વ્યષ્ટિ સમષ્ટિ જીવ. એ જીવ આકાશ છે. सर्वाणि ह वा इमानि भूतान्याकाशादेव खमुत्पद्यन्त आकाशेऽस्तं यान्ति (આ સર્વ ભૂતો આકાશમાંથી જ ઉત્પન્ન થાય છે અને આકાશમાં જ સમાઈ જાય છે) એ શ્રુતિથી આકાશ એટલે અવ્યાકૃત કારણ-તદભિમાની ઈશ્વર, જલાજલ આકાશ છે એમ. બંનેના સમધિકારથી બંનેનો-જીવ-ઈશનો-અભેદ બતાવે છે. सोऽयं देवदत्तः એ દૃષ્ટાંતની અંદર જેમ દેશ કાળ અવસ્થાદિ ઉપાધિનો ત્યાગ કરતાં દેવદત્તની સ્વરૂપની દૃષ્ટિએ અભેદની પ્રતીતિ થાય છે, તેમ ઉપાધિનો ત્યાગ કરતાં શુદ્ધ ચૈતન્યમાત્રની દૃષ્ટિથી જીવ ઈશનો અભેદ જ છે. વેદાંતમાં સર્વત્ર આ લાક્ષણિક અભેદનો નિર્દેશ છે. હવે શંકા થશે કે બંનેને ભિન્ન કરનાર ઉપાધિભેદ કાયમ હોય ત્યારે અભેદ કેમ પ્રતીત થાય તો તેના જવાબમાં કહે છે કે ગૌ એજ અન્ન છે. ગૌ એટલે गच्छ् - જવું-એ ધાતુ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

(ઉપરથી) ઇંદ્રિય-અથવા તો ઇંદ્રિયગ્રાહ્ય વિષયો. એ વિષયો અન્ન એટલે અદનીય ખાઈ નાખવા યોગ્ય - લય કરવા યોગ્ય (જેવી રીતે મીઠાનો પાણીમાં લય થાય છે તેવી રીતે) છે. ઉપાધિ એ સ્વરૂપતઃ મિથ્યા હોવાથી રજ્જુના સર્પની અંદર થયેલી ભ્રાંતિ જેમ રજ્જુના સ્વરૂપનું જ્ઞાન થતાં નાશ પામે છે અને મંદઅંધકારાદિ કાયમ હોવા છતાં પછીથી માણસ એનાથી ડરતો નથી તેવી જ રીતે શરીરાદિ ઉપાધિ કાયમ હોવા છતાં પણ ચૈતન્યદૃષ્ટિએ જીવઈશનો અભેદ માણસ અનુભવી શકે છે.

પછીના પ્રશ્નમાં શરીરને વિષે કહ્યું છે. કેમકે એ જન્મમરણાદિનો હેતુ છે. માટે માણસ દેહાભિમાનનો ત્યાગ કરી બ્રહ્મવિદ્ ગુરુના ઉપદેશાનુસાર સર્વ પ્રપંચનો લય કરી બ્રહ્માત્મ્યૈક્યનો સાક્ષાત્કાર કરી લેવો એ તાત્પર્ય છે. છેવટે અહં બ્રહ્મવેત્તા એ જ શ્રાદ્ધનો કાળ છે. એટલે કે સત્પાત્રનો લાભ જે ઘડીએ થાય તે વખતે જ જે કંઈ શ્રવણદાનાદિ ધર્મકૃત્ય કરવું હોય તે કરી લેવું.

तपः किं लक्षणं प्रोक्तं को दमश्च प्रकीर्तितः ।
क्षमा च का परा प्रोक्ता का च ह्रीः परिकीर्तिताः ।।४३।।
तपः स्वधर्मवर्तित्वं मनसो दमनं दमः ।
क्षमा द्वंद्वसहिष्णुत्वं ह्रीरकार्यनिवर्तनम् ।।४४।।
તપઃ કિં લક્ષણં પ્રોક્તં કો દમશ્ચ પ્રકીર્તિતઃ ।
ક્ષમા ચ કા પરા પ્રોક્તા કા ચ હ્રીઃ પરિકીર્તિતાઃ ।।૪૩।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તપઃ સ્વધર્મવર્તિત્વં મનસો દમનં દમઃ ।
ક્ષમા દ્વંદ્વસહિષ્ણુત્વં હ્રીરકાર્યનિવર્તનમ્ ॥૪૪॥

પ્ર :- તપ એટલે શું ?

ઉ :- સ્વધર્મવર્તન.

પ્ર :- દમ એટલે ?

ઉ :- મનનું (મન સાથે સર્વઇંદ્રિયોનું) દમન.

પ્ર :- શ્રેષ્ઠ ક્ષમા ?

ઉ :-સુખદુઃખ, માન અપમાનના દ્વંદ્વ (હસતે મોઢે) સહન કરવાં તે.

પ્ર :- લજ્જા ?

ઉ :- નરસા કૃત્યથી નિવૃત્ત થવું તે. ૪૩-૪૪.

किं ज्ञानं प्रोच्यते राजन्कः शमश्च प्रकीर्तितः ।
दया च का परा प्रोक्ता किं चार्जवमुदाहृतम् ॥४५॥
ज्ञानं तत्त्वार्थसंबोधः शमश्चित्तप्रशान्ततः ।
दया सर्वसुखेषित्वमार्जवं समचित्तता ॥४६॥

કિં જ્ઞાનં પ્રોચ્યતે રાજન્કઃ શમશ્ચ પ્રકીર્તિતઃ ।
દયા ચ કા પરા પ્રોક્તા કિં ચાર્જવમુદાહૃતમ્ ॥૪૫॥
જ્ઞાનં તત્ત્વાર્થસંબોધઃ શમશ્ચિત્તપ્રશાન્તતા ।
દયા સર્વસુખેષિત્વમાર્જવં સમચિત્તતા ॥૪૬॥

પ્ર :- હે રાજન્ જ્ઞાન એટલે શું ?

ઉ :- તત્ત્વસાક્ષાત્કાર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર :- શમ એટલે ?

ઉ :- ચિત્તની શાંતિ-મનની દોડધામ મટી જાય તે.

પ્ર :- દયા એટલે ?

ઉ :- સુખી થાય એવું ઇચ્છવું તે.

પ્ર :- ઋજુતા (નિખાલસતા) એટલે ?

ઉ :- ચિત્તની સમતા. સમાન દૃષ્ટિ. ૪૫-૪૬.

शत्रुर्दुर्जयः पुंसां कश्च कश्च व्याधिरनन्तकः ।
कीदृशश्च स्मृतः साधुरसाधु कीदृशः स्मृतः ।।४७।।
क्रोधः सुदुर्जयः शत्रुर्लोभो व्याधिरनन्तकः ।
सर्वभूतहितः साधुरसाधुनिर्दयः स्मृतः ।।४८।।

શત્રુર્દુર્જયઃ પુંસાં કશ્ચ કશ્ચ વ્યાધિરનન્તકઃ ।
કીદશશ્ચ સ્મૃતઃ સાધુરસાધુ કીદશઃ સ્મૃતઃ ।।૪૭।।
ક્રોધઃ સુદુર્જયઃ શત્રુર્લોભો વ્યાધિરનન્તકઃ ।
સર્વભૂતહિતઃ સાધુરસાધુર્નિર્દયઃ સ્મૃતઃ ।।૪૮।।

પ્ર :- માણસનો દુર્જય શત્રુ કયો ?

ઉ :- ક્રોધ.

પ્ર :- અંત ન આવે એવો વ્યાધિ ?

ઉ :- લોભ.

પ્ર :-સાધુ કેવો હોય ?

ઉ :- સર્વ પ્રાણીઓનો હિતરક્ષક.

પ્ર :- અસાધુ કેવો હોય ?

ઉ :- નિર્દય.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

को मोहः प्रोच्यते राजन् कश्च मानः प्रकीर्तितः ।
किमालस्यं च विज्ञेयं कश्च शोकः प्रकीर्तितः ।।४९।।
मोहो हि धर्ममूढत्वं मानस्त्वात्माभिमानता ।
धर्मनिष्क्रियताऽऽलस्यं शोकस्त्वज्ञानमुच्यते ।।५०।।

કો મોહઃ પ્રોચ્યતે રાજન્ કશ્ચ માનઃ પ્રકીર્તિતઃ ।
કિમાલસ્યં ચ વિજ્ઞેય કશ્ચ શોકઃ પ્રકીર્તિતઃ ।।૪૯।।
મોહો હિ ધર્મમૂઢત્વં માનસ્ત્વાત્માભિમાનતા ।
ધર્મનિષ્ક્રિયતાડડલસ્યં શોકસ્ત્વજ્ઞાનમુચ્યતે ।।૫૦।।

પ્ર :- હે રાજન્ ! મોહ એટલે શું ?

ઉ :- ધર્મમૂઢતા.

પ્ર :- માન એટલે ?

ઉ :- દેહાભિમાન.

પ્ર :- આળસ એટલે ?

ઉ :- ધર્મમાં નિષ્ક્રિયતા.

પ્ર :- અને શોક એટલે ?

ઉ :- અજ્ઞાન (કેમકે અજ્ઞાન એજ શોકનું મૂળ છે.)

૪૯-૫૦

किं स्थैर्यमृषिभिः प्रोक्तं किं च धैर्यमुदाहृतम् ।
स्नानं च किं परं प्रोक्तं दानं च किमिहोच्यते ।।५१।।
स्वधर्मे स्थिरता स्थैर्यं धैर्यमिन्द्रियनिग्रहः ।
स्नानं मनोमलत्यागो दानं वै भूतरक्षणम् ।।५२।।

કિં સ્થૈર્યમૃષિભિઃ પ્રોક્તં કિં ચ ધૈર્યમુદાહૃતમ્ ।
સ્નાનં ચ કિં પરં પ્રોક્તં દાનં ચ કિમિહોચ્યતે ।।૫૧।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સ્વધર્મે સ્થિરતા સ્થૈર્યં ધૈર્યમિન્દ્રિયનિગ્રહઃ ।
સ્નાનં મનોમલત્યાગો દાનં વૈ ભૂતરક્ષણમ્ ।।૫૨।।

પ્ર :- ઋષિઓ સ્થૈર્ય કોને કહે છે ?

ઉ :- સ્વધર્મમાં સ્થિરતા.

પ્ર :- ધૈર્ય ?

ઉ :- ઇન્દ્રિયનિગ્રહ.

પ્ર :- શ્રેષ્ઠ સ્નાન ?

ઉ :- મનનો મેલ ધોઈ નાખવો તે.

પ્ર :- અને દાન ?

ઉ :- પ્રાણીમાત્રનું રક્ષણ (સર્વાભયદાન) ૫૧-૫૨.

कः पडिण्तः पुमान् ज्ञेयो नास्तिकः कश्च उच्यते ।
को मूर्खः कश्च कामः स्यात्को मत्सर इति स्मृतः ।।५३।।
धर्मज्ञः पण्डितो ज्ञेयो नास्तिको मूर्ख उच्यते ।
कामः संसारहेतुश्च हृत्तापो मत्सरः स्मृतः ।।५४।।

કઃ પંડિત પુમાન્ જ્ઞેયો નાસ્તિકઃ કશ્ચ ઉચ્યતે ।
કો મૂર્ખઃ કશ્ચ કામઃ સ્યાત્કો મત્સર ઈતિ સ્મૃતઃ ।।૫૩।।
ધર્મજ્ઞઃ પંડિતો જ્ઞેયો નાસ્તિકો મૂર્ખ ઉચ્યતે ।
કામઃ સંસારહેતુશ્ચ હૃત્તાપો મત્સરઃ સ્મૃતઃ ।।૫૪।।

પ્ર :- જ્ઞાની કોણ ?

ઉ :- ધર્મનું તત્ત્વ જાણનાર.

પ્ર :- નાસ્તિક કોણ ?

ઉ :- મૂરખ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર :- કામ એટલે ?

ઉ :- વાસના. (સંસારહેતુઃ)

પ્ર :- મત્સર એટલે ?

ઉ :- (બીજાનું સુખ જોઈ) મનમાં બળવું તે.

कोऽहंकार इति प्रोक्तः कश्च दम्भः प्रकीर्तितः ।
किं तदैव परं प्रोक्तं किं तत्पैशुन्यमुच्यते ॥५५॥
महाज्ञानमहंकारो दंभो धर्मध्वजोच्छ्रयः ।
दैवं दानफलं प्रोक्तं पैशून्यं परिदूषणम् ॥५६॥

કોઽહંકાર ઈતિ પ્રોક્તઃ કશ્ચ દમ્ભ પ્રકીર્તિતઃ ।
કિં તદૈવં પરં પ્રોક્તં કિં તત્પૈશૂન્યમુચ્યતે ॥૫૫॥
મહાજ્ઞાનમહંકારો દંભો ધર્મધ્વજોચ્છ્રયઃ ।
દૈવં દાનફલં પ્રોક્તં પૈશૂન્યં પરિદૂષણમ્ ॥૫૬॥

પ્ર :- અહંકાર એટલે શું ?

ઉ :- મહા અજ્ઞાન.

પ્ર :- દંભ એટલે ?

ઉ :- ધાર્મિકતાનો ડોળ.

પ્ર :- દૈવ એટલે ?

ઉ :- દાનનું ફળ.

પ્ર :- પિશુનતા એટલે ?

ઉ :- બદબોઈ કરવી તે. ૫૫-૫૬

धर्मश्चार्थश्च कामश्च परस्परविरोधिनः ।
एषां नित्यविरुद्धानां कथमेकत्र संगमः ॥५७॥
यदा धर्मश्च भार्या च परस्परवशानुगौ ।
तदा धर्मार्थकामानां त्रयाणामपि संगमः ॥५८॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ધર્મશ્ચાર્થશ્ચ કામશ્ચ પરસ્પરવિરોધિનઃ ।
એષાં નિત્યવિરુદ્ધાનાં કથમેકત્ર સંગમઃ ॥૫૭॥
યદા ધર્મશ્ચ ભાર્યા ચ પરસ્પરવશાનુગૌ ।
તદા ધર્માર્થકામાનાં ત્રયાણામપિ સંગમઃ ॥૫૮॥

પ્ર :- (સાધારણ રીતે) ધર્મ, અર્થ અને કામ. એ ત્રણ પરસ્પર વિરોધી છે. એ નિત્યવિરુદ્ધ ત્રણે (સલાહસંપથી) એકત્ર કેવી રીતે રહે ?

ઉ :- જ્યારે ધર્મ અને સ્ત્રી એકબીજાની મર્યાદામાં રહે છે ત્યારે ધર્મ, અર્થ ને કામ, એ ત્રણે (પરસ્પર વિરોધનો ત્યાગ કરી) એકત્ર રીતે રહે છે.

યક્ષ પૂછે છે :

अक्षयो नरकः केन प्राप्यते भरतर्षभ ।
एतन्मे पृच्छतः प्रश्नं तच्छीघ्रं वक्तुमर्हसि ॥५९॥
અક્ષયો નરકઃ કેન પ્રાપ્યતે ભરતર્ષભ ।
એતન્મે પૃચ્છતઃ પ્રશ્નં તચ્છીઘ્રં વક્તુમર્હસિ ॥૫૯॥

પ્ર :- ભરતકુળમાં શ્રેષ્ઠ રાજન્ ! અક્ષય નરકની પ્રાપ્તિ શાને લીધે થાય છે ? આ મારા પ્રશ્નનો મહેરબાની કરી શીઘ્ર જવાબ આપ. ૫૯

યુધિષ્ઠર કહે છે :-

ब्राह्मणं स्वयमाहूय याचमानमकिंचनम् ।
पश्चान्नास्तीति यो ब्रूयात्सोऽक्षयं नरकं व्रजेत् ॥६०॥
वेदेषु धर्मशास्त्रेषु मिथ्या यो वै द्विजातिषु ।
देवेषु पितृधर्मेषु सोऽक्षयं नरकं व्रजेत् ॥६१॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

विद्यमाने धने लोभाद्दानभोगविवर्जितः ।
पश्चान्नास्तीति यो ब्रूयात्सोऽक्षयं नरकं व्रजेत् ।।६२।।
બ્રાહ્મણં સ્વયમાહૂય યાચમાનમકિંચનમ્ ।
પશ્ચાન્નાસ્તીતિ યો બ્રૂયાત્સોઽક્ષયં નરકં વ્રજેત્ ।।૬૦।।
વેદેષુ ધર્મશાસ્ત્રેષુ મિથ્યા યો વૈ દ્વિજાતિષુ ।
દેવેષુ પિતૃધર્મેષુ સોઽક્ષયં નરકં વ્રજેત્ ।।૬૧।।
વિદ્યમાને ધને લોભાદ્દાનભોગવિવર્જિતઃ ।
પશ્ચાન્નાસ્તીતિ યો બ્રૂયાત્સોઽક્ષયં નરકં વ્રજેત્ ।।૬૨।।

કોઈ નિર્ધન બ્રાહ્મણ (રસ્તે) માગતો હોય તેને જાતે બોલાવી પછીથી નથી એમ કહે; વેદ, ધર્મશાસ્ત્ર, બ્રાહ્મણ, દેવ, અને પિતૃધર્મ તરફ જે બેવફા થાય; અને પાસે પૈસા હોવા છતાં જે લોભને લીધે જાતે ખાય નહિ કે બીજાને દાન આપે નહીં, અને વળી નથી એમ કહે, તેને અક્ષય નરક પ્રાપ્ત થાય છે. ૬૦, ૬૧, ૬૨.

राजन् कुलेन वृत्तेन स्वाध्यायेन श्रुतेन वा ।
ब्राह्मण्यं केन भवति प्रब्रह्योतत्सुनिश्चितम् ।।६३।।

યક્ષ :-

રાજન્ કુલેન વૃત્તેન સ્વાધ્યાયેન શ્રુતેન ।
બ્રાહ્મણ્યં કેન ભવતિ પ્રબ્રૂહ્યેતત્સુનિશ્ચિતમ્ ।।૬૩।।

હે રાજન્ ! કૂળ (બ્રાહ્મણકુળમાં જન્મ), વૃત્ત (બ્રાહ્મણને છાજે એવું આચરણ-ચરિત્ર), વેદાધ્યયન કે શાસ્ત્રાદિ શ્રવણ-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એમાંથી બ્રાહ્મણપણું શાને લીધે આવે છે તે બરાબર નિશ્ચય કરીને કહે. ૬૩

युधिष्ठिर :-

श्रुणु यक्ष कुलं तात न स्वाध्यायो न च श्रुतम् ।
कारणं हि द्विजत्वे च वृत्तमेव न संशयः ।।६४।।
वृत्तं यत्नेन संरक्ष्यं ब्राह्मणेन विशेषतः ।
अक्षीणवृत्तो न क्षीणो वृत्ततस्तु हतो हतः ।।६५।।
पठका: पाठकाश्चैव ये चान्ये शास्त्रचिन्तका: ।
सर्वे व्यसनिनो मूर्खा यः क्रियावान्स पंडितः ।।६६।।
चतुर्वेदोऽपि दुर्वृत्तः स शूद्रादतिरिच्यते ।
योऽग्निहोत्रपरो दान्तः स ब्राह्मण इति स्मृतः ।।६७।।

યુધિષ્ઠિર :-

શ્રુણુ યક્ષ કુલં તાત ન સ્વાધ્યાયો ન ચ શ્રુતમ્ ।
કારણં હિ દ્વિજત્વે ચ વૃત્તમેવ ન સંશયઃ ।।૬૪।।
વૃત્તં યત્નેન સંરક્ષ્યં બ્રાહ્મણેન વિશેષતઃ ।
અક્ષીણવૃત્તો ન ક્ષીણો વૃત્તતસ્તુ હતો હતઃ ।।૬૫।।
પઠકાઃ પાઠકાશ્ચૈવ યે ચાન્યે શાસ્ત્રચિન્તકાઃ ।
સર્વે વ્યસનિનો મૂર્ખા યઃ ક્રિયાવાન્સ પંડિતઃ ।।૬૬।।
ચતુર્વેદોડપિ દુર્વૃત્તઃ સ શૂદ્રાદતિરિચ્યતે ।
યોડગ્નિહોત્રપરો દાન્તઃ સ બ્રાહ્મણ ઈતિ સ્મૃતઃ ।।૬૭।।

હે યક્ષ ! સાંભળ. હે તાત ! કુળ, વેદાધ્યયન અને શ્રુત-એમાંનું કંઈ પણ બ્રાહ્મણત્વનું કારણ નથી, ચારિત્ર એ એક જ બ્રાહ્મણત્વનું કારણ છે, એમાં શંકા નથી. ૬૪.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેથી માણસે-અને બ્રાહ્મણે તો ખાસ કરીને ચારિત્રનું સંરક્ષણ કરવું જોઈએ. જેનું ચારિત્ર અક્ષીણ છે તે (કદાપિ) ક્ષીણ થતો નથી. ચારિત્ર્યભ્રષ્ટનો નિઃસંશય નાશ થાય છે. ૬૫. પઠક અને પાઠક, અને અન્ય શાસ્ત્રચિંતકો બધા હતભાગી (વ્યસનમાં ડૂબેલા) અને મૂરખ છે-જે ક્રિયાવાન્ છે તે જ (સાચો) જ્ઞાની છે. ૬૬ ચારે વેદોનું જ્ઞાન હોવા છતાં પણ જે દુરાચારી છે તે શૂદ્રથી પણ અતિશુદ્ર છે. જે અગ્ન્યુપાસક (જ્ઞાનોપાસક) અને દાન્ત (ઇંદ્રિયનિગ્રહવાન્-સદાચારી) છે એ જ બ્રાહ્મણ છે એમ શાસ્ત્રોમાં કહ્યું છે. ૬૭

યક્ષ :-

प्रियवचनवादी किं लभते विमृशितकार्यकरः किं लभते ।
बहुमित्रकरः किं लभते धर्मरतः किं लभते कथय ।।६८।।
પ્રિયવચનવાદી કિં લભતે વિમૃશિતકાર્યકરઃ કિં લભતે ।
બહુમિત્રકરઃ કિં લભતે ધર્મરતઃ કિં લભતે કથય ।।૬૮।।

મીઠું વેણ વદનારને શો લાભ થાય છે ? વિચારીને કાર્ય કરનારને શું મળે છે ? બહુ મિત્રો કરનારને શું મળે છે ? અને ધર્મને રસ્તે ચાલનારને શો લાભ થાય છે તે કહે. ૬૮

યુધિષ્ઠિર :-

प्रियवचनवादी प्रियो भवति विमृशितकार्यकरोऽधिकं जयति ।
बहुमित्रकरः सुखं वसते यश्च धर्मरतः संगतिं लभते ।।६९।।
પ્રિયવચનવાદી પ્રિયો ભવતિ વિમૃશિતકાર્યકરોડધિકં જ્યતિ ।
બહુમિત્રકરઃ સુખં વસતે યશ્ચ ધર્મરતઃ સંગતિં લભતે ।।૬૯।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રિયવેણ વદનાર (લોકોને) પ્રિય થાય છે; વિચારીને કામ કરનાર (બીજાનાઓથી) અધિક યશસ્વી થાય છે; બહુ મિત્ર કરનાર સુખથી વસે છે; અને ધર્મને માર્ગે ચાલનાર મોક્ષ પામે છે. ૬૯

યક્ષ :-

को मोदते किमाश्चर्यं कः पन्था का च वार्तिका ।
वद मे चतुरः प्रश्नान्मृता जीवन्तु बांधवाः ।।७०।।
કો મોદતે કિમાશ્ચર્યં કઃ પન્થા કા ચ વાર્તિકા ।
વદ મે ચતુરઃ પ્રશ્નાન્મૃતા જીવન્તુ બાંધવાઃ ।।૭૦।।

કોણ આનંદથી રહે છે ? (જગતમાં) આશ્ચર્ય પામવા જેવું શું છે ? (મુમુક્ષુને માટે)માર્ગ કયો ? (દુનિયામાં) શી ખબર છે ? – શું ચાલી રહ્યું છે ? મારા આ ચાર પ્રશ્નોના ઉત્તર આપ, અને તારા મૃત ભાઈઓ સજીવન થવા દે. ૭૦.

યુધિષ્ઠિર :-

पंचमेऽह्नि षष्ठे वा शाकं पचति स्वे गृहे ।
अनृणी चाप्रवासी च स वारिचर मोदते ।।७१।।
પંચમેડહ્નિ ષષ્ઠે વા શાકં પચતિ સ્વે ગૃહે ।
અનૃણી ચાપ્રવાસી ચ સ વારિચર મોદતે ।।૭૧।।

હે જલચર ! જે માણસ પોતાના ઘરમાં પાંચમે છઠે દહાડે શાક રાંધે છે, જેને માથે દેવું નથી, અને જેને (પેટ માટે) પરદેશ દોડવું પડતું નથી, તે માણસ આનંદથી રહે છે. ૭૧.

વિવેચન : શાકનું અતિસેવન રોગાત્મક છે. તેથી પાંચમે-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છઠ્ઠે દહાડે શાક રાંધવાનું લખ્યું છે. કેટલાક લોકો ચોમાસામાં શાક બિલકુલ વર્જ્ય કરે છે તેનું આ જ રહસ્ય છે.

अहन्यहनि भूतानि गच्छन्तीह यमालयम् ।
शेषाः स्थावरमिच्छंति किमाश्चर्यमतः परम् ॥७२॥

અહન્યહનિ ભૂતાનિ ગચ્છન્તીહ યમાલયમ્ ।
શેષાઃ સ્થાવરમિચ્છન્તિ કિમાશ્ચર્યમતઃ પરમ્ ॥૭૨॥

દુનિયામાં પ્રતિદિન (હજારો) પ્રાણીઓ યમલોકમાં ચાલ્યાં જાય છે – (એ જોવા છતાં) બાકીના અમર રહેવાની ઈચ્છા રાખે છે, એથી મોટું આશ્ચર્ય બીજું કયું ! ૭૨.

तर्कोऽप्रतिष्ठः श्रुतयो विभिन्ना
नैको ऋषिर्यस्य मतं प्रमाणम् ।
धर्मस्य तत्त्वं निहितं गुहायां
महाजनो येन गतः स पंथा ॥७३॥

તર્કોઽપ્રતિષ્ઠઃ શ્રુતયો વિભિન્ના
નૈકો ઋષિર્યસ્ય મતં પ્રમાણમ્ ।
ધર્મસ્ય તત્ત્વં નિહિતં ગુહાયાં
મહાજનો યેન ગતઃ સ પંથા ॥૭૩॥

તર્કને પ્રતિષ્ઠા (સ્થિરતા) નથી, શ્રુતિઓનો (પરસ્પર) મેળ નથી, એક પણ ઋષિ એવો નથી કે જનો મત પ્રમાણભૂત (સર્વસંમત) મનાતો હોય અને ધર્મનું તત્ત્વ ગુફામાં છૂપાઈ ગયું છે. (સામાન્ય માણસ માટે ગૂઢ થઈ ગયું છે–જ્ઞાનીઓની બુદ્ધિમાં સમાઈ રહ્યું છે) તેથી મહાત્માઓ જે રસ્તે ગયા હોય તે એક જ મારગ (મુમુક્ષુઓ માટે સલામતિવાળો) છે. ૭૩.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવેચન :

આમાં મોક્ષમાર્ગના પ્રવાસીની મુશ્કેલીઓ બતાવી છે. માણસ પોતાની બુદ્ધિના તર્કના જોર ઉપર ધર્મતત્ત્વનો નિર્ણય કરવા બેસે તો તે થઈ શકે તેમ નથી. નિર્બળ તર્ક ઉત્તરોત્તર સબળ તર્કથી પરાભવ પામે છે. તેથી ધર્મતત્ત્વના નિર્ણયમાં એકલો તર્ક પંગુ છે. હવે માણસ શ્રુતિને પ્રમાણ માની તદનુસાર વર્તન કરવા જાય તો તેમાં પણ અનેક મુશ્કેલીઓ છે. અનેક ઠેકાણે શ્રુતિઓમાં પરસ્પર વિરોધ હોય છે ને એ વિરોધ કાઢી નાખી સર્વમાં એકવાક્યતા કરી માર્ગ કાઢવાનું કામ સામાન્ય માણસની શક્તિ બહારનું છે. હવે માણસ અનેક ઋષિ પ્રતિપાદિત વિવિધ મતને બાજુએ મૂકી કોઈ એક ઋષિના મત પ્રમાણે ચાલવાનું નક્કી કરે તો તેમાં પણ એટલી જ મુશ્કેલી છે, કેમકે એવો એક પણ ઋષિ નથી કે જેનો મત સર્વસંમત હોય. વસ્તુસ્થિતિ આવી હોવાથી ધર્મતત્વ સામાન્ય માણસ માટે દુર્બોધ થઈ પડયું છે - જ્ઞાની મહાત્માઓ વગર કોઈ જ એનો પાર પામી શકતું નથી. માટે મુમુક્ષુ માટે સરળ રસ્તો તો એ જ છે કે સાચા અનુભવી મહાત્માઓને પગલે ચાલવું. હવે ચોથા પ્રશ્નનો જવાબ આપે છે કે,

अस्मिनमहामोहमये कटाहे सूर्याग्निना रात्रिदिवेन्धनेन ।
मासर्तुदर्वीपरिघट्टनेन भूतानि कालः पचतीति वार्ता ।।७५।।

અસ્મિન્મહામોહમયે કટાહે સૂર્યાગ્નિનારાત્રિદિવેન્ધનેન ।
માસર્તુદર્વીપરિઘટ્ટનેન ભૂતાનિ કાલઃ પચતીતિ વાર્તા ।।૭૫।।

રાત ને દિવસરૂપ લાકડાં બાળી સૂર્યરૂપ અગ્નિથી આ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મહામોહ (સંસાર)રૂપ કઢાઈની અંદર માસ અને ઋતુરૂપ કડછી ફેરવીને, કાળ પ્રાણીમાત્રને શેકી નાખે છે એ હાલ છે ! ૭૫.

यक्ष :-

व्याख्याता मे त्वया प्रश्ना यथातथ्यं परन्तप ।
पुरुषं त्विदानीं व्याख्याहि यश्च सर्वधनी नरः ।।७६।।

યક્ષ :-

વ્યાખ્યાતા મે ત્વયા પ્રશ્ના યથાતથ્યં પરન્તપ।
પુરુષં ત્વિદાનીં વ્યાખ્યાહિ યશ્ચ સર્વધની નરઃ ।।૭૬।।

હે શત્રુને તાપ આપનાર રાજન્ ! તેં મારા પ્રશ્નોના યથા યોગ્ય જવાબ આપ્યા છે. હવે જીવતો માણસ કોને કહેવો અને સર્વ ધનવાન માણસ કોણ તે કહે. ૭૬

दिवं स्पृशति भूमिं च शब्दः पुण्येन कर्मणः ।
यावत्स शब्दो भवति तावत्पुरुष उच्यते ।।७७।।

યુધિષ્ઠિર :-

દિવં સ્પૃશતિ ભૂમિં ચ શબ્દઃ પુણ્યેન કર્મણઃ।
યાવત્સ શબ્દો ભવતિ તાવત્પુરુષ ઉચ્યતે ।।૭૭।।

(કરેલાં શુભ) કર્મના પુણ્યને લીધે જેની કીર્તિનો ઘોષ સ્વર્ગ, મૃત્યુ (ને પાતાળમાં ય) ગાજી રહે છે તે માણસ જ્યાં સુધી આ કીર્તિ કાયમ છે ત્યાં સુધી જીવંત જ છે. ૭૭

વિવેચન : જેની ઉજ્જ્વળ કીર્તિ જીવંત છે તે માણસ શરીર પડવા છતાં જીવંત જ છે. હવે સર્વ ધનવાન કોણ, એ પ્રશ્નનો જવાબ આપે છે :-

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

तुल्ये प्रियाप्रिये यस्य सुखदुःखे तथैव च ।
अतीतानागते चोभे स वै सर्वधनी नरः ।।७८।।
તુલ્યે પ્રિયાપ્રિયે યસ્ય સુખદુઃખે તથૈવ ચ ।
અતીતાનાગતે ચોભે સ વૈ સર્વધની નરઃ ।।૭૮।।

જેને પ્રિય અને અપ્રિય, સુખ અને દુઃખ, ભૂત અને ભવિષ્ય સર્વ સમાન છે, તે માણસ જરૂર સર્વધની છે. ૭૮.

व्याख्यातः पुरुषो राजन्नश्च सर्वधनी नरः ।
तस्मात्त्वमेकं भ्रातॄणां यमिच्छसि स जीवतु ।।७९।।
વ્યાખ્યાતઃ પુરુષો રાજન્નશ્ચ સર્વધની નરઃ ।
તસ્માત્ત્વમેકં ભ્રાતૃણાં યમિચ્છસિ સ જીવતુ ।।૭૯।।

હે રાજન્ તેં અમને પુરુષ કોણ તથા સર્વધની માણસ કોને કહેવો તે બરાબર કહ્યું છે માટે આ બધા ભાઈઓમાંથી તું ઇચ્છે તે એકને મારા વરદાનથી સજીવન થવા દે. ૭૯.

युधिष्ठिर :

श्यामो च एष रक्ताक्षो बृहच्छाल इवास्थितः ।
व्यूढोरस्को महाबाहुर्नकुलो यक्ष जीवतु ।।८०।।
શ્યામો ચ એષ રક્તાક્ષો બૃહચ્છાલ ઇવાત્થિતઃ ।
વ્યૂઢોરસ્કો મહાબાહુર્નકુલો યક્ષ જીવતુ ।।૮૦।।

હે યક્ષ ! આ જે શ્યામ, રક્તનેત્ર, મહાન શાલવૃક્ષ જેવો પડયો છે તે વિશાલ વક્ષઃસ્થળવાળો મહાબાહુ નકુલ સજીવન થવા દે. ૮૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

प्रियस्ते भीमसेनोऽयमर्जुनो वः परायणम् ।
स कस्मान्नकुलं राजन्सापत्नं जीवमिच्छसि ।।८१।।
यस्य नागसहस्रेण दशसंख्येन वै बलम् ।
तुल्यं तं भीममुत्सृज्य नकुलं जीवमिच्छसि ।।८२।।
तमैनं मनुजाः प्राहुर्भीमसेनं प्रियं तव ।
अर्थे केनानुभावेन सापत्नं जीवमिच्छसि ।।८३।।
यस्य बाहुबलं सर्वे पांडवाः समुपासते ।
अर्जुनं तमपहाय नकुलं जीवमिच्छसि ।।८४।।

યક્ષ :-

પ્રિયસ્તે ભીમસેનોડયમર્જુનો વઃ પરાયણમ્ ।
સ કસ્માન્નકુલં રાજન્સાપત્નં જીવમિચ્છસિ ।।૮૧।।
યસ્ય નાગસહસ્રેણ દશસંખ્યેન વૈ બલમ્ ।
તુલ્યં તં ભીમમુત્સૃજ્ય નકુલં જીવમિચ્છસિ ।।૮૨।।
તમૈનં મનુજાઃ પ્રાહુર્ભીમસેન પ્રિયં તવ ।
અર્થે કેનાનુભાવેન સાપત્નં જીવમિચ્છસિ ।।૮૩।।
યસ્ય બાહુબલં સર્વે પાંડવા સમુપાસતે ।
અર્જુનં તમપહાય નકુલં જીવમિચ્છસિ ।।૮૪।।

આ ભીમસેન તને પ્રિય છે. આ અર્જુન તમારો આધાર છે. તેમ છતાં હે રાજન્ ! (તેમને છોડી) સાવકાભાઈ નકુલને શા માટે જીવાડવા ઈચ્છે ? ૮૧.

દશહજાર હાથીઓના જેટલું જેનું બળ છે તે ભીમને છોડીને નકુલને શા માટે જીવતો (થએલો) ઈચ્છે છે ? ૮૩.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એવો ભીમસેન તને પ્રિય છે એમ લોકો કહે છે ત્યારે (નકુલમાં) એવી કયી શક્તિ છે ? જેને લીધે એ સાવકો હોવા તાં તું એને જીવાડવા ઇચ્છે છે ? ૮૩.

જેના બાહુબળ પર સર્વે પાંડવો ઝઝૂમે છે તે અર્જુનને છોડીને નકુળને શા કારણથી જીવતો (થએલો) ઇચ્છે છે ? ૮૪.

धर्मो एव हतो हन्ति धर्मो रक्षति रक्षितः ।
तस्माद्धर्मं न त्यजामि मा नो धर्माहतोऽवधीत् ।।८५।।
आनुशंस्यं परो धर्मः परमार्थाच्च मे मतः ।
आनुशंस्यं चिकीर्षामि नकुलो यक्ष जीवतु ।।८६।।
धर्मशीलः सदा राजा इति मां मानवा विदुः ।
स्वधर्मान्न चलिष्यामि नकुलो यक्ष जीवतु ।।८७।।
कुन्ती चैव तु माद्री च द्वे भार्ये तु पितुर्मम ।
उभे सपुत्रे स्यातां वै इति मे धीयते मतिः ।।८८।।
यथा कुन्ती तथा माद्री विशेषो नास्ति मे तयोः ।
मातृभ्यां सममिच्छामि नकुलो यक्ष जीवतु ।।८९।।

યુધિષ્ઠિર :-

ધર્મ એવ હતો હન્તિ ધર્મો રક્ષતિ રક્ષિતઃ।
તસ્માદ્ધર્મં ન ત્યજામિ મા નો ધર્માહતોઽવધીત્ ।।૮૫।।
આનૃશંસ્યં પરો ધર્મ પરમાર્થાચ્ચ મે મતઃ ।
આનૃશંસ્યં ચિકીર્ષામિ નકુલો યક્ષ જીવતુ ।।૮૬।।
ધર્મશીલઃ સદા રાજા ઇતિ માં માનવા વિદુઃ ।
સ્વધર્માન્ન ચલિષ્યામિ નકુલો યક્ષ જીવતુ ।।૮૭।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કુન્તી ચૈવ તુ માદ્રી ચ દ્વે ભાર્યે તુ પિતુર્મમ ।
ઉભે સપુત્રે સ્યાતાં વૈ ઇતિ મે ધીયતે મતિઃ ॥૮૮॥
યથા કુન્તી તથા માદ્રી વિશેષો નાસ્તિ મે તયોઃ ।
માતૃભ્યાં સમમિચ્છામિ નકુલો યક્ષ જીવતુ ॥૮૯॥

ધર્મ જ, જો એનું હનન કરવામાં આવે તો, માણસને હણે છેઃ અને રક્ષણ કરવામાં આવે તો એ જ ધર્મ માણસને બચાવે છે. તેથી હું ધર્મને નથી છોડતો. (અમારે હાથે) ધર્મનું હનન થઈ એ અમને ન હણે ! ૮૫.

હું માનું છું કે સમદષ્ટિત્વ એ પરમાર્થથીએ મોટો ધર્મ છે. હું સમાન દૃષ્ટિ રાખવા ઇચ્છું છું (માટે) હે યક્ષ ! નકુલને જીવતો થવા દે. ૮૬

આ રાજા હંમેશા ધર્મને માર્ગે ચાલે છે એવી મારી લોકોમાં ખ્યાતિ છે. હું સ્વધર્મથી ચલાયમાન નહિ થઉ. હે યક્ષ ! નકુલને જીવતો થવા દે. ૮૭.

કુંતી અને માદ્રી બંને મારા પિતાની સ્રીઓ છે. મારી બુદ્ધિ કહે છે કે બંને પુત્રવતી રહે. ૮૮.

જેવી કુંતી તેવી માદ્રી-બંનેમાં મને કાંઈ ન્યૂનાધિક નથી. હું બંને માતાઓને સમતા ઇચ્છું છું (માટે) હે યક્ષ નકુલને જીવંત થવા દે. ૮૯.

યક્ષ :–

यस्य तेऽर्थाच्च कामाच्च आनृशंस्यं परं मतम् ।
तस्मात्ते भ्रातरः सर्वे जीवन्तु भरतर्षभ ॥९०॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

યક્ષ :-

યસ્ય તેઽર્થાચ્ચ કામાચ્ચ આનૃશંસ્યં પરં મતમ્ ।
તસ્માત્તે ભ્રાતરઃ સર્વે જીવન્તુ ભરતર્ષભ ॥૯૦॥

હે ભરતશ્રેષ્ઠ ! અર્થ ને કામથીએ તને સમદષ્ટિત્વ (ધર્મ) વધારે સંમત છે. તેથી (હે રાજન્) તારા સર્વે ભાઈઓ જીવંત થાઓ. ૯૦.

પ્રશ્નોત્તર પૂરા થયા. યક્ષની કૃપાથી ચારે ભાઈઓ ઊંઘમાંથી ઊઠે તેમ બેઠા થયા. જતાં જતાં સ્વસ્વરૂપે પ્રગટ યક્ષવેષધારી ધર્મે કહ્યું, હે શાંત યુધિષ્ઠિર ! હું તારો પિતા ધર્મ છું ને તારી પરીક્ષા કરવા માટે આવ્યો હતો.*

---

*यशः सत्यं दमः शौचमार्जवं ह्रीरचापलम् ।
दानं तपो ब्रह्मचर्यमित्येतास्तनवो मम ॥१॥
अहिंसा समता शान्तिस्तपः शौचममत्सरः ।
द्वाराण्येतानि मे विद्धि प्रियो ह्यसि सदा मम ॥२॥

યશઃ સત્યં દમઃ શૌચમાર્જવં હ્રીરચાપલમ્ ।
દાનં તપો બ્રહ્મચર્યમિત્યેતાસ્તનવો મમ ॥૧॥
અહિંસા સમતા શાન્તિસ્તપઃ શૌચમમત્સરઃ ।
દ્વારાણ્યેતાનિ મે વિદ્ધિ પ્રિયો હ્યસિ સદા મમ ॥૨॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

૨

।। प्रश्नोत्तररत्नमालिका ।।

कः खलु नालङ्क्रियते दृष्टादृष्टार्थ साधनपटियान् ।
अमुया कंठस्थितया प्रश्नोत्तररत्नमालिका ।।१।।

કઃ ખલુ નાલઙ્કિયતે દૃષ્ટાદૃષ્ટાર્થસાધનપટિયાન્ ।
અમુયા કંઠસ્થિતયા પ્રશ્નોત્તરરત્નમાલિકયા ।।૧।।

કંઠસ્થ રહેલી (મોઢે કરેલી, ગળામાં રહેલી) આ પ્રશ્નોત્તરરત્નમાલાથી દૃષ્ટ તથા અદૃષ્ટ વિષયોનાં સાધનોમાં ચતુર એવો કયો માણસ અલંકૃત નથી થતો ? અર્થાત્ આ પ્રશ્નોત્તરરત્નમાલાથી હરકોઈ માણસની શોભામાં વધારો થાય છે - પછી તે આ લોકના વૈભવની ઝંખના કરતો હોય કે પરલોકની ૧.

વિવેચન :- દૃષ્ટાર્થ એટલે આ લોકના વિષયો જેવા કે સ્ત્રી, ધન, કીર્તિ વગેરે; અને અદૃષ્ટાર્થ એટલે પારલૌકિક-સ્વર્ગાદિ

ઋજુતા હ્રી, અચાપલ, દાન, તપ ને બ્રહ્મચર્ય એજ મારું સ્વરૂપ છે; અને અહિંસા, સમતા, શાંતિ, તપ, શૌચ ને અમત્સર એજ મારી પ્રાપ્તિનાં સાધનો છે. તારા સદાચારથી હું પ્રસન્ન થયો છું. મારા આશીર્વાદથી થોડા જ સમયમાં ભાઈઓ ને દ્રૌપદી સહ વર્તમાનથી તું તારું નષ્ટ રાજ્ય પાછું મેળવીશ'' એમ કહી યક્ષ અંતર્ધાન થયો ને પેલી બ્રાહ્મણબાળાને લઈ ચારે ભાઈઓ સાથે યુધિષ્ઠિર સ્વસ્થાને પાછા આવ્યા ને બ્રાહ્મણને કન્યા અર્પણ કરી એનો આશીર્વાદ મેળવી આનંદથી દિન નિર્ગમન કરવા લાગ્યા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કે મોક્ષાદિ સુખ, મતલબ કે આ પ્રશ્નોત્તરમાલા આ લોક તેમ જ પરલોક બન્ને લોકના પ્રવાસીઓ માટે કલ્યાણકારક છે. એમાં સંસાર અને પરમાર્થ બન્ને સિદ્ધ કરવાનો માર્ગ બતાવેલો છે.

भगवन् किमुपादेयं गुरुवचनं हेयमपि च किमकार्यम् ।
को गुरुरधिगततत्त्वः शिष्यहितायोद्यतः सततम् ॥२॥

ભગવન્ કિમુપાદેયં ગુરુવચનં હેયમપિ ચ કિમકાર્યમ્ ।
કો ગુરુરધિગતતત્ત્વઃ શિષ્યહિતાયોદ્યત સતતમ્ ॥૨॥

પ્ર. હે ભગવન્ ગ્રહણ કરવા યોગ્ય શું છે ?

ઉ. સદ્‌ગુરુનું વચન.

પ્ર. ત્યજવા યોગ્ય ?

ઉ. ખોટું કૃત્ય.

પ્ર. ગુરુ કોને કહેવો ?

ઉ. જેણે (પરમાત્માનું) તત્ત્વ ચીન્યું હોય અને જે હંમેશાં શિષ્યના હિત માટે તત્પર હોય તેને. ૨

त्वरितं किं कर्तव्यं विदुषां संसारसन्ततिच्छेदः ।
किं मोक्षतरोर्बीजं सम्यग्ज्ञानं क्रियासिद्धम् ॥३॥

ત્વરિતં કિં કર્તવ્યં વિદુષાં સંસારસન્તતિચ્છેદઃ ।
કિં મોક્ષતરોર્બીજં સમ્યગ્જ્ઞાનં ક્રિયાસિદ્ધમ્ ॥૩॥

પ્ર. વિદ્વાન માણસોએ એકદમ શું કરવું જોઈએ ?

ઉ. સંસારના પ્રવાહનો નાશ.

પ્ર. મોક્ષરૂપી ઝાડનું બીજ શું ?

ઉ. ક્રિયાસિદ્ધ સંશયરહિત જ્ઞાન. ૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવેચન :- ક્રિયાસિદ્ધમ્ - મોઢાનું કે પુસ્તક્રિયા નહિ, પણ આચરણમાં ઉતારેલું.

कः पथ्यतरो धर्मः कः शुचिरिह यस्य मानसं शुद्धम् ।
कः पंडितो विवेकी किं विषमवधीरणा गुरुषु ।।४।।

કઃ પથ્યતરો ધર્મ કઃ શુચિરિહ યસ્ય માનસં શુદ્ધમ્ ।
કઃ પંડિતો વિવેકી કિં વિષમવધીરણા ગુરુષુ ।।૪।।

પ્ર. (બીજી કોઈપણ ચીજ કરતાં) વધારે કલ્યાણકારક શું છે ?

ઉ. ધર્મ.

પ્ર. આ જગતમાં પવિત્ર કોને કહેવો ?

ઉ. જેનું મન પવિત્ર છે તેને.

પ્ર. વિદ્વાન કોણ ?

ઉ. સાર શું અને અસાર શું તેનો વિચાર કરનાર.

પ્ર. ઝેર કયું ?

ઉ. ગુરુઓની (વડીલોની) અવગણના. ૪

વિવેચન :- ગુરુ - અહીંયા વડીલ અથવા આપણાથી કોઈ પણ રીતે શ્રેષ્ઠ હોય તેને માટે વપરાયો છે. શાસ્ત્રમાં નીચેના પાંચ જણાને ગુરુ કહ્યા છે :-

जनेता चोपनेता च यश्च विद्यां प्रयच्छति।
अन्नदाता भयत्राता पञ्चैते गुरवः स्मृताः ।।

(૧) જન્મ આપનાર - માતાપિતા; (૨) ઉપવીત જનોઈ સંસ્કાર - શૂદ્રમાંથી દ્વિજત્વમાં લાવનાર (પશુમાંથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

માણસ બનાવનાર; (૩) વિદ્યાદાન કરનાર; (૪) અન્નદાતા – પાલન પોષણ કરનાર; અને (૫) ભયમાંથી રક્ષણ કરી અભયદાન આપનાર.

किं संसारे सारं बहुशोऽपि विचिन्त्यमानमिदमेव ।
किं मनुजेष्विष्टतमं स्वपरहितायोद्यतं जन्म ।।५।।
કિં સંસારે સારં બહુશોડપિ વિચિન્ત્યમાનમિદમેવ ।
કિં મનુજેષ્વિષ્ટતમં સ્વપરહિતાયોદ્યતં જન્મ ।।૫।।

પ્ર. સંસારમાં સાર શું ?

ઉ. આ (આત્મતત્ત્વ) જ જેનો (વાદીઓ) અનેક પ્રકારે વિચાર કરે છે.

પ્ર. માણસોમાં સૌથી વધારે સારું શું ?

ઉ. પોતાના અને પારકાના કલ્યાણમાં તત્પર જીવન. ૫

વિવચેન :- बहुशो જુદા જુદા લોકો આત્મા વિષે જુદા જુદા ખ્યાલ ધરાવે છે, છતાં બધા પરોક્ષ કે પ્રત્યક્ષ રીતે એને જ ખોળી રહ્યા છે. તેથી સંસારમાં સાર આ આત્મતત્ત્વ જ (इदमेव) છે. અથવા આખી લીટીનો અર્થ આમ પણ કરી શકાય. વારંવાર અનેક પ્રકારે વિચાર કરતાં પણ આ સંસારમાં સાર શું છે ? ઉ. આ જ (इदमेव) ઉપરના શ્લોકમાં, અથવા આ પ્રશ્નોત્તરરત્ન માલિકામાં કહ્યું તે જ. અમને પ્રથમ અર્થ ઠીક લાગે છે.

मदिरेव मोहजनकः कः स्नेहः के च दस्यवो विषयाः ।
का भववल्ली तृष्णा को वैरी यस्त्वनुद्योगः ।।६।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

મદિરેવ મોહજનકઃ કઃ સ્નેહઃ કે ચ દસ્યવો વિષયાઃ ।
કા ભવવલ્લી તૃષ્ણા કો વૈરી યસ્ત્વનુદ્યોગઃ ॥૬॥

પ્ર. દારૂની માફક મોહ પમાડનાર કોણ છે ?

ઉ. સ્નેહ (શરીરાસક્તિ).

પ્ર. (સાચા) ચોર કયા ?

ઉ. વિષયો.

પ્ર. સંસારલતા કયી ?

ઉ. તૃષ્ણા.

પ્ર. વેરી કોણ ?

ઉ. ઉદ્યમ ન કરવો તે એદીપણું. ૬

વિવચેન :– તૃષ્ણારૂપી સંસારને અહીંયા વેલા સાથે સરખાવ્યો છે. જેવી રીતે એક વેલાનું સ્વરૂપ શરૂઆતમાં નહીં જેવું હોય છે અને તેમાંથી જોતજોતામાં આખા ઝાડ કે માંડવાને છાઈ નાખે એવું પ્રચંડ જાળું પેદા થાય છે. તેવી જ રીતે એક નજીવા તૃષ્ણાના અંકુરમાંથી જોતજોતામાં પ્રચંડ સંસારવૃક્ષ ઊભું થાય છે અને પોતાનાં ડાળાં પાંખડાંથી માણસના અંતરાકાશને ભેદી નાંખે છે.

कस्मादु भयमिह मरणादंधादिह को विशिष्यते रागी ।
कः शूरो यो ललनालोचनाबाणैर्न च व्यथितः ॥७॥

કસ્માદુ ભયમિહ મરણાદંધાદિહ કો વિશિષ્યતે રાગી ।
કઃ શૂરો યો લલનાલોચનબાણૈર્ન ચ વ્યથિતઃ ॥૭॥

પ્ર. આ જગતમાં (સૌથી મોટો) ડર શાનો છે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. મોતનો.

પ્ર. આંધળાથી પણ વધારે અંધો કોણ ?

ઉ. આસક્તિવાળો.

પ. શૂરો કોણ ?

ઉ. જે જુવાન સ્ત્રીનાં નેત્રરૂપી બાણોથી વીંધાતો નથી તે. ૭.

पातुं कर्णाञ्जलिभिः किममृतमिह युज्यते सदुपदेशः ।
किं गुरुताया मूलम् वदेतदप्रार्थनं नाम ।।८।।

પાતું કર્ણાઞ્જલિભિઃ કિમમૃતમિહ યુજ્યતે સદુપદેશઃ ।
કિં ગુરુતાયા મૂલમ્ વદેતદપાર્થનં નામ ।।૮।।

પ્ર. આ લોકમાં કર્ણાંજલિથી પીવા યોગ્ય અમૃત કયું છે ?

ઉ. સદુપદેશ.

પ્ર. મોટાઈનું મૂળ શું ?

ઉ. માગણવૃત્તિનો ત્યાગ ૮.

किं गहनं स्त्रीचरितं कश्चतुरो यो न खण्डितस्तेन ।
किं दुःखमसन्तोषः किं लाघवमधमतो याञ्चा ।।९।।

કિં ગહનં સ્ત્રીચરિતં કશ્ચતુરો યો ન ખંડિતસ્તેન ।
કિં દુઃખમસન્તોષઃ કિં લાઘવમધમતો યાઞ્ચા ।।૯।।

પ્ર. કળી ન શકાય એવું શું છે ?

ઉ. સ્ત્રીચરિત્ર.

પ્ર. બુદ્ધિમાન કોણ ?

ઉ. સ્ત્રીચરિત્રથી ડગતો નથી તે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. દુઃખ શું ?

ઉ. અસંતોષ.

પ્ર. લઘુતા (હલકાપણું) કઈ ?

ઉ. નીચ માણસ પાસે યાચના. ૯.

વિવેચન :– દુનિયામાં માગવું અને મરવું બે બરાબર છે. કેવળ પરોપકાર માટે જળની યાચના કરનાર વાદળાનું મ્હોં કાળું થઈ જાય છે તો પોતાની જાત માટે માગનારની શી સ્થિતિ થાય ! છતાં પ્રારબ્ધવશાત્ માગવાનો પ્રસંગ આવી જ પડે તો કોઈ ખાનદાન માણસ આગળ શબ્દો નાખી જોવા; પણ અધમ માણસને બારણે તો પ્રાણાન્તે પણ ન જ ઊભું રહેવું; કેમકે નીચ માણસ સ્હામાની નબળી દશાનો લાભ લઈ એની કોડીની કિંમત કરી નાંખે છે.

किं जीवितमनमद्यं किं जाड्यं पाठतोऽप्यनभ्यासः ।
को जागर्ति विवेकी का निद्रा मूढता जन्तोः ।।१०।।

કિં જીવિતમનવદ્યં કિં જાડ્યં પાઠતોઽપ્યનભ્યાસઃ ।
કો જાગર્તિ વિવેકી કા નિદ્રા મૂઢતા જન્તોઃ ।।૧૦।।

પ્ર. (સાચું) જીવન કયું ?

ઉ. જેમાં દોષ ન હોય તે; શુદ્ધ.

પ્ર. જડતા કઈ ?

ઉ. (લીધેલા) પાઠનોએ અભ્યાસ ન કરવો તે.

પ્ર. જાગે છે કોણ ?

ઉ. સારાસારનો વિચાર કરનાર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. નિદ્રા કઈ ?

ઉ. પ્રાણીની મૂઢતા. ૧૦.

नलिनीदलगतजलवत्तरलं किं यौवनं धनं चायुः ।
कथय पुनः के शशिनः किरणसमाः सज्जना एव ।।११।।
નલિનીદલગતજલવત્તરલં કિં યૌવનં ધનં ચાયુઃ ।
કથય પુનઃ કે શશિનઃ કિરણસમાઃ સજ્જના એવ ।।૧૧।।

પ્ર. કમળની પાંખડી પર રહેલાં જલબિંદુ માફક ચંચળ શું છે ?

ઉ. જુવાની, પૈસો અને જિંદગી.

પ્ર. ચંદ્રના કિરણ સમાન શીતળ અને આનંદદાયક કોણ છે ?

ઉ. માત્ર સંતો જ. ૧૧.

को नरकं परवशता किं सौख्यं सर्वसङ्गविरतिर्या ।
किं सत्यं भूतहितं प्रियं च किं प्राणिनामसवः ।।१२।।
કો નરકઃ પરવશતા કિં સૌખ્યં સર્વસંગવિરતિર્યા ।
કિં સત્યં ભૂતહિતં પ્રિયં ચ કિં પ્રાણિનામસવઃ ।।૧૨।।

પ્ર. નરક કયું ?

ઉ. પરાધીનતા.

પ્ર. સુખ ?

ઉ. સર્વસંગ પ્રત્યે ઉદાસીનતા.

પ્ર. સત્ય શું ?

ઉ. જેમાં પ્રાણીમાત્રનું કલ્યાણ રહેલું હોય તે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. પ્રાણીઓને (સૌથી વધારે) પ્રિય શું હોય છે ?

ઉ. (પોતાના) પ્રાણ. ૧૨.

कोऽनर्थफलो मानः का सुखदा साधुजनमैत्री ।
सर्वव्यसनविनाशे को दक्षः सर्वथा त्यागी ॥१३॥

કોऽનર્થફલો માનઃ કા સુખદા સાધુજનમૈત્રી ।
સર્વવ્યસનવિનાશે કો દક્ષઃ સર્વથા ત્યાગી ॥૧૩॥

પ્ર. પરિણામે દુઃખકારક શું છે ?

ઉ. માન.

પ્ર. સુખદાયક શું છે ?

ઉ. સાધુજનોની મિત્રતા.

પ્ર. સર્વ પ્રકારનાં વ્યસનોનો નાશ કરવામાં કોણ ખબરદાર રહે છે.

ઉ. જે સર્વ પ્રકારે ત્યાગી હોય તે. ૧૩.

વિવેચન :- અહીંથી માનને પરિણામે દુઃખકારક કહ્યું છે, કેમકે માનથી દેહાભિમાન વધે છે અને એથી માણસનું અંતે અધઃપતન થાય છે. તેથી સાધુપુરુષો માનને ઝેર સમાન ગણે છે.

कि मरणं मूर्खत्वं किं चानर्घं यदवसरे दत्तम् ।
आमरणात्किं शल्यं प्रच्छन्नं यत्कृतं पापम् ॥१४॥

કિ મરણં મૂર્ખત્વં કિં ચાનર્ઘં યદવસરે દત્તમ્ ।
આમરણાત્કિં શલ્યં પ્રચ્છન્નં યત્કૃતં પાપમ્ ॥૧૪॥

પ્ર. (સાચું) મરણ કયું ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. મૂર્ખતા.

પ્ર. અમૂલ્ય શું ?

ઉ. યોગ્ય અવસરે આપેલું દાન.

પ્ર. મરણપર્યંત (શરીરમાં ખૂંચેલા) બાણની આફક (દુઃખદાયક) શું છે ?

ઉ. છૂપી રીતે કરેલું પાપ. ૧૪.

વિવેચન :- છૂપી રીતે કરેલું પાપ માણસને આખી જિંદગી દુઃખ દીધા કરે છે કેમકે એને દરેક ક્ષણે એ બહાર પડવાનો ડર રહ્યા કરે છે અને તેથી એ ઠરીને બેસી શકતો નથી.

कुत्र विधेयो यत्नो विद्याभ्यासे सदौषधे दाने ।
अवधीरणा क्व कार्या खलपरयोषित्परधनेषु ।।१५।।

કુત્ર વિધેયો યત્નો વિદ્યાભ્યાસે સદૌષધે દાને ।
અવધીરણા કવ કાર્યા ખલપરયોષિત્પરધનેષુ ।।૧૫।।

પ્ર. પુરુષાર્થ કયાં કરવો ?

ઉ. વિદ્યાભ્યાસમાં, સારું ઔષધ (તૈયાર કરવામાં અને દરદીને આપવામાં), અને દાન આપવામાં.

પ્ર. કોના તરફ મન ન જવા દેવું ?

ઉ. દુર્જનો, પરસ્ત્રી અને પરધન તરફ. ૧૫

વિવેચન :- અવધીરણા એટલે તિરસ્કાર, તેની તરફ રાગથી નજર સરખી પણ ન નાખવી તે.

काहर्निशमनुचिन्त्या संसारासारता न तु प्रमदा ।
का प्रेयसी विधेया करुणा दीनेषु सज्जने मैत्री ।।१६।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કાહર્નિશમનુચિન્ત્યા સંસારાસારતા ન તુ પ્રમદા ।
કા પ્રેયસી વિધેયા કરુણા દીનેષુ સજ્જને મૈત્રી ।।૧૬।।

પ્ર. રાતદિવસ શાનું ચિંતન કરવું ?

ઉ. સંસારની અસારતાનું, સ્ત્રીનું નહીં.

પ્ર. ચાહના શાની રાખવી ?

ઉ. દુખિયાં પર દયા અને સજ્જનોની મૈત્રીની. ૧૬.

कण्ठगतैरप्यसुभिः कस्य ह्यात्मा न शक्यते जेतुम् ।
मूर्खस्य शङ्कितस्य च विषादिनो वा कृतघ्नस्य ।।१७।।

કણ્ઠગતૈરપ્યસુભિઃ કસ્ય હ્યાત્મા ન શક્યતે જેતુમ્ ।
મૂર્ખસ્ય શંકિતસ્ય ચ વિષાદિનો વા કૃતઘ્નસ્ય ।।૧૭।।

પ્ર. કંઠમાં પ્રાણ આવે તો પણ કોનું મન જીતી શકાય નહિ ?

ઉ. મૂરખનું, શંકાશીલનું, શોકાતુરનું અને કૃતઘ્નનું. ૧૭.

વિવેચન :- કૃતઘ્ન-કરેલો ઉપકાર ભૂલી જનાર. ફાવે તેટલો પ્રયત્ન કરવા છતાં પણ આવા માણસનું મન સંતોષી શકાય નહિ, કેમકે તેઓ સ્હામા માણસની દાનત વિષે હંમેશા શંકાશીલ હોય છે.

कः साधुः सद्वृत्तः कमधमाचक्षते त्वसद्वृत्तम् ।
केन जीतं जगदेतत्सत्यतितिक्षावता पुंसा ।।१८।।

કઃ સાધુઃ સદ્વત્તઃ કમધમમાચક્ષતે ત્વસદ્વૃત્તમ્ ।
કેન જિતં જગદેતત્સત્યતિતિક્ષાવતા પુંસા ।।૧૮।।

પ્ર. સાધુ કોણ ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. સારા આચરણવાળો.

પ્ર. અધમ કોણ ?

ઉ. દુરાચારી.

પ્ર. આ જગત કોણ જીતે છે ?

ઉ. સત્ય અને તિતિક્ષાવાળો માણસ. ૧૮.

વિવેચન :- તિતિક્ષા એટલે પ્રારબ્ધવશાત્ આવી પડેલાં સુખદુઃખ હસતે મોંઢે સહન કરવાં તે.

कस्मै नमांसि देवाः कुर्वन्ति दयाप्रधानाय ।
कस्मादुद्वेगः स्यात्संसाराण्यतः सुधियः ॥१९॥

કસ્મૈ નમાંસિ દેવાઃ કુર્વન્તિ દયાપ્રધાનાય ।
કસ્માદુદ્વેગઃ સ્યાત્સંસારારણ્યતઃ સુધિયઃ ॥૧૯॥

પ્ર. દેવો પણ કોને માથું નમાવે છે ?

ઉ. જેનામાં દયાનું પ્રાધાન્ય હોય તેને.

પ્ર. જ્ઞાનીને શાનાથી ઉદ્વેગ થાય છે ?

ઉ. સંસારરૂપી અરણ્યથી.

कस्य वशे प्राणिगणः सत्यप्रियभाषिणो विनीतस्य ।
क्व स्थातव्यं न्याय्ये पथि दृष्टादृष्टलाभाढ्ये ॥२०॥

કસ્ય વશે પ્રાણિગણઃ સત્યપ્રિયભાષિણો વિનીતસ્ય ।
ક્વ સ્થાતવ્યં ન્યાય્યે પથિ દૃષ્ટાદૃષ્ટલાભાઢ્યે ॥૨૦॥

પ્ર. પ્રાણીમાત્ર કોને વશ વર્તે છે ?

ઉ. જે સત્ય અને મધુર ભાષણ કરે છે અને વિનયથી વર્તે છે તેને.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. ક્યાં રહેવું ?

ઉ. દૃષ્ટ અને અદૃષ્ટ લાભથી પૂર્ણ એવા ન્યાયને રસ્તે. ૨૦.

कोऽन्धो योऽकार्यरतः को बधिरो यो हितानि न श्रुणोति ।
को मूको यः काले प्रियाणि वक्तुं न जानाति ॥२१॥

કોઽન્ધો યોઽકાર્યરતઃ કો બધિરો યો હિતાનિ ન શ્રુણોતિ ।
કો મૂકો યઃ કાલે પ્રિયાણિ વક્તું ન જાનાતિ ॥૨૧॥

પ્ર. આંધળો કોણ ?

ઉ. ન કરવા જેવા કામોમાં મંડયો રહેનાર.

પ્ર. બહેરો કોણ ?

ઉ. જે હિતવચન કાને ન ધરે તે.

પ્ર. મૂંગો કોણ ?

ઉ. જે યોગ્ય વખતે પ્રિય વેણ નથી ઉચ્ચારી શકતો તે. ૨૧.

किं दानमनाकाङ्क्षं किं मित्रं यो निवारयति पापात् ।
कोऽलङ्कारः शीलं किं वाचां मण्डनं सत्यम् ॥२२॥

કિં દાનમનાકાંક્ષં કિં મિત્રં યો નિવારયતિ પાપાત્ ।
કોલંકારઃ શીલં કિં વાચાં મણ્ડનં સત્યમ્ ॥૨૨॥

પ્ર. (સાચું) દાન કયું ?

ઉ. જેમાં બદલાની ઇચ્છા ન હોય તે.

પ્ર. મિત્ર કોણ ?

ઉ. જે પાપથી વારે તે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. સાચું ઘરેણું કયું ?

ઉ. ચારિત્ર.

પ્ર. વાણીનો અલંકાર ?

ઉ. સત્ય. ૨૨.

विद्युद्विलसितचपलं किं दुर्जनसंगतिर्युवतयश्च ।
कुलशीलनिष्प्रकम्पाः के कलिकालेपि सज्जना एव ।।२३।।
વિદ્યુદ્વિલસિતચપલં કિં દુર્જનસંગતિર્યુવતયશ્ચ ।
કુલશીલનિષ્પ્રકમ્પાઃ કે કલિકાલેડપિ સજ્જના એવ ।।૨૩।।

પ્ર. વીજળીના ઝબકારા જેવું ચંચળ શું છે ?

ઉ. દુર્જનોની સોબત અને સ્ત્રીઓ.

પ્ર. કલિકાળમાં પણ જેમના કુળ ને શીલ (સદ્વર્તન) ચલાયમાન નથી થતાં એવા કોણ છે ?

ઉ. માત્ર સજ્જનો. ૨૩

चिंतामणिरिव दुर्लभमिह किं कथयामि तच्चतुर्भद्रम् ।
किं तद्वदन्ति भूयो विधूततमसो विशेषेण ।।२४।।
ચિંતામણિરિવ દુર્લભમિહ કિં કથયામિ તચ્ચતુર્ભદ્રમ્ ।
કિં તદ્વદન્તિ ભૂયો વિધૂતતમસો વિશેષણ ।।૨૪।।

પ્ર. આ લોકમાં ચિંતામણિ જેવી દુર્લભ એવી કઈ ચાર ચીજો છે - અને જેમનાં પાપ નષ્ટ થયાં છે એવા જ્ઞાની લોકો ખાસ કરીને કઈ ચીજોને એવી કહે છે - તે કહું છું. ૨૪.

दानं प्रियवाक्सहितं ज्ञानमगर्वं क्षमान्वितं शौर्यम् ।
वित्तं त्यागसमेतं दुर्लभमेतच्चतुर्भद्रम् ।।२५।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દાનં પ્રિયવાક્સહિતં જ્ઞાનમગર્વં ક્ષમાન્વિતં શૌર્યમ્ ।
વિત્તં ત્યાગસમેતં દુર્લભમેતચ્ચતુર્ભદ્રમ્ ॥૨૫॥

૧. મીઠા શબ્દોથી આપેલું દાન; ૨. ગર્વરહિત જ્ઞાન; ૩. ક્ષમાયુક્ત શૌર્ય અને ૪. દાનની સાથે ધન - આ દુર્લભ છે. ૨૫.

किं शोच्यं कार्पण्यं सति विभवे किं प्रशस्तमौदार्यम् ।
कः पूज्यो विद्वद्भिः स्वभावतः सर्वदा विनीतो यः ॥२६॥
કિં શોચ્યં કાર્પણ્યં સતિ વિભવે કિં પ્રશસ્તમૌદાર્યમ્ ।
કઃ પૂજ્યો વિદ્વદ્ભિઃ સ્વભાવતઃ સર્વદા વિનીતો યઃ ॥૨૬॥

પ્ર. શોક કરવા યોગ્ય શું ?

ઉ. કૃપણતા.

પ્ર. પૈસો હોય ત્યારે વખાણવા લાયક શું ?

ઉ. ઉદારતા.

પ્ર. વિદ્વાનોએ (પણ) કોણ પૂજવા યોગ્ય છે ?

ઉ. સ્વભાવથી જ હંમેશા વિનયી હોય તે. ૨૬.

कः कुलकमलदिनेशो सति गुणविभवेऽपि यो नम्रः ।
कस्य वशे जगदेतत्प्रियहितवचनस्य धर्मनिरतस्य ॥२७॥
કઃ કુલકમલદિનેશો સતિ ગુણવિભવેઽપિ યો નમ્રઃ ।
કસ્ય વશે જગદેતત્પ્રિયહિતવચનસ્ય ધર્મનિરતસ્ય ॥૨૭॥

પ્ર. કુળરૂપી કમળને (વિકસિત કરનાર) સૂર્ય કોણ ?

ઉ. ગુણોનો ભંડાર હોવા છતાં જે નમ્ર છે તે.

પ્ર. આ જગત કોને વશ થાય છે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. જે પ્રિય અને હિતકારક વચન બોલે છે. અને ધર્મને મારગ ચાલે છે તેને. ૨૭.

विद्वन्मनोहरा का सत्कविता बोधवनिता च ।
कं न स्पृशति विपत्तिः प्रवृद्धवचनानुवर्तिनं दान्तम् ।।२८।।

વિદ્વન્મનોહરા કા સત્કવિતા બોધવનિતા ચ ।
કં ન સ્પૃશતિ વિપત્તિઃ પ્રવૃદ્ધવચનાનુવર્તિનં દાન્તમ્ ।।૨૮।।

પ્ર. જ્ઞાનીઓનું મન હરણ કરનાર કોણ ?

ઉ. સત્કાવ્ય અને જ્ઞાનરૂપી સ્ત્રી.

પ્ર. વિપત્તિ કોને સ્પર્શ નથી કરતી ?

ઉ. મોટેરાંના કહ્યા પ્રમાણે ચાલનાર અને ઈંદ્રિયદમન કરનારને. ૨૮.

कस्मै स्पृहयति कमला त्वनमलसचित्ताय नीतिवृत्ताय ।
त्यजति च कं सहसा द्विजगुरुसुरनिन्दाकरं च सालस्यम् ।।२९।।

કસ્મૈ સ્પૃહયતિ કમલા ત્વનલસચિત્તાય નીતિવૃત્તાય ।
ત્યજતિ ચ કં સહસા દ્વિજગુરુસુરનિંદાકરં ચ સાલસ્યમ્ ।।૨૯।।

પ્ર. લક્ષ્મી કોની ઇચ્છા કરે છે ?

ઉ. જેના મનમાં આળસ નથી અને જે નીતિને માર્ગે ચાલે છે તેની.

પ્ર. અને એકદમ કોનો ત્યાગ કરે છે ?

ઉ. દેવ, ગુરુ, અને દ્વિજની નિંદા કરનારનો તથા આળસુનો. ૨૯.

વિવેચન :- દ્વિજ- જનોઈના સંસ્કાર પછી માણસ દ્વિજ કહેવાય

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છે. જનોઈનો સંસ્કાર એ એનો બીજો જન્મ ગણાય છે. માતાના ઉદરમાંથી જન્મ એ પ્રથમ જન્મ. દ્વિજત્વ પ્રાપ્ત કર્યા પછી એને વેદાધ્યયનયનો અધિકાર પ્રાપ્ત થાય છે. દ્વિજત્વ એટલે પશુ મટીને (શૂદ્ર મટીને) સાચો માણસ (બ્રાહ્મણ) બનવાની તૈયારી. એ વગર ખાલી જનોઈનો તાંતણો પહેરી રાખનાર માણસ તો હેવાન જ છે અને પોતાના બ્રાહ્મણત્વને લજવે છે.

कुत्र विधेया वासः सज्जननिकटेऽथवा काश्याम् ।
कः परिहार्यो देशः पिशुनयुतो लुब्धभूपश्च ।।३०।।

કુત્ર વિધયો વાસઃ સજ્જનનિકટેડથવા કાશ્યામ્ ।
કઃ પરિહાર્યો દેશઃ પિશુનયુતો લુબ્ધભૂપશ્ચ ।।૩૦।।

પ્ર. નિવાસ કયાં કરવો ?

ઉ. સાધુસંતોની પાસે અથવા કાશીમાં.

પ્ર. કયો દેશ ત્યજવા યોગ્ય છે ?

ઉ. જેમાં ચાડીઆઓ (પુષ્કળ) હોય અને જ્યાંનો રાજા લોભી હોય તે. ૩૦.

વિવેચન :- काशी જેમાં વિદ્યાનો પ્રકાશ મળી શકે. (काश् પ્રકાશવું) એવું કાશી જેવું કોઈ પણ વિદ્યાક્ષેત્ર.

केनाशोच्यः पुरुषः प्रणतकलत्रेण धीरविभवेन ।
इह भुवने कः शोच्यः सत्यपि विभवेण यो न दाता ।।३१।।

કેનાશોચ્યઃ પુરુષઃ પ્રણતકલત્રેણ ધીરવિભવેન ।
ઈહ ભુવને કઃ શોચ્યઃ સત્યપિ યો ન દાતા ।।૩૧।।

પ્ર. માણસને શાનાથી શોક કરવાનો પ્રસંગ નથી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આવતો ?

ઉ. નમ્ર સ્ત્રી અને સ્થિર વૈભવથી.

પ્ર. આ જગતમાં શોક કરવા યોગ્ય કોણ ?

ઉ. પૈસો હોવા છતાં જે દાન નથી આપતો તે. ૩૧

किं लगुताया मूलं प्राकृतपुरुषेषु या याञ्चा ।
रामादपि कः शूरः स्मरशरनिहतो न यश्चलति ।।३२।।
કિં લઘુતાયા મૂલં પ્રાકૃતપુરુષેષુ યા યાંચા ।
રામાદપિ કઃ શૂરઃ સ્મરશરનિહતો ન યશ્ચલતિ ।।૩૨।।

પ્ર. લઘુતાનું મૂળ શું ?

ઉ. ક્ષુદ્ર લોકો પાસે યાચના.

પ્ર. રામ કરતા પણ વધારે શૂરવીર કોણ ?

ઉ. કામનાં બાણ વાગ્યા છતાં પણ જે ચલાયમાન નથી થતો તે. ૩૨.

किमहर्निशमनुचित्यं भगवच्चरणं न संसारः ।
चक्षुष्मन्तोऽप्यन्धाः के स्युर्ये नास्तिका मनुजाः ।।३३।।
કિમહર્નિશમનુચિત્યં ભગવદચ્ચરણં ન સંસારઃ।
ચક્ષુષ્મન્તોડપ્યન્ધાઃ કે સ્યુર્યે નાસ્તિકા મનુજાઃ ।।૩૩।।

પ્ર. રાતદિવસ શાનું ચિંતન કરવું ?

ઉ. ભગવાનનાં ચરણોનું, સંસારનું નહિ.

પ્ર. આંખો છતાં આંધળા કોણ છે ?

ઉ. નાસ્તિક લોકો. ૩૩

વિવેચન :- નાસ્તિક લોકો ખરે જ છતી આંખોએ આંધળા છે,

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કેમકે રાતદિવસ ઈશ્વરી સૃષ્ટિના ચમત્કારો નજરોનજર નિહાળવા છતાં જગતકર્તાને માનતા નથી.

कः पङ्गुरिह प्रथितो व्रजति न यो वार्धके तीर्थम् ।
किं तीर्थमपि च मुख्यं चित्तमलं यन्निवर्तयति ।।३४।।

કઃ પંગુરિહ પ્રથિતો વ્રજતિ ન યો વાર્ધકે તીર્થમ્ ।
કિં તીર્થમપિ ચ મુખ્યં ચિત્તમલં યન્નિવર્તયતિ ।।૩૪।।

પ્ર. અહીંયા પાંગળો કોણ ?

ઉ. જે ઘડપણમાં (પણ) તીર્થયાત્રા નથી કરતો તે.

પ્ર. મુખ્ય તીર્થ કયું ?

ઉ. જે ચિત્તનો મેલ ધોઈ નાખે તે. ૩૪.

વિવેચન :- અહીંયા ઘડપણમાં તીર્થયાત્રા ન કરનારને પાંગળો કહ્યો છે. એનો અર્થ એ નથી કે જુવાનીમાં તીર્થયાત્રા ન કરવી. પણ સાધારણતઃ જુવાનીમાં માણસ સંસારના હજાર રગડાઓમાં પડેલો હોય છે. એટલે એનાથી તીર્થ યાત્રાદિ નિશ્ચિંતે થઈ શકતાં નથી; અને ઘણાં લોકો તો એવા પણ હોય છે કે ઘડપણમાં પણ તેઓ સંસારના રગડામાંથી મુક્ત થઈ પરમાર્થ માટે પુરુષાર્થ કરી શકતા નથી. તેવા લોકોને માટે અહીંયા ઉપદેશ છે કે જુવાની તો એળે ગઈ પણ ઘડપણમાં તો માણસે અવશ્ય કંઈક પારમાર્થિક સાધન કરવું જોઈએ. બાકી ધર્મકાર્ય માટે તો સદા શુભકાળ જ છે.

પ્રથમ પંક્તિમાં તીર્થયાત્રાનો ઉપદેશ કરી બીજી લીટીમાં તીર્થ કોને કહેવું તે સમજાવ્યું છે - મનનો મેલ દૂર કરે તે તીર્થ;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

'અડસઠ તીરથ' કરી આવ્યા છતાં પણ જો 'તુંબડી' કડવીને કડવી રહી તો એ તીરથમાં કંઈ અર્થ નથી. તીર્થયાત્રાનો મુખ્ય હેતુ તો ત્યાં રહેતા મહાત્માઓનો સમાગમ કરી એમના ઉપદેશ જળથી પોતાના અંતઃકરણનો મેલ ધોવાનો છે – અને એવા મહાત્માઓ રહેતા હોય એજ સાચું તીર્થ છે. પછી એ વન હોય કે નગર હોય, કોઈ પવિત્ર નદીકિનારો હોય કે ગામની ભાગોળે આવેલો ઉકેડો હોય; કેમકે ત્યાં જવાથી જ મનનો મેલ ધોવાવાનો સંભવ છે. નર્મદાખંડમાં કહ્યું છે કે,

न तीर्थतां जलस्याहुर्नं स्थलस्य वनस्य वा।
यदध्यासितमर्हद्भिस्तद्वै तीर्थं विदुर्बुधाः ।।
ન તીર્થતાં જલસ્યાહુર્નં સ્થલસ્ય વનસ્ય વા।
યદધ્યાસિતમર્હદ્ભિસ્તદ્વૈ તીર્થં વિદુર્બુધાઃ ।।

તીર્થનું તીર્થપણું નથી જળમાં કે નથી સ્થળમાં કે નથી વનમાં. ખરેજ જ્યાં મહાત્માઓ વસે છે તેને જ જ્ઞાનીઓ તીર્થ તરીકે ઓળખે છે.

किं स्मर्तव्यं पुरुषैर्हरिनाम सदा न यावनी भाषा ।
को हि न वाच्यः सुधिया परदोषश्चानृतं तद्वत् ।।३५।।
કિં સ્મર્તવ્યં પુરુષૈહરિનામ સદા ન યાવની ભાષા ।
કો હિ ન વાચ્યઃ સુધિયા પરદોષશ્ચાનૃતં તદ્વત્ ।।૩૫।।

પ્ર. માણસોએ સ્મરણ શાનું કરવું ?
ઉ. પરમાત્માના નામનું યાવની ભાષાનું નહિ.
પ્ર. સારા માણસે શાનો ઉચ્ચાર ન કરવો ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. બીજાના દોષનો તેમજ અસત્યનો. ૩૫

વિવેચન :- યાવની ભાષા–યવનોને શોભે એવી; અનાર્ય–અશ્લીલ વાણી. (૨) યવન. એટલે સંકરમિશ્ર રક્તનો–અને તે ઉપરથી યાવની ભાષા એટલે – ઢેડ ગુર્જરી–ભાષા.

किं सम्पाद्यं मनुजैर्विद्या वित्तं बलं यशः पुण्यम् ।
कः सर्वगुणविनाशी लोभः शत्रुश्च कः काम ।।३६।।
કિં સંપાદ્યં મનુજૈઃ વિદ્યા વિત્તં બલં યશઃ પુણ્યમ્ ।
કઃ સર્વગુણવિનાશી લોભઃ શત્રુશ્ચ કઃ કામઃ ।।૩૬।।

પ્ર. માણસોએ શું સંપાદન કરવું ?
ઉ. વિદ્યા, ધન, બળ, આબરૂ, અને પુણ્ય.
પ્ર. સર્વ ગુણોનો નાશ કરનાર શું છે ?
ઉ. લોભ.
પ્ર. શત્રુ કોણ ?
ઉ. કામ. ૩૬.

का च सभा परिहार्या हीना या वृद्धसचिवेन ।
इह कुत्रावहितः स्यान्मनुजः किल राजसेवायाम् ।।३७।।
કા ચ સભા પરિહાર્યા યા વૃદ્ધસચિવેન ।
ઈહ કુત્રોવહિતઃ સ્યાન્મનુજઃ કિલ રાજસેવાયામ્ ।।૩૭।।

પ્ર. કઈ સભાનો ત્યાગ કરવો જોઈએ ?
ઉ. જેમાં કોઈ જ્ઞાનવૃદ્ધ સલાહકાર ન હોય તે.
પ્ર. અહીંયા માણસે શામાં સાવધ રહેવાની જરૂર છે ?
ઉ. રાજસેવામાં. ૩૭

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવેચન :- રાજસેવાનું કામ ઘણું વિકટ છે. કહેવત કે 'રાજા વાજાં ને વાંદરાં.' એ ત્રણને રીઝતાંએ વાર નહિ ને ખીજતાંએ વાર નહિ. જો રાજસેવામાં જરાયે કસૂર થાય તો પહેલાં કરેલી બધી સેવા પર પાણી ફરી જાય છે. વળી રાજસેવાનું કામ બેધારી તલવાર પર ચાલવા જેવું છે. જો માણસ રાજાને સંતુષ્ટ રાખવા જાય તો એનાથી રૈયતનું કામ બગડે છે ને રૈયત વિફરે છે અને રૈયતનું મન રાખવા જતાં રાજાની ખફામરજી થાય છે. બંનેને સંતુષ્ટ રાખી કામ કરવું બહુ મુશ્કેલ છે. તેથી રાજસેવામાં માણસે બહુ સાવધ રહેવાની જરૂર છે. ડાહ્યા માણસે તો રાજસેવાની શૃંખલામાં ન જકડાવું એજ ઉત્તમ છે.

પણ આ વ્યાવહારિક વિચાર થયો. પરમાર્થમાં રાજાનો અર્થ સ્વયંપ્રકાશ આત્મા (પ્રકાશવું એ ધાતુ ઉપરથી) એવો થાય છે. પરમાર્થને પંથે ગમન કરનાર માણસ પરમાત્મા વગર બીજા કોઈને રાજા તરીકે સ્વીકારતો નથી. આવા માણસે પણ રાજસેવામાં (આત્મોન્નતિની સાધનામાં) અત્યંત દક્ષ રહેવાની જરૂર છે, કારણકે શેતાન ક્યારે જોર કરે તેનો નિયમ નથી. થોડો પ્રમાદ વર્ષોની કરેલી કમાણી ધૂળમાં મેળવી દે છે.

प्राणादपि को रम्यः कुलधर्मः साधुसङ्गश्च ।
का संरक्ष्या कीर्तिः पतिव्रता नैजबुद्धिश्च ॥३८॥

પ્રાણાદપિ કો રમ્યઃ કુલધર્મઃ સાધુસંગશ્ચ ।
કા સંરક્ષ્યા કીર્તિઃ પતિવ્રતા નૈજબુદ્ધિશ્ચ ॥૩૮॥

પ્ર. પ્રાણથીએ વધારે સુંદર શું છે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. કુલધર્મ અને સંત સમાગમ.

પ્ર. શાનું સંરક્ષણ કરવાની જરૂર છે ?

ઉ. આબરૂ, પતિવ્રતાસ્ત્રી, અને પોતાની બુદ્ધિ (કેમકે એના સંરક્ષણમાં માણસ જરાપણ બેદરકાર રહે તો ડાઘ લાગતાં વાર નથી લાગતી.) ૩૮

વિવેચન :- કુલધર્મ એટલે કુલ પરંપરા દ્વારા કુલમાં જીવંત રહેલો ધર્મ–કુળની ધાર્મિક વિશિષ્ટતાઓ અને પ્રગતિનો પેઢી દર પેઢી ઉતરી આવેલો ઇતિહાસ, જેના સ્મરણ અને આચરણથી કુળ અવનતિના ખાડામાં પડનું અટકી શકે.

का कल्पलता लोके सच्छिष्यायार्पिता विद्या ।
कोऽक्षयवटवृक्षः स्याद्विधिवत्सत्पात्रदत्तदानं यत् ॥३९॥
કા કલ્પલતા લોકે સચ્છિષ્યાયાર્પિતા વિદ્યા ।
કોડક્ષયવટવૃક્ષઃ સ્યાદ્વિધિવત્સત્પાત્રદત્તદાનં યત્ ॥૩૯॥

પ્ર. અક્ષયવટવૃક્ષ કયું ?

ઉ. સત્પાત્રને વિધિવત્ આપેલું દાન. ૩૯

किं शस्त्रं सर्वेषां युक्तिर्माता च का धेनुः ।
किं नु बलं यद्धैर्यं को मृत्युर्यदवधानरहितत्त्वम् ॥४०॥
કિં શસ્ત્રં સર્વેષાં યુક્તિર્માતા ચ કા ધેનુઃ ।
કિં નુ બલં યદ્ધૈર્યં કો મૃત્યુર્યદવધાનરહિતત્ત્વમ્ ॥૪૦॥

પ્ર. બધા વાપરી શકે એવું શસ્ત્ર કયું ?

ઉ. યુક્તિ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. માતા કઈ ?

ઉ. ગાય.

પ્ર. બળ ?

ઉ. ધીરજ.

પ્ર. મોત ?

ઉ. આત્મવિસ્મરણ; પ્રમાદ. ૪૦

कुत्र विषं दुष्टजने किमिहाशौचं भवेदृणं नृणाम् ।
किमयमिह वैराग्यं भयमिह किं वित्तमेव सर्वेषाम् ।।४१।।

કુત્ર વિષં દુષ્ટજને કિમિહાશૌચં ભવેદણં નૃણામ્ ।
કિમભયમિહ વૈરાગ્યં ભયમિહ કિં વિત્તમેવ સર્વેષામ્ ।।૪૧।।

પ્ર. ઝેર ક્યાં છે ?

ઉ. દુર્જનોમાં.

પ્ર. આ લોકમાં અશૌચ શું છે ?

ઉ. માણસને માથે દેવું હોવું તે.

પ્ર. આ લોકમાં અભય શું ?

ઉ. વૈરાગ્ય.

પ્ર. ભય ?

ઉ. પૈસો. ૪૧

का दुर्लभा नराणां हरिभक्तिः पातकं च किं हिंसा ।
को हि भगवत्प्रियः स्याद्योऽन्यं नोद्वेजयेदनुद्विग्नः ।।४२।।

કા દુર્લભા નરાણાં હરિભક્તિઃ પાતકં ચ કિં હિંસા ।
કો હિ ભગવત્પ્રિયઃ સ્યાદ્યોઽન્યં નોદ્વેજયેદનુદ્વિગ્નઃ ।।૪૨।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. લોકોને માટે દુર્લભ શું છે ?

ઉ. હરિભજન.

પ્ર. પાપ કયું ?

ઉ. હિંસા.

પ્ર. ભગવાનને કોણ પ્રિય છે ?

ઉ. જે જાતે ખેદ નથી પામતો અને બીજાને ખેદ નથી પમાડતો તે. ૪૨

कस्मात्सिद्धिस्तपसो बुद्धिः क्व नु भूसुरे कुतो बुद्धिः ।
वृद्धोपसेवया के वृद्धा ये धर्मतत्त्वज्ञाः ।।४३।।

કસ્માત્સિદ્ધિસ્તપસો બુદ્ધિઃ કવ નુ ભૂસુરે કુતો બુદ્ધિઃ ।
વૃદ્ધોપસેવયા કે વૃદ્ધા યે ધર્મત્ત્તવજ્ઞાઃ ।।૪૩।।

પ્ર. સિદ્ધિ શાનાથી પ્રાપ્ત થાય છે ?

ઉ. તપથી.

પ્ર. કોનામાં બુદ્ધિ (જ્ઞાન) હોય છે ?

ઉ. બ્રાહ્મણમાં.

પ્ર. એ જ્ઞાન શાથી પ્રાપ્ત થાય છે ?

ઉ. વૃદ્ધોની સેવાથી.

પ્ર. વૃદ્ધો કોણ ?

ઉ. ધર્મનું તત્ત્વ (રહસ્ય) જાણનાર. ૪૩

सम्भावितस्य मरणादधिकं किं दुर्यशो भवति ।
लोके सुखी भवेत्को धनवान्धनमपि च किं यतश्चेष्टम् ।।४४।।

સમ્ભાવિતસ્ય મરણાદધિકં કિં દુર્યશો ભવતિ ।
લોકે સુખી ભવેત્કો ધનવાન્ધનમપિ ચ કિં યતશ્ચેષ્ટમ્ ।।૪૪।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. આબરુદારને માટે મરણથી પણ વધારે (દુઃખદાયક) શું છે ?

ઉ. અપકીર્તિ.

પ્ર. દુનિયામાં સુખ કોણ પ્રાપ્ત કરે છે ?

ઉ. ધનવાન.

પ્ર. ધન કયું ?

ઉ. જેનાથી ઇષ્ટવસ્તુની પ્રાપ્તિ થાય છે તે. ૪૪

વિવેચન :- દરેક માણસ સુખને માટે તલસે છે. તેથી સુખ એજ દરેક માણસની ઇષ્ટ વસ્તુ છે. અહીંયાં ધનની વ્યાખ્યા કરી છે, કે જેનાથી ઇષ્ટવસ્તુની પ્રાપ્તિ થાય તે ધન. દરેક માણસના દુઃખનું કારણ અજ્ઞાન છે; અને અજ્ઞાનનો નાશ કરી શાશ્વત સુખની પ્રાપ્તિ કરાવી આપે એવું જ્ઞાન જ છે. માટે જ્ઞાન એજ સાચું ધન છે.

सर्वसुखानां बीजं किं पुण्यं दुःखमपि कुतः पापात् ।
कस्यैश्वर्यं यः किल शङ्करमाराधयेद्भक्त्या ।।४५।।

સર્વ સુખાનાં બીજં કિં પુણ્યં દુઃખમપિ કુતઃ પાપાત્ ।
કસ્યૈશ્વર્યં યઃ કિલ શંકરમારાધયેદ્ભક્ત્યા ।।૪૫।।

પ્ર. સર્વ સુખનું બીજ શું ?

ઉ. પુણ્ય.

પ્ર. દુઃખનું કારણ ?

ઉ. પાપ.

પ્ર. ઐશ્વર્ય કોને પ્રાપ્ત થાય છે ?

ઉ. જે ભક્તિથી શંકરની આરાધના કરે છે તેને. ૪૫

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવેચન :- અહીંયાં શંકર શબ્દ હેતુપૂર્વક મૂકેલો છે. શંકર એ ત્યાગની મૂર્તિ છે. જે ભક્તિભાવથી ત્યાગની આરાધના કરે છે તેની ઐશ્વર્ય પગચંપી કરે છે, એવો ગૂઢ આશય એમાં રહેલો છે.

को वर्धते विनीतः को वा हीयेत यो दृप्तः ।
को न प्रत्येतव्यो ब्रूते यश्चानृतं शश्वत् ।।४६।।

કો વર્ધતે વિનીતઃ કો વા હીયેત યો દૃપ્તઃ।
કો ન પ્રત્યેતવ્યો બ્રૂતે યશ્ચાનૃતં શશ્વત્ ।।૪૬।।

પ્ર. ઊંચો કોણ ચઢે છે ?

ઉ. વિનયી.

પ્ર. પડે છે કોણ ?

ઉ. અભિમાની.

પ્ર. કોણ વિશ્વાસ રાખવા લાયક નથી ?

ઉ. જે હંમેશાં જૂઠું બોલે છે તે. ૪૬

साधुबलं किं दैवं कः साधुः सर्वदा तुष्टः ।
दैवं किं सुकृती श्लाघ्यते च यः सद्भिः ।।४७।।

સાધુબલં કિં દૈવં કઃ સાધુઃ સર્વદા તુષ્ટઃ ।
દૈવં કિં સુકૃતં શ્લાઘ્યતે ચ યઃ સદ્ભિઃ ।।૪૭।।

પ્ર. સાધુનું બળ શું ?

ઉ. દૈવ (દેવતાઈ).

પ્ર. સાધુ કોણ ?

ઉ. સદા સંતુષ્ટ.

પ્ર. દૈવ એટલે શું ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. પુણ્ય.

પ્ર. પુણ્યવાન કોણ ?

ઉ. સારા માણસો જેના ગુણ ગાય તે. ૪૭

गृहमेधिनश्च मित्रं किं भार्या को गृही च यो यजते ।
को यज्ञो यः श्रुत्या विहितः श्रेयस्करो नृणाम् ॥४८॥

ગૃહમેધિનશ્ચ મિત્રં કિં ભાર્યા કો ગૃહી ચ યો યજતે ।
કો યજ્ઞો યઃ શ્રુત્યા વિહિતઃ શ્રેયસ્કરો નૃણામ્ ॥૪૮॥

પ્ર. ગૃહસ્થાશ્રમીનો મિત્ર કોણ ?

ઉ. પત્ની.

પ્ર. (સાચો) ગૃહસ્થ કોણ ?

ઉ. જે યજન કરે તે.

પ્ર. યજ્ઞ કયો ?

ઉ. જે શ્રુતિવિહિત હોય અને જેનાથી લોકોનું કલ્યાણ થાય તે. ૪૮

વિવેચન :- શાસ્ત્રે દરેક ગૃહસ્થોના માથે નિત્ય બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ, અને મનુષ્યયજ્ઞ એ પંચમહાયજ્ઞો કરવાની ફરજ નાખેલી છે. એ ફરજ અદા કરનાર જ સાચો ગૃહસ્થ છે. કેવળ પશુપ્રાય જીવન ગાળી પ્રજોત્પાદન કરવામાં જ ગૃહસ્થાશ્રમની ઇતિકર્તવ્યતા નથી.

(૧) બ્રહ્મયજ્ઞ-વેદાદિ શાસ્ત્રાધ્યયન અને અધ્યાપન કરી જ્ઞાનદીપ અખંડ બળતો રાખવો તે. (૨) દેવયજ્ઞ જગન્નિયંતા પરમેશ્વરનું પૂજન અર્ચન, જયંતિ ઉત્સવાદિ કરી, કુળમાં ધર્મની

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જ્યોત બૂઝાવા ન દેવી તે. (૩) પિતૃયજ્ઞ-શ્રાદ્ધાદિ કર્મોથી પિતૃઓ પ્રત્યેની કૃતજ્ઞતા બુદ્ધિ જાહેર કરી એમની ઉજ્જ્વળ કીર્તિમાં જરા પણ ઝાંખ ન લાગે અને એ ઉત્તરોત્તર વધતી જાય એવાં કૃત્યો કરવાં તે. (૪) ભૂતયજ્ઞ પોતાની આસપાસ રહેતાં પશુપક્ષ્યાદિ સર્વ દશ્યાદશ્ય પ્રાણીઓના કલ્યાણાર્થે યત્ન કરવો તે (ભૂતદયા). (૫) મનુષ્યયજ્ઞ-મન, વચન ને કર્મથી લોકકલ્યાણાર્થે પ્રયત્ન કરવો તે. અતિથિ સત્કાર ભૂખ્યાંને ભોજન, તરસ્યાંને પાણી, નાગાને વસ્ત્ર વગેરે તથા અન્ય સમાજ-સેવાનાં કામોનો એમાં સમાવેશ થાય છે.

कस्य क्रिया हि सफला यः पुनराचारवाञ्छिष्टः ।
कः शिष्टो यो वेदप्रमाणवान्को हतः क्रियाभ्रष्टः ।।४९।।

કસ્ય ક્રિયા હિ સફલા યઃ પુનરાચારવાઞ્છિષ્ટઃ ।
કઃ શિષ્ટો યો વેદપ્રમાણવાન્કો હતઃ ક્રિયાભ્રષ્ટઃ ।।૪૯।।

પ્ર. કોની ક્રિયા સફળ થાય છે ?

ઉ. જેનું આચરણ શુદ્ધ અને જે શિષ્ટ (સુશિક્ષિત) હોય તેની.

પ્ર. શિષ્ટ કોણ ?

ઉ. વેદાનુયાયી.

પ્ર. નાશ કોણ પામે છે ?

ઉ. ભ્રષ્ટ કર્મોનો કરનાર. ૪૯.

को धन्यः संन्यासी को मान्यः पंडितः साधुः ।
कः सेव्यो यो दाता को दाता योऽर्थितृप्तिमातनुते ।।५०।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કો ધન્યઃ સંન્યાસી કો માન્યઃ પંડિતઃ સાધુઃ ।
કઃ સેવ્યો યો દાતા કો દાતા યોડર્થિતૃપ્તિમાતનુતે ।।૫૦।।

પ્ર. ધન્ય કોણ ?

ઉ. સંન્યાસી (સર્વ કામનાઓનો ત્યાગ કરનાર – કેવળ ભગવાં ધારણ કરનાર નહિ.)

પ્ર. માન આપવા લાયક કોણ ?

ઉ. સદાચારી પંડિત (માત્ર પોપટપંચી કરનાર સ્વેચ્છાચારી નહીં.)

પ્ર. સેવા કરવા લાયક કોણ ?

ઉ. દાની.

પ્ર. દાની કોણ ?

ઉ. યાચકોને તૃપ્ત કરનાર (દુઃખિયાંનું દુઃખ ભાંગનાર.) ૫૦.

कि भाग्यं देहतामारोग्यं कः फली कृषिकृत् ।
कस्य न पापं जपतः कः पूर्णो यः प्रजावान्स्यात् ।।५१।।

કિ ભાગ્યં દેહતામારોગ્યં કઃ ફલી કૃષિકૃત્ ।
કસ્ય ન પાપં જપતઃ કઃ પૂર્ણો યઃ પ્રજાવાન્સ્યાત્ ।।૫૧।।

પ્ર. દેહધારીઓને માટે (મોટું) ભાગ્ય કયું ?

ઉ. આરોગ્ય.

પ્ર. ફળ કોણ પામે ?

ઉ. ખેતી કરનાર.

પ્ર. પાપ કોની પાસે નથી આવતું ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. જપ કરનારની પાસે.

પ્ર. (સંસારની (દૃષ્ટિએ) પૂર્ણ કોણ ?

ઉ. પ્રજાવાળો. ૫૧

વિવેચન :- યજ્ઞયાગાદિ બીજી ધાર્મિક ક્રિયાઓમાં માણસના હાથે હિંસાદિ થોડું ઘણું પણ પાપ થયા વગર રહેતું નથી. સાદું પૂજન કરવામાં પણ ઝાડ પરથી પુષ્પાદિ તોડવામાં માણસને હાથે હિંસા થઈ જાય છે, જ્યારે જપમાં તેવી કંઈ દહેશત નથી ! તેથી શાસ્ત્રોમાં જપને શ્રેષ્ઠ યજ્ઞ કહ્યો છે. જપના ત્રણ પ્રકાર છે. (૧) ઉચ્ચૈ :- મોઢેથી બીજા સાંભળે તેમ; (૨) ઉપાંશુ :- પાસે બેઠેલો માંડ સાંભળી શકે એટલે ધીમેથી; (૩) માનસિક :- જેમાં હોઠ પણ ન ફરકે; તદ્દન પાસે બેઠેલા માણસના કાન પર પણ કંઈ અવાજ ન જાય તે. એમાં એકથી બીજો ઉત્તરોત્તર શ્રેષ્ઠ છે. પ્રથમ સાધક હરિનામની મોટેથી ધૂન મચાવી, પોતાના અવાજમાં આજુબાજુના અન્ય અવાજો ડૂબાડી દે છે અને એમ મનની એકાગ્રતા સાધવા પ્રયત્ન કરે છે. પછીથી ધીમે અવાજ કરી એના રણકાર ને અર્થમાં ચિત્ત પરોવે છે. એમ કરતાં કરતાં એનું મન એટલું એકાગ્ર થાય છે કે એને પછી એ થોડા બાહ્ય અવાજની પણ જરૂર પડતી નથી, અને એ માત્ર મનથી જપ કરે છે. અવસ્થા ને સમય પરત્વે સાધકને ત્રણે પ્રકારના જપની આવશ્યકતા છે. જેનાં મન ને વાણી હમેશાં જપમાં લીન રહે છે તેને બીજાં પાપ કરવાનો સમય જ મળતો નથી. એકાગ્રતાથી કરેલા જપમાં જ એવી શક્તિ છે કે પાતકો

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એનાથી દૂર નાસે. નવરું મન જ નબળા વિચારો તરફ દોડી પાપ કરવા પ્રવૃત્ત થાય છે. એને હરિસ્મરણમાં જોડી રાખવું એ એને મારવાનો ઉત્તમમાં ઉત્તમ રસ્તો છે.

किं दुष्करं नराणां यन्मनसो निग्रहः सततम् ।
को ब्रह्मचर्यवान्स्याद्यश्चास्खलितोर्ध्वरेतस्कः ।।५२।।

કિં દુષ્કર નરાણાં યન્મનસો નિગ્રહઃ સતતમ્ ।
કો બ્રહ્મચર્યવાન્સ્યાદ્યસ્ખલિતોધ્વરિતસ્કઃ ।।૫૨।।

પ્ર. મનુષ્યોને માટે મુશ્કેલ શું છે ?

ઉ. સતત મનોનિગ્રહ.

પ્ર. બ્રહ્મચર્યવાન્ કોણ ?

ઉ. અસ્ખલિત અને ઊર્ધ્વરિતસ્ હોય તે. ૫૨

का च परदेवतोक्ता चिच्छक्तिः को जगद्भर्ता ।
सूर्यः सर्वेषां को जीवनहेतुः स पर्जन्यः ।।५३।।

કા ચ પરદેવતોક્તા ચિચ્છક્તિઃ કો જગદ્ભર્તા ।
સૂર્યઃ સર્વેષાં કો જીવનહેતુઃ સ પર્જન્યઃ ।।૫૩।।

પ્ર. પરમ દેવતા કઈ ?

ઉ. ચિચ્છક્તિ.

પ્ર. પરમાત્મા, જગદ્ભર્તા કોણ ?

ઉ. સૂર્ય.

પ્ર. બધાને જીવાડનાર કોણ ?

ઉ. વરસાદ. ૫૩

कः शूरो यो भीत्राता त्राता च कः स गुरुः ।
को हि जगद्गुरूक्तः शम्भुर्ज्ञानं कुतः शिवादेव ।।५४।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કઃ શૂરો યો ભીતત્રાતા ત્રાતા ચ કઃ સ ગુરુઃ ।
કો હિ જગદ્ગુરૂક્તઃ શમ્ભુર્જ્ઞાનં કુતઃ શિવાદેવ ।।૫૪।।

પ્ર. શૂરવીર કોણ ?

ઉ. ભયમાં આવી પડેલાનું રક્ષણ કરનાર.

પ્ર. ત્રાતા (રક્ષણ કરનાર) કોણ ?

ઉ. ગુરુ.

પ્ર. જગદ્ગુરુ કોણ ?

ઉ. ભગવાન શંકર.

પ્ર. જ્ઞાન કયાંથી પ્રાપ્ત થાય ?

ઉ. શંકર પાસેથી ૫૪

વિવેચન :- શંકર એ જ્ઞાન ને વૈરાગ્યની મૂર્તિ છે તેથી એ જગદ્ગુરુ જગના અજ્ઞાન રૂપી અંધકારનો (ગુ) નાશ કરનાર (રુ) કહેવાય છે. માણસનું દુઃખ દૂર કરી (શો-ક્ષીણ કરવું) એનું કલ્યાણ(શં) કરે તે શંકર-સદ્ગુરુ. ૫૪

मुक्तिं लभेत कस्मान्मुकुन्दभक्तेर्मुकुन्दः कः ।
यस्तारयेदविद्यां का चाविद्या यदात्मनोऽस्फुर्तिः ।।५५।।

મુક્તિં લભેત કસ્માન્મુકુન્દભક્તેર્મુકુન્દઃ કઃ ।
યસ્તારયેદવિદ્યાં કા ચાવિદ્યા યદાત્મનોઽસ્ફુર્તિઃ ।।૫૫।।

પ્ર. મુક્તિ શાથી પ્રાપ્ત થઈ શકે ?

ઉ. મુકુંદ (ભગવાન વિષ્ણુ)ની ભક્તિથી.

પ્ર. મુકુંદ (મુકુ-મુક્તિ ને દ-આપનાર) કોણ ?

ઉ. જે અવિદ્યાથી પાર ઉતારે તે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. અવિદ્યા એટલે શું ?

ઉ. આત્માનું અભાન. ૫૫

कस्य न शोको यः स्वादक्रोधः किं सुखं तुष्टिः ।
को राजा रंजनकृत् कश्च श्वा नीचसेवको यः स्यात् ।।५६।।

કસ્ય ન શોકો યઃ સ્યાદક્રોધઃ કિં સુખં તુષ્ટિઃ ।
કો રાજા રંજનકૃત્ કશ્ચ શ્વા નીચસેવકો યઃ સ્યાત્ ।।૫૬।।

પ્ર. શોક કોને નથી થતો ?

ઉ. જેનામાં ક્રોધ ન હોય તેને.

પ્ર. સુખ શું ?

ઉ. સંતોષ.

પ્ર. (સાચો) રાજા કોણ ?

ઉ. (પ્રજાનું માબાપની માફક પાલન કરી) રંજન કરનાર.

પ્ર. કૂતરો (કૂતરા જેવા નીચ) કોણ ?

ઉ. નીચની નોકરી કરનાર. ૫૬

को मायी परमेशः क इन्द्रजालायते प्रपंचोऽयम् ।
कः स्वप्ननिभो जाग्रद्व्यवहारः सत्यमपि च किं ब्रह्म ।।५७।।

કો માયી પરમેશઃ ક ઇન્દ્રજાલાયતે પ્રપંચોડયમ્ ।
કઃ સ્વપ્નનિભો જાગ્રદ્વ્યવહારો સત્યમપિ ચ કિં બ્રહ્મ ।।૫૭।।

પ્ર. માયાપતિ કોણ ?

ઉ. પરમેશ્વર.

પ્ર. બાજીગરના ખેલ જેવું મિથ્યા શું ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. આ સંસાર.

પ્ર. સ્વપ્નના જેવું શું ?

ઉ. જાગ્રદ્ વ્યવહાર.

પ્ર. ત્યારે સત્ય (ત્રણે કાળમાં રહેનાર) શું ?

ઉ. બ્રહ્મ. ૫૭

किं मिथ्या यद्विद्या नाश्यं तुच्छं तु शशिविषाणादि ।
कानिर्वचनीया माया किं कल्पितं द्वैतम् ।।५८।।

કિં મિથ્યા યદ્વિદ્યા નાશ્યં તુચ્છં તુ શશિવિષાણાદિ ।
કાનિર્વચનીયા માયા કિં કલ્પિતં દ્વૈતમ્ ।।૫૮।।

પ્ર. મિથ્યા એટલે શું ?

ઉ. જેનો જ્ઞાનથી નાશ થાય તે.

પ્ર. તુચ્છ (એકદમ અસત્) એટલે ?

ઉ. સસલાનું શીંગડું વગેરે (આકાશ પુષ્પ; વંધ્યાપુત્ર)

પ્ર. અનિર્વચનીય (જેનું વર્ણન ન થઈ શકે તેવું) શું ?

ઉ. માયા.

પ્ર. કલ્પિત (કલ્પનાથી પોષેલું; મિથ્યા) ?

ઉ. દ્વૈત (હું તું વગેરે ભેદ ભાવના).

વિવેચન :- માયા 'છે' એમ પણ કહી શકાતું નથી; કેમકે જ્ઞાનોત્તરકાલે એનો નાશ જોવામાં આવે છે. તેમજ એ નથી, એવું પણ કહી શકાય નહિ; કેમકે એનું કાર્ય પ્રત્યક્ષ દેખાય છે. તેથી તેને અનિર્વચીનય કહે છે.

किं पारमार्थिकं चाज्ञाता कुतोऽनादिः ।
वपुषश्च पोषकं किं प्रारब्धं चान्नदायि किं चायुः ।।५९।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કિં પારમાર્થિકં સ્યાદદ્વૈતં ચાજ્ઞાતા કુતોઽનાદિઃ ।
વપુષશ્ચ પોષકં કિં પ્રારબ્ધં ચાન્નદાયિ કિં ચાયુઃ ॥૫૯॥

પ્ર. પારમાર્થિક (કેવળ સત્ય) શું ?

ઉ. અદ્વૈત (અભેદ; બ્રહ્મ).

પ્ર. અજ્ઞાન ક્યારથી છે ?

ઉ. અનાદિથી.

પ્ર. શરીરનું પોષક શું ?

ઉ. પ્રારબ્ધ.

પ્ર. અન્નદાતા ?

ઉ. આયુષ. ૫૯

વિવેચન :- માણસ જે કર્મો કરે છે તે ત્રણ ભાગમાં વહેંચાઈ જાય - સંચિત, પ્રારબ્ધ ને ક્રિયામણ. દરેક જન્મમાં માણસ બીજી સો યોનિ પ્રાપ્ત થાય એટલા કર્મો કરે છે, અને તે બધાનાં ફળ ભોગવવા માટે એણે પુર્નજન્મ ધારણ કરવો પડે છે. હવે એ બધાં કર્મોનાં ફળ કંઈ તે એક જ જન્મમાં ભોગવી રહેતો નથી. તેમાંથી માત્ર એક યોનિનાં કર્મોજ તે એક જન્મમાં ભોગવે છે. આ કર્મો જે ભોગવવાને તે વર્તમાન શરીર ધારણ કરે છે તે તેનું પ્રારબ્ધ કહેવાય છે. આમ દેહનું પ્રારબ્ધ તેની ઉત્પત્તિ પહેલાંજ ઘડાઈ ગયેલું હોય છે. એ પ્રારબ્ધ જ દેહને પોષે છે-દેહના પોષણની વ્યવસ્થા પણ એ પ્રારબ્ધની સાથે જ દેહની ઉત્પત્તિ પૂર્વેજ નિર્માણ થએલી હોય છે. માટે માણસે તેનો ખરખરો કરવો નકામો છે. એ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

દેહારંભક પ્રારબ્ધ પૂરું થાય–માણસ જે કર્મોનો ફળભોગ પૂરો થાય–ત્યારે દેહ પડે છે. આ જન્મમાં પણ તે બીજી સો યોનિ પ્રાપ્ત થાય એટલાં કર્મો કરે છે ને તેમાંથી માત્ર એકનાં જ ફળ એ પુનર્જન્મ ધારણ કરી ભોગવે છે. હવે આમ દરેક જન્મે કરેલાં કર્મોમાંથી અનુપભુક્ત એવાં નવ્વાણું યોનિનાં મળી જે અનંત યોનિનાં કર્મો શિલિકમાં રહે છે તે સંચિત કહેવાય છે; અને માણસ જન્મ ધારણ કરી મરતાં સુધી જે કર્મો કરે છે તે ક્રિયમાણ કહેવાય છે. આ ક્રિયમાણનો અમુક ભાગ પ્રારબ્ધમાં જાય છે ને બાકીનો સંચિતમાં જમે થાય છે. માણસના સંચિત ને ક્રિયમાણનો નાશ જ્ઞાનથી થાય છે. આ કર્મના સંચામાંથી માણસ છૂટી શકતો નથી ત્યાં સુધી એને માથે જન્મમરણની ધૂંસરી વળગેલી જ રહે છે અને કોટિ ઉપાયે પણ એ એમાંથી છૂટી શકતો નથી માટે જ્ઞાની સંચિત ને ક્રિયમાણનો જ્ઞાનથી નાશ કરી વર્તમાન પ્રારબ્ધને હવાલે કરી ભૂત ભવિષ્યની ચિંતાથી રહિત થઈ, હર્ષશોક ભયચિંતાને ત્યજી દઈ આનંદમાં રહે છે.

प्रत्यक्षदेवता का माता पूज्यो गुरुश्च कस्तातः ।
कः सर्वदेवतातात्मा विद्याकर्मान्वितो विप्रः ॥६०॥

પ્રત્યક્ષદેવતા કા માતા પૂજ્યો ગુરુશ્ચ કસ્તાતઃ ।
કઃ સર્વદેવતાતાત્મા વિદ્યાકર્માન્વિતો વિપ્રઃ ॥૬૦॥

પ્ર. પ્રત્યક્ષ દેવતા કોણ ?

ઉ. માતા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. પૂજ્ય ગુરુ ?

ઉ. પિતા.

પ્ર. સર્વ દેવસ્વરૂપ કોણ ?

ઉ. જ્ઞાન અને (તદનુસાર) આચરણયુક્ત બ્રાહ્મણ. ૬૦

कश्च कुलक्षयहेतुः सन्तापः सज्जनेषु योऽकारि ।
केषाममोघवचनं ये च पुनः सत्यमौनशमशीलाः ।।६१।।

કશ્ચ કુલક્ષયહેતુ સન્તાપઃ સજ્જનેષુ યોડકારિ ।
કેષામમોઘવચનં યે ચ પુનઃ સત્યમૌનશમશીલાઃ ।।૬૧।।

પ્ર. કુળક્ષય શાનાથી થાય છે ?

ઉ. સજ્જનોને સંતાપ પમાડવાથી.

પ્ર. કોનું વચન નિષ્ફળ જતું નથી ?

ઉ. સત્ય, મૌન (વાકયસંયમ) અને શમ (મનોનિગ્રહ) વાન હોય તેમનું. ૬૧

किं जन्म विषयसंगः किमुत्तरं जन्म पुत्रः स्यात् ।
कोऽपरिहार्यो मृत्युः कुत्र पदं विन्यसेच्च दृक्पूते ।।६२।।

કિં જન્મ વિષયસંગઃ કિમુત્તરં જન્મ પુત્રઃ સ્યાત્ ।
કોડપરિહાર્યો મૃત્યુઃ કુત્ર પદં વિન્યસેચ્ચ દક્પૂતે ।।૬૨।।

પ્ર. જન્મ (નું મૂળ) શું ?

ઉ. વિષયસંગ.

પ્ર. દ્વિતીય જન્મ ?

ઉ. પુત્ર.

પ્ર. ન ટાળી શકાય એવું શું છે ?

ઉ. મોત.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. પગ ક્યાં મૂકવો ?

ઉ. દૃષ્ટિથી પવિત્ર થએલી જગ્યાએ (જોયા વગર પગ મૂકવો નહિ.) ૬૨.

पात्रं किमन्नदाने क्षुधितः कोऽर्च्यो हि भगवदवतारः ।
कश्च भगवान्महेशः शङ्करनारायणात्मैकः ॥६३॥

પાત્રં કિમન્નદાને ક્ષુધિતઃ કોડર્ચ્યો હિ ભગવદવતારઃ ।
કશ્ચ ભગવાન્મહેશઃ શંકરનારાયણાત્મૈકઃ ॥૬૩॥

પ્ર. અન્નદાન માટે પાત્ર કોણ ?

ઉ. ભૂખ્યો.

પ્ર. પૂજવા યોગ્ય કોણ ?

ઉ. ભગવાનના અવતાર (સાધુસંતાદિ મહાન વિભૂતિઓ.)

પ્ર. ભગવાન કોણ ?

ઉ. શિવવિષ્ણુસ્વરૂપ એક પરમાત્મા. ૬૩

फलमपि भगवद्भक्तेः किं तल्लोकस्वरूपसाक्षात्वम् ।
मोक्षश्च कोऽविद्यास्तमयः कः सर्ववेदभूरथ चोम् ॥६४॥

ફલમપિ ભગવદ્ભક્તેઃ કિં તલ્લોકસ્વરુપસાક્ષાત્વમ્ ।
મોક્ષશ્ચ કોડવિદ્યાસ્મયઃ કઃ સર્વવેદભૂરથ ચોમ્ ॥૬૪॥

પ્ર. ભગવદ્ ભક્તિનું ફળ શું ?

ઉ. તે તે (વૈકુંઠ કૈલાસાદિ) લોકનો સાક્ષાત્કાર.

પ્ર. મોક્ષ એટલે શું ?

ઉ. જેમાં અવિદ્યાનો નાશ હોય તે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. સર્વ વેદસ્વરૂપ શું ?

ઉ. ઓમ્. ૬૪

इत्येषा कण्ठस्था प्रश्नोत्तररत्नमालिका येषाम् ।
ते मुक्ताभरणा इव विमलाश्चाभान्ति सत्समाजेषु ।।६५।।

ઇત્યેષા કણ્ઠસ્થા પ્રશ્નોત્તરરત્નમાલિકા યેષામ્ ।
તે મુક્તાભરણા ઇવ વિમલાશ્ચાભાન્તિ સત્સમાજેષુ ।।૬૫।।

श्रीशंकराचार्य ।:

આવી રીતે આ પ્રશ્નોત્તરરૂપી રત્નમાળા જેમને કંઠસ્થ (મોઢે) રહે છે તેઓ સજ્જનોની મંડળીઓમાં નિર્મળ મોતીઓના અલંકાર પહેરેલા હોય તેવા દીપી ઊઠે છે. ૬૫।।

३

अथ प्रश्नोतरी प्रारम्भः।

अपारसंसारसमुद्रमध्ये निमज्जतो मे शरणं किमस्ति ।
गुरो कृपालो कृपया वदैतद्विश्वेशपादाम्बुजदीर्घनौका ।।१।।

અપારસંસારસમુદ્રમધ્યે નિમજ્જતો મે શરણં કિમસ્તિ।
ગુરો કૃપાલો કૃપયા વદૈતદ્વિશ્વેશપાદામ્બુજદીર્ઘનૌકા ।।૧।।

પ્ર. અપાર એવા સંસાર સાગરમાં ડૂબી રહ્યો છું હું; હે કૃપાલુ ગુરો ! (તેમાંથી પાર ઉતરવા માટે) આધાર શો છે તે કૃપા કરી કહો.

ઉ. પરમાત્માના ચરણકમળરૂપી વિશાળ નૌકા ૧

વિવેચન :- ગું એટલે અજ્ઞાનરૂપી અંધકાર; તેનો જ્ઞાનરૂપી

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્રકાશ આપી નાશ કરે તે ગુરુ. વિશ્વેશ એટલે વિશ્વના સ્વામી જેની સત્તાથી આખું જગત નિયમબદ્ધ ચાલી રહ્યું છે તે; જગતના ધણી પરમેશ્વર, દીર્ઘ એટલે વિશાળ-જેમાં એકીસાથે ફાવે તેટલા માણસો બેસી શકે અને તે છતાં જે બધાને સહીસલામત પાર ઉતારે.

बद्धो हि को यो विषयानुरागः
को वा विमुक्तो विषये विमुक्तः ।
को वास्ति घोरो नरकः स्वदेह-
तृष्णाक्षयः स्वर्गपदं किमस्ति ।।२।।

બદ્ધો હિ કો યો વિષયાનુરાગઃ
કો વા વિમુક્તો વિષયે વિમુક્તઃ ।
કો વાસ્તિ ઘોરો નરકઃ સ્વદેહ-
સ્તૃષ્ણાક્ષયઃ સ્વર્ગપદં કિમસ્તિ ।।૨।।

પ્ર. બદ્ધ કોણ છે ?

ઉ. જે વિષયોમાં લપટાએલો છે તે

પ્ર. મુક્ત કોણ છે ?

ઉ. જે વિષયોમાંથી છૂટયો છે તે.

પ્ર. ઘોર નરક કયું ?

ઉ. પોતાનો દેહ (કારણ કે એનામાં છે તેટલી ને તેવી મલિન વસ્તુઓ બીજે કેથે જોવામાં નથી આવતી).

પ્ર. સ્વર્ગપદ કયું ?

ઉ. તૃષ્ણાનો નાશ. ૨.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

संसारहृत्कस्तु निजात्मबोधः
को मोक्षहेतुः प्रथितः स एव ।
द्वारं किमेकं नरकस्य नारी
का स्वर्गदा प्राणभृतामहिंसा ॥३॥

સંસારહૃત્કસ્તુ નિજાત્મબોધઃ
કો મોક્ષહેતુઃ પ્રથિતઃ સ એવ ।
દ્વારં કિમેકં નરકસ્ય નારી
કા સ્વર્ગદા પ્રાણભૃતામહિંસા ॥૩॥

પ્ર. સંસાર કેમ મટે ?
ઉ. નિજસ્વરૂપના જ્ઞાનથી.
પ્ર. મોક્ષનું પ્રસિદ્ધ સાધન કયું ?
ઉ. એ આત્મજ્ઞાન જ.
પ્ર. નરકનું મુખ્ય દ્વાર કયું ?
ઉ. સ્ત્રી (વિષયવાસના).
પ્ર. પ્રાણીઓને સ્વર્ગની પ્રાપ્તિ કરી આપનાર શું ?
ઉ. અહિંસા. ૩

વિવેચન :- જેવી રીતે મુમુક્ષુ પુરુષને માટે સ્ત્રી નરકનું દ્વાર છે તેવી જ રીતે મુમુક્ષુ સ્ત્રીને માટે પુરુષ પણ નરકનું દ્વારજ છે. વિષયવાસના અને મોક્ષ એ બે પ્રકાશ અને અંધકારની માફક કદી પણ એકત્ર ટકી શકે જ નહિ.

शेते सुखं कस्तु समाधिनिष्ठो
जागर्ति को वा सदसद्विवेकी ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

के शत्रवः सन्ति निजेन्द्रियाणि
कान्येव मित्राणि जितानि तानि ॥४॥
શેતે સુખં કસ્તુ સમાધિનિષ્ઠો
જાગર્તિ કો વા સદસદ્વિવેકી ।
કે શત્રવઃ સન્તિ નિજેન્દ્રિયાણિ
કાન્યેવ મિત્રાણિ જિતાનિ તાનિ ॥૪॥

પ્ર. સુખે સૂવે છે કોણ ?

ઉ. સમાધિનિષ્ઠ.

પ્ર. જાગ્રત કોણ છે ?

ઉ. સારાસાર - નિત્યાનિત્યનો વિચાર કરનાર.

પ્ર. (સાચા) શત્રુઓ કોણ છે ?

ઉ. પોતાની (ઉચ્છંખલ) ઇન્દ્રિયો.

પ્ર. મિત્રો કોણ ?

ઉ. એજ ઇંદ્રિયો વશ કરેલી.

વિવેચન :- સમાધિ એટલે ખાલી આંખો મીંચીને બેસવું તે નહિ, પણ બુદ્ધિનું સમતોલપણું-મનની દોડધામ મટી જવી તે.

को वा दरिद्रो हि विशालतृष्णः
श्रीमांश्च को यस्य समस्ततोषः ।
जीवन्मृतः कस्तु निरुद्यमो यः
का वा स्मृतास्यात्सुखदा निराशा ॥५॥
કો વા દરિદ્રો હિ વિશાલતૃષ્ણઃ
શ્રીમાંશ્ચ કો યસ્ય સમસ્તતોષઃ ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

જીવન્મૃતઃ કસ્તુ નિરુદ્યમો યઃ
કા વા સ્મૃતાસ્યાત્સુખદા નિરાશા ।।૫।।

પ્ર. દરિદ્રી કોણ છે ?
ઉ. અત્યન્ત તૃષ્ણાવાળો.
પ્ર. શ્રીમંત કોણ છે ?
ઉ. બધામાં સંતોષ રાખનાર.
પ્ર. જીવતો છતાં મૂવેલો કોણ છે ?
ઉ. નિરુદ્યમી.
પ્ર. શાસ્ત્રોમાં સુખ આપનાર તરીકે કોણ પ્રસિદ્ધ છે ?
ઉ. નિરાશતા – કોઈ પણ વસ્તુની આશા ન રાખવી તે. ૫.

पाशो हि को यो ममताभिधानः
संमोहयत्येव सुरेत्त का स्त्री ।
को वा महान्धो मदनातुरो यो
मृत्युश्च को वाऽपयशः स्वकीयम् ।।६।।
પાશો હિ કો યો મમતાભિધાનઃ
સંમોહયત્યેવ સુરેવ કા સ્ત્રી ।
કો વા મહાન્ધો મદનાતુરો યો
મૃત્યુશ્ચ કો વાઽપયશઃ સ્વકીયમ્ ।।૬।।

પ્ર. (પ્રાણીમાત્રને બંધન કરનાર) પાશ કયો છે ?
ઉ. મમતા.
પ્ર. દારૂની માફક ભાન ભૂલાવનાર કોણ છે ?
ઉ. સ્ત્રી.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. અત્યન્ત આંધળો કોણ ?

ઉ. કામાતુર.

પ્ર. (સાચુ) મોત કયું ?

ઉ. પોતાની અપકીર્તિ. ૬

को वा गुरुर्यो हि हितोपदेष्टा:
शिष्यवस्तु को यो गुरुभक्त एव ।
को दीर्घरोगो भव एव साधो
किमौषधं तस्य विचार एव ॥७॥

કો વા ગુરુર્યો હિ હિતોપદેષ્ટા
શિષ્યસ્તુ કો યો ગુરુભક્ત એવ ।
કો દીર્ઘરોગો ભવ એવ સાધો
કિમૌષધં તસ્ય વિચાર એવ ॥૭॥

પ્ર. ગુરુ કોણ છે ?

ઉ. જે હિતનો ઉપદેશ કરે તે.

પ્ર. શિષ્ય કોને કહેવો ?

ઉ. જે ગુરુભક્ત હોય તેને જ.

પ્ર. દીર્ઘ રોગ કયો ?

ઉ. હે સાધો (આ) સંસાર જ.

પ્ર. (ત્યારે તે મટાડવાનું) ઓસડ ?

ઉ. (નિત્યાનિત્ય) વિચાર જ. ૭

વિવેચન :- દીર્ઘ એટલે લાંબા વખતથી જડેલો અત એવ દુ:સાધ્ય; અથવા મહારોગ - તાવ કે સળેખમ જેવો નહિ પણ કુષ્ઠ કે ક્ષય જેવો.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कि भूषणाद्भूषणमस्ति शीलं
तीर्थं परं किं स्वमनो विशुद्धम् ।
किमत्र हेयं कनकं च कान्ता
सेव्यं सदा किं गुरुवेदवाक्यम् ॥८॥

કિં ભૂષણાદભૂષણમસ્તિ શીલં
તીર્થં પરં કિં સ્વમનો વિશુદ્ધમ્ ।
કિમત્ર હેયં કનકં ચ કાન્તા
સેવ્યં સદા કિં ગુરુવેદવાક્યમ્ ॥૮॥

પ્ર. ઘરેણાનું પણ ઘરેણું શું ?

ઉ. ચારિત્ર.

પ્ર. શ્રેષ્ઠ તીર્થ કયું ?

ઉ. પોતાનું શુદ્ધ અંતઃકણ.

પ્ર. (મુમુક્ષુએ) અહીંયાં ત્યાગ કરવા લાયક શું છે ?

ઉ. કનક (સોનું–દ્રવ્યલોભ) અને કાંતા (સ્ત્રી વિષયવાસના)

પ્ર. સદા સેવન કરવા યોગ્ય શું છે ?

ઉ. ગુરુ અને વેદ (સચ્છાસ્ત્ર)નું વાક્ય. ૮

વિવેચન–ચરિત્ર અથવા સદ્વર્તન એજ માણસનો સાચો શણગાર છે. ભૌતિક ઘરેણાં એ સ્વભાવિક કુરૂપતા છૂપાવવાનો માયાવી પ્રયત્ન તરીકે માત્ર છે.

के हेतवो ब्रह्मगतेस्तु सन्ति
सत्संगतिर्दान्तिविचारतोषाः ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

के सन्ति सन्तोऽखिलवीतरागा
अपास्तमोहा शिवतत्त्वनिष्ठा ॥९॥
કે હેતવો બ્રહ્મગતેસ્તુ સન્તિ
સત્સંગતિર્દાન્તિવિચારતોષાઃ ।
કે સન્તિ સન્તોઽખિલવીતરાગા
અપાસ્તમોહા શિવતત્ત્વનિષ્ઠાઃ ॥૯॥

પ્ર. બ્રહ્મપ્રાપ્તિનાં સાધનો કયાં ?

ઉ. સાધુસંતોનો સમાગમ, ઇન્દ્રિયદમન, સદસદ્વિચાર, અને સંતોષ.

પ્ર. સંતો કોણ ?

ઉ. જે રાગદ્વેષથી તદ્દન મુક્ત હોય, જેમનો મોહ (અજ્ઞાન) દૂર થયો હોય અને જેઓ કલ્યાણ સ્વરૂપ પરમાત્મતત્ત્વમાં સ્થિત હોય તે. ૯

को वा ज्वरः प्राणभृतां हि चिन्ता
मूर्खोऽस्ति को यस्तु विवेकहीनः ।
कार्या प्रिया का शिवविष्णुभक्तिः
किं जीवनं दोषविवर्जितं यत् ॥१०॥
કો વા જ્વરઃ પ્રાણભૃતાં હિ ચિન્તા
મૂર્ખોઽસ્તિ કો યસ્તુ વિવેકહીનઃ ।
કાર્યા પ્રિયા કા શિવવિષ્ણુભક્તિઃ
કિં જીવનં દોષવિવર્જિતં યત્ ॥૧૦॥

પ્ર. પ્રાણીઓને (સુકવી નાખનાર) તાવ કયો છે ?

ઉ. ચિંતા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. મૂરખ કોણ ?

ઉ. વિવેકહીન.

પ્ર. શાના પર પ્રેમ રાખવો ?

ઉ. શિવ અને વિષ્ણુ (પરમાત્મા)ની ભક્તિ ઉપર.

પ્ર. (સાચું) જીવતર કયું ?

ઉ. જેમાં દૂષણ (ડાઘો) ન હોય તે. ૧૦

વિવેચન :- અહીંયા શિવ અને વિષ્ણુ બંનેની ભક્તિનો નિર્દેશ બંને વચ્ચે અભેદ બતાવવા માટે છે. નામ અનેક અને નાશવંત છે, નામી (ઈશ્વર) એક અને શાશ્વત છે. પણ ઈશ્વરનું સત્ય સ્વરૂપ ન સમજનાર મૂઢ જીવો નામ માટે લડી મરે છે. એક જ ઈશ્વર પ્રાણીમાત્રનું કલ્યાણ કરનાર હોવાથી શિવ પણ છે અને સર્વત્ર વ્યાપક હોવાથી વિષ્ણુ છે. પ્રિયા એટલે પ્રિયા-સ્ત્રી પરણવું, એવો પણ અર્થ લઈ શકાય.

विद्या हि का ब्रह्मगतिप्रदा या
बोधोऽस्ति को यस्तु विमुक्तिहेतुः ।
को लाभ आत्मावगमो हि यो वै
जितं जगत्केन मनो हि येन ।।११।।

વિદ્યા હિ કા બ્રહ્મગતિપ્રદા યા
બોધોડસ્તિ કો યસ્તુ વિમુક્તિહેતુઃ ।
કો લાભ આત્માવગમો હિ યો વૈ
જિતં જગત્કેન મનો હિ યેન ।।૧૧।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. વિદ્યા કયી ?

ઉ. જે બ્રહ્મનો સાક્ષાત્કાર કરાવે તે.

પ્ર. જ્ઞાન કોને કહેવું ?

ઉ. જે મોક્ષપ્રાપ્તિનું સ્થાન હોય તેને.

પ્ર. (સાચો) લાભ કયો ?

ઉ. આત્મપ્રાપ્તિ.

પ્ર. જગત કોણે જીત્યું ?

ઉ. જેણે મન જીત્યું તેણે. ૧૧

शूरान्महाशूरतरोऽस्ति को वा
मनोजबाणैर्व्यथितो न यस्तु ।
प्राज्ञोऽतिधीरश्च समोऽस्ति को वा
प्राप्तो न मोहं ललनाकटाक्षैः ॥१२॥

શૂરાન્મહાશૂરતરોઽસ્તિ કો વા
મનોજબાણૈર્વ્યથિતો ન યસ્તુ ।
પ્રાજ્ઞોઽતિધીરશ્ચ સમોઽસ્તિ કો વા
પ્રાપ્તો ન મોહં લલનાકટાક્ષૈઃ ॥૧૨॥

પ્ર. શૂરથી પણ મહાશૂરવીર કોણ ?

ઉ. જે કામદેવના બાણોથી કાયર નથી થતો તે.

પ્ર. બુદ્ધિમાન અત્યંત, ધીરજવાન અને સમચિત્ત એવો કોણ છે ?

ઉ. જે સ્ત્રીના નેત્રકટાક્ષોથી મોહ નથી પામતો તે. ૧૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

विषाद्विषं किं विषया: समस्ता:
दु:खी सदा को विषयानुरागी ।
धन्योऽस्तु को यस्तु परोपकारी
क: पूजनीयो ननु तत्त्वनिष्ठ: ।।१३।।

વિષાદ્વિષં કિં વિષયાઃ સમસ્તાઃ
દુઃખી સદા કો વિષયાનુરાગી ।
ધન્યોઽસ્તુ કો યસ્તુ પરોપકારી
કઃ પૂજનીયો નનુ તત્ત્વનિષ્ઠઃ ।।૧૩।।

પ્ર. ઝેરથી પણ ઝેરી શું છે ?

ઉ. સર્વ વિષયો.

પ્ર. સદા દુઃખી કોણ ?

ઉ. વિષયોમાં પ્રીતિ રાખનાર.

પ્ર. ધન્ય કોણ ?

ઉ. પરોપકારી.

પ્ર. પૂજાને માટે લાયક કોણ ?

ઉ. તત્ત્વનિષ્ઠ જઃ જેણે ઈશ્વરી તત્ત્વનો સાક્ષાત્કાર કર્યો હોય તે જ.

વિવેચન :- ઝેર તો પ્રત્યક્ષ શરીરમાં દાખલ થાય ત્યારે જ નાશ કરે છે; પણ વિષયો તો દૂરથી પણ દર્શન કે સ્પર્શન માત્રથી પણ - માણસને બેભાન બનાવે છે. માટે જ તેમને આ જગ્યાએ ઝેરથી પણ વધારે ઝેરી કહ્યા છે. શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ એ પાંચ વિષયોમાંથી એક પણ તેનું સેવન

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કરનારનો નાશ કરવા માટે બસ છે. તો સુખની ઈચ્છાથી આંધળો ભીંત થઈ એ પાંચેનું સેવન કરનાર મનુષ્યપ્રાણી સુખે કેમ બેસી શકે ? આચાર્ય ભગવાન પોતાના વિવેકચૂડામણિમાં કહે છે કે :-

दोषेण तीव्रो विषयः कृष्णसर्पविषादपि ।
विषं निहन्ति भोक्तारं द्रष्टारं चक्षुषाप्यम् ॥७६॥
દોષેણ તીવ્રો વિષયઃ કૃષ્ણસર્પવિષાદપિ ।
વિષં નિહન્તિ ભોક્તારં દ્રષ્ટારં ચક્ષુષાપ્યમ્ ॥૭૬॥

કાળા નાગના ઝેરથી પણ વિષય વધારે ભયંકર છે. ઝેર તો તેનું સેવન કરનારને જ મારી નાંખે છે. પણ વિષય તો એના તરફ નેત્રથી જોનારનો પણ પ્રાણ હરે છે. વળી,

शब्दादिभिः पंचभिरेव पंच
पंचत्वमापुः स्वगुणेन बद्धाः ।
कुरंगमातगंगपतंगमीन–
भृंगा नरः पंचभिरंचितः किम् ॥७८॥
શબ્દાદિભિઃ પંચભિરેવ પંચ
પંચત્વમાપુઃ સ્વગુણેન બદ્ધા ।
કુરંગમાતંગપતંગમીન–
ભૃંગા નરઃ પંચભિરંચિતઃ કિમ્ ॥૭૮॥

હરણ શબ્દથી, હાથી સ્પર્શથી, પતંગીયું રૂપથી, મત્સ્ય રસથી ને ભ્રમર ગંધથી – એમ એક એક પ્રાણી એક એક વિષયનું સેવન કરવાથી પણ એમાં લપટાઈ પ્રાણ ખોઈ બેઠાં છે. તો એ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પાંચોમાં રચ્યાપચ્યા રહેનાર મનુષ્ય પ્રાણીની શી સ્થિતિ ? માટે સુખની ઇચ્છા રાખનારે વિષયોથી સાવધ રહેવાની જરૂર છે.

सर्वास्ववस्थास्वपि किं न कार्यं
किं वा विधेयं विदुषा प्रयत्नात् ।
स्नेहं च पापं पठनं च धर्मः
संसारमूलं हि किमस्त्यविद्या ॥१४॥

સર્વાસ્વવસ્થાસ્વપિ કિં ન કાર્યં
કિં વા વિધેયં વિદુષા પ્રયત્નાત્ ।
સ્નેહં ચ પાપં પઠનં ચ ધર્મઃ
સંસારમૂલં હિ કિમસ્ત્યવિદ્યા ॥૧૪॥

પ્ર. હરકોઈ અવસ્થામાં વિદ્વાન માણસે શું ન કરવું ?

ઉ. સ્નેહ અને પાપ.

પ્ર. અને સદા સર્વદા શું કરવું ?

ઉ. અધ્યયન અને ધર્મ.

પ્ર. સંસારનું મૂળ શું ?

ઉ. અવિદ્યા, અજ્ઞાન. ૧૪

વિવેચન :- અતિસ્નેહ દુઃખનું મૂળ છે. શાસ્ત્રમાં કહ્યું છે કે લાકડાની કે લોઢાની બેડીઓમાંથી માણસ છૂટી શકે છે પણ સ્નેહની શૃંખલામાંથી છૂટવું અત્યંત મુશ્કેલ છે. માટે ડાહ્યા માણસે સ્નેહબંધનથી હરકોઈ ઉપાયે દૂર રહેવાની કોશીશ કરવી જોઈએ.

विज्ञान्महाविज्ञतमोऽस्ति को वा
नार्या पिशाच्या न वंचितो यः ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

का शृंखला प्राणभूतां च नारी
दिव्यं व्रतं किं च निरस्तदैन्यम् ।।१५।।

વિજ્ઞાન્મહાવિજ્ઞતમોઽસ્તિ કો વા
નાર્યા પિશાચ્યા ન ચ વંચિતો યઃ ।
કા શૃંખલા પ્રાણભૂતાં ચ નારી
દિવ્યં વ્રતં કિં ચ નિરસ્તદૈન્યમ્ ।।૧૫।।

પ્ર. જ્ઞાનીથીએ મોટો જ્ઞાની કોણ ?

ઉ. જે સ્ત્રી રૂપી પિશાચિણીથી છેતરાતો નથી તે.

પ્ર. પ્રાણીઓને બેડીરૂપ શું છે ?

ઉ. સ્ત્રી

પ્ર. દિવ્ય વ્રત કયું ?

ઉ. દીનતાનો ત્યાગ. ૧૫.

ज्ञातुं न शक्यं हि किमस्ति शैवै-
र्योषिन्मनो यच्चरितं तदीयम् ।
का दुस्त्यजा सर्वजनैर्दुराशा
विद्याविहीनः पशुरस्ति को वा ।।१६।।

જ્ઞાતું ન શક્યં હિ કિમસ્તિ શૈવૈ-
ર્યોષિન્મનો યચ્ચરિતં તદીયમ્ ।
કા દુસ્ત્યજા સર્વજનૈર્દુરાશા
વિદ્યાવિહીનઃ પશુરસ્તિ કો વા ।।૧૬।।

પ્ર. શિવભક્તોથી (ભોળા લોકોથી) જાણી ન શકાય તેવું શું છે ?

ઉ. સ્ત્રીનું મન અને તેનું ચરિત્ર.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. સર્વ લોકોથી દુઃખથી એ ન ત્યજી શકાય એવું શું છે ?

ઉ. દુરાશા.

પ્ર. પશુ કોને કહેવો ?

ઉ. જેનામાં વિદ્યા ન હોય તે. ૧૬.

વિવેચન :- શિવના ભક્ત તે શૈવ. ભોળા શંભુ જેવા શિવભક્તો પણ ભોળા ને દુનિયાના છળપ્રપંચથી છેતરાઈ જાય તેવા હોય છે. તેથી અહીંયા શૈવનો અર્થ ભોળા લોક કર્યો છે.

वासो न संगः सह कैर्विधेयो
मूर्खैश्च पापैश्च खलैश्च नीचैः ।
मुमुक्षुणा किं त्वरितं विधेयं
सत्संगतिर्निर्ममतेशभक्तिः ॥१७॥

વાસો ન સંગઃ સહકૈર્વિધેયો
મૂર્ખૈશ્ચ પાપૈશ્ચ ખલૈશ્ચ નીચૈઃ ।
મુમુક્ષુણા કિં ત્વરિતં વિધેયં
સત્સંગતિર્નિર્મમતેશભક્તિઃ ॥૧૭॥

પ્ર. કોની સાથે નિવાસ ન કરવો ને કોની સોબત ન કરવી ?

ઉ. મૂરખ, પાપી, દુર્જન અને નીચ લોકની.

પ્ર. મુમુક્ષુએ વગર વિલંબે શું કરવું ?

ઉ. સત્સમાગમ, મારા-તારાનો ન્યાય અને ભગવાનની ભક્તિ. ૧૭.

लघुत्वमुलं च किमर्थितैव
गुरुत्वबीजं यदयाचनं किम् ।
जातोऽस्ति को यस्य पुनर्न जन्म
को वा मृतो यस्य पुनर्न मृत्युः ॥१८॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

લઘુત્વમૂલં ચ કિમર્થિતૈવ
ગુરુત્વબીજં યદયાચનં કિમ્ ।
જાતોઽસ્તિ કો યસ્ય પુનર્ન જન્મ
કો વા મૃતો યસ્ય પુનર્ન મૃત્યુઃ ॥૧૮॥

પ્ર. નીચત્વનું મૂળ શું ?

ઉ. માગણવૃત્તિ.

પ્ર. મોટાઈનું મૂળ શું ?

ઉ. માગણવૃત્તિનો ત્યાગ.

પ્ર. (સાચો) જન્મ ધર્યો કોણે કહેવાય ?

ઉ. જેને પૂનર્જન્મ નથી તેણે.

પ્ર. (ધન્ય) મોત કોનું ?

ઉ. જેને ફરીથી મરવાનું નથી તેનું – જે જન્મમરણના ફેરામાંથી મુક્ત થયો છે તેનું. ૧૮

मूकस्तु को वा बधिरश्च को वा
युक्तं न वक्तुं समये समर्थः ।
तथ्यं सुपथ्यं न शृणोति वाक्यं
विश्वासपात्रं न किमस्ति नारी ॥१९॥

મૂકસ્તુ કો વા બધિરશ્ચ કો વા
યુક્તં ન વક્તું સમયે સમર્થઃ।
તથ્યં સુપથ્યં ન શૃણોતિ વાક્યં
વિશ્વાસપાત્રં ન કિમસ્તિ નારી ॥૧૯॥

પ્ર. મૂગો કોણ ?

ઉ. જે પ્રસંગ પડયે યોગ્ય વેણ નથી કહી શકતો તે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. બહેરો કોણ ?

ઉ. જે સત્ય ને હિતકારક વાક્ય કાને નથી ધરતો તે.

પ્ર. ભરોંસો મૂકવા લાયક કોણ નથી ?

ઉ. સ્ત્રી. ૧૯.

વિવેચન :- સ્ત્રીના પેટમાં ઘણુખરું વાત ટકતી નથી. તેથી તેને ભરોંસા મૂકવા લાયક નથી ગણી. યુધિષ્ઠિરે કર્ણ પોતાનો સગો ભાઈ હોવાની વાત પોતાનાથી ઠેઠ સુધી છાની રાખવા માટે કુંતિમાને 'આજથી સ્ત્રીના પેટમાં કોઈપણ છાની વાત નહિ ટકે' એવો શ્રાપ આપ્યાની ગાથા તો આના મૂળમાં નહિ હોય.

तत्त्वं किमेकं शिवमद्वितीयं
किमुत्तमं सच्चरितं वदन्ति ।
किं कर्म कृत्वा न हि शोचनीयं
कामारिकंसारिसमर्चनाख्यम् ॥२०॥

તત્ત્વં કિમેકં શિવમદ્વિતીયં
કિમુત્તમં સચ્ચરિતં વદન્તિ ।
કિં કર્મ કૃત્વા ન હિ શોચનીયં
કામારિકંસારિસમર્ચનાખ્યમ્ ॥૨૦॥

પ્ર. તત્ત્વ શું છે ?

ઉ. જે હંમેશાં એક (નિર્વિકારી) કલ્યાણકારક અને દ્વૈતથી રહિત છે તે (બ્રહ્મ).

પ્ર. ઉત્તમ કોને કહે છે ?

ઉ. સદ્વર્તનને.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. કયું કર્મ કરવાથી શોક કરવાનો વારો નથી આવતો ?

ઉ. કામ શત્રુ (શંકર) અને કંસશત્રુ (કૃષ્ણ; વિષ્ણુ)ની બંદગી. ૨૦

વિવેચન :- સચ્ચરિતનો અર્થ સાધુસંતોનું ચારિત્ર, એવો પણ થઈ શકે. કામારિ અહીંયા પણ શિવ વિષ્ણુની અભિન્નતા ઠસાવવાનો આશય છે. શંકરનું કામદહન જગપ્રસિદ્ધ છે. કૃષ્ણાવતારનો કંસવધ સહુ કોઈ જાણે છે. પણ અહીંયા કેવળ એ એકદેશી અવતાર કૃત્યનું જ નિદર્શન નથી. કંસ ક્રોધ અને અભિમાનનો પ્રતિનિધિ છે. ભૃગુલત્તાપ્રહાર વખતે ક્રોધનો અંશ પણ ન ઉદ્‌ભવવા દેતાં લત્તાપ્રહાર કરનાર વિપ્રનો પગ તળાંસવા મંડી પડનાર વિષ્ણુની શાંત-નિરભિમાન મૂર્તિ નજર આગળ ખડી કરવાની જરૂર છે. વળી બીજી દૃષ્ટિએ પણ ત્રિમૂર્તિની કલ્પના બાજુએ મૂકીએ તો પણ પરમાત્મા કામક્રોધાદિના શત્રુ જ છે. કેમકે જ્યાં કામક્રોધાદિ છે, ત્યાં ભગવાનનાં દર્શન સ્વપ્ને પણ આશા રાખવી નકામી છે. માટે ભગવત્પ્રાપ્તિની ઇચ્છા રાખનારને ભગવાનના શત્રુ કામક્રોધાદિને હૃદયમંદિરમાંથી હાંકી કાઢવા જોઈએ એવો પણ ધ્વનિતાર્થ કામારિકંસારિ પદમાં રહેલો છે. કામક્રોધાદિ જ શોકનું મૂળ છે. એ મૂળનો જ નાશ થતાં શોકનો અંકૂર પણ ન ઉદ્‌ભવે એ દેખીતું છે.

शत्रोर्महाशत्रुतमोऽस्ति को वां
काम: सकोपानृतलोभतृष्ण: ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

न पूर्यते को विषयैः स एव
किं दुःखमूलं ममताभिधानम् ।।२१।।

શત્રોર્મહાશત્રુતમોઽસ્તિ કો વા
કામઃ સકોપાનૃતલોભતૃષ્ણઃ ।
ન પૂર્યતે કો વિષયૈઃ સ એવ
કિં દુઃખમૂલં મમતાભિધાનમ્ ।।૨૧।।

પ્ર. સૌથી મોટો શત્રુ કોણ ?
ઉ. કામ-ક્રોધ, અસત્ય, લોભ, તૃષ્ણા.
પ્ર. વિષયોથી કોણ નથી ધરાતું ?
ઉ. એ કામ જ.
પ્ર. દુઃખનું મૂળ શું ?
ઉ. મમત્વ. ।।૨૧।।

વિવેચન :- માણસ ફાવે તેટલું વિષયસુખ ભોગવે તોપણ એની કામવાસના તૃપ્ત થતી નથી; પણ જેમ ઘીથી અગ્નિ શાંત ન થતાં ઉલટો વધારે પ્રજ્વલિત થાય છે, તેમ કામ વિષયોથી તૃપ્ત ન થતાં બલકે વધે છે. હજાર વરસ સુધી સતત કામોપભોગ કર્યા છતાં અતૃપ્ત રહેનાર યતાતિ રાજાના આખરના ઉદ્ગાર, દરેક મુમુક્ષુએ અંતઃકરણમાં કોતરી રાખવા જેવા છે :-

न जातु कामः कामानामुपभोगेन शाम्यति ।
हविषा कृष्णवर्त्मेव भूय एवाभिवधते ।। म. भा.।।

ન જાતુ કામઃ કામાનામુપભોગેન શામ્યતિ ।
હવિષાકૃષ્ણવર્ત્મેવભૂયએવાભિવધતે ।।મ.ભા.।।

ખરેખર, કામ વિષયોના ઉપભોગથી શાંત નથી થતો;

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પણ ઘીથી અગ્નિની માફક વધારે વૃદ્ધિંગત માત્ર થાય છે. (મહાભારત)

किं मण्डनं साक्षरता: मुखस्य
सत्यं च किं भूतहितं तदेव ।
त्याज्यं सुखं किं स्त्रियमेव सम्यग्
देयं परं किं त्वभयं सदैव ।।२२।।

કિં મંડનં સાક્ષરતા મુખસ્ય
સત્યં ચ કિં ભૂતહિતં તદેવ ।
ત્યાજ્યં સુખં કિં સ્ત્રિયમેવ સમ્યગ્
દેયં પરં કિં ત્વભયં સદૈવ ।।૨૨।।

પ્ર. મનુષ્યનો શણગાર ?

ઉ. સાક્ષરતા (વિદ્વત્તા).

પ્ર. મુખની શોભા ?

ઉ. સત્ય.

પ્ર. સત્ય એટલે ?

ઉ. જેથી પ્રાણીમાત્રનું હિત થાય તે.

પ્ર. ત્યાગ કરવા જેવું સુખ કયું ?

ઉ. વિચારપૂર્વક સ્ત્રીઓનો (સ્ત્રી સુખનો) ત્યાગ કરવો જોઈએ.

પ્ર. હંમેશાં સર્વોત્કૃષ્ટ દાન કયું ?

ઉ. અભય. ૨૨

कस्यास्ति नाशे मनसो हि मोक्षः
क्व सर्वथा नास्ति भयं विमुक्तौ ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

शल्यं परं किं निजमूर्खतैव
के के ह्युपास्या गुरवश्च वृद्धाः ।।२३।।
કસ્યાસ્તિ નાશે મનસો હિ મોક્ષઃ
કવ સર્વથા નાસ્તિ ભયં વિમુક્તૌ ।
શલ્યં પરં કિં નિજમૂર્ખતૈવ
કે કે હ્યુપાસ્યા ગુરવશ્ચ વૃદ્ધાઃ ।।૨૩।।

પ્ર. કોનો નાશ થવાથી મોક્ષ થાય છે ?

ઉ. મનનો.

પ્ર. શામાં જરાએ ભય નથી ?

ઉ. મોક્ષમાં.

પ્ર. સૌથી મોટું શલ્ય કયું ?

ઉ. પોતાની મૂર્ખતા.

પ્ર. સેવા કરવા માટે કોણ કોણ લાયક છે ?

ઉ. ગુરુ અને વૃદ્ધો. ।।૨૩।।

વિવેચન :- મનની દોડધામ મટી જવી એટલે જ મનનો નાશ, અને મનનો નાશ એટલે જ મોક્ષ. શલ્ય એક જાતનું વાંકવાળુ બાણ. જેમ જેમ કાઢતા જઈએ તેમ તેમ શરીરમાં ઊંડુને ઊંડુ પેસતું જાય છે ને વધારે દરદ કરે છે. શલ્યનો કાંટો એવો અર્થ પણ થઈ શકે છે.

के दस्यवः सन्ति कुवासनाख्याः
कः शोभते यः सदसि प्रविद्यः ।

*અહીંયા શબ્દરચના જરા કલિષ્ટ છે. પણ અમને મૂળમાં ફેરફાર કરવો ઉચિત ન લાગવાથી મૂળ શબ્દો કાયમ રાખ્યા છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

मातेव का या सुखदा सुविद्या,
किमेधते दानवशात्सुविद्या ।।२५।।
કે દસ્યવઃ સન્તિ કુવાસનાખ્યાઃ
કઃ શોભતે યઃ સદસિ પ્રવિદ્યઃ ।
માતેવ કા યા સુખદા સુવિદ્યા,
કિમેધતે દાનવશાત્સુવિદ્યા ।।૨૫।।

પ્ર. (સાચા) ધાડપાડુ કયા ?

ઉ. નઠારી વાસનાઓ.

પ્ર. સભામાં કોણ શોભે છે (માન પામે છે) ?

ઉ. જેની પાસે ઉત્કૃષ્ટ વિદ્યા હોય તે.

પ્ર. માતાની માફક સુખ આપનાર કોણ ?

ઉ. સુવિદ્યા.

પ્ર. દાન કરવાથી (ઘટી ન જતાં) વધે છે શું ?

ઉ. સારી વિદ્યા. ૨૫.

कुतो हि भीतिः सततं विधेया
लोकापवादाद् भवकाननाच्च ।
को वास्ति बन्धुः पितरौ च कौ वा
विपत्सहायौ परिपालकौ यौ ।।२६।।
કુતો હિ ભીતિઃ સતતં વિધેયા
લોકાપવાદાદ્ ભવકાનનાચ્ચ ।
કો વાસ્તિ બન્ધુઃ પિતરૌ ચ કૌ વા
વિપત્સહાયૌ પરિપાલકૌ યૌ ।।૨૬।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. (મુમુક્ષુએ) નિરંતર શાનો ડર રાખવો ?
ઉ. લોકાપવાદનો અને સંસારરૂપી અરણ્યનો.
પ્ર. ભાઈ અને માતાપિતા કોણ ?
ઉ. સંકટમાં મદદ કરે અને પાલન કરે તે. ૨૬

बुद्ध्या न बोद्धुं परिशिष्यते किं
शिवं प्रशान्तं सुखबोधरूपम् ।
ज्ञाते तु कस्मिन् विदितं जगत्स्यात्
सर्वात्मके ब्रह्मणि पूर्णरूपे ॥२७॥

બુદ્ધ્યા ન બોદ્ધું પરિશિષ્યતે કિં
શિવં પ્રશાન્તં સુખબોધરૂપમ્ ।
જ્ઞાતે તુ કસ્મિન્ વિદિતં જગત્સ્યાત્
સર્વાત્મકે બ્રહ્મણિ પૂર્ણરૂપે ॥૨૭॥

પ્ર. બુદ્ધિથી (પણ) જાણી ન શકાય એવું શું હશે ?

ઉ. શાંત, મંગલકારક, આનંદ અને ચૈતન્ય-સ્વરૂપ (બ્રહ્મ).

પ્ર. કયી (એક) વસ્તુનું જ્ઞાન થવાથી જગત (આખું) જ્ઞાત થાય છે ?

ઉ. બધામાં વ્યાપી રહેલા પૂર્ણસ્વરૂપ - બ્રહ્મનું.

વિવેચન :- જેવી રીતે એક માટીનું ઢેકું તપાસી જોવાથી સર્વ મૃત્તિકાની વસ્તુઓનું જ્ઞાન થાય છે, અથવા એક સોનાની કે લોઢાની કે વસ્તુનું જ્ઞાન થવાથી તે ધાતુની સર્વ વસ્તુઓના સ્વરૂપનું જ્ઞાન થાય છે, તેવી રીતે એક પૂર્ણબ્રહ્મનું જ્ઞાન થતાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

તેના વિવર્તરૂપ સર્વ જગતનું જ્ઞાન થાય છે.

किं दुर्लभं सद्गुरुरस्ति लोके
सत्सङ्गतिर्ब्रह्मविचारणं च ।
त्यागो हि सर्वस्य शिवात्मबोधः
किं दुर्जयं सर्वजनैर्मनोजः ॥२८॥

કિં દુર્લભં સદ્ગુરુરસ્તિ લોકે
સત્સંગતિર્બ્રહ્મવિચારણં ચ ।
ત્યાગો હિ સર્વસ્ય શિવાત્મબોધઃ
કિં દુર્જયં સર્વજનૈર્મનોજઃ ॥૨૮॥

પ્ર. જગતમાં દુર્લભ શું છે ?
ઉ. સદ્ગુરુ, સંતસમાગમ, અને બ્રહ્મવિચાર.
પ્ર. આત્મસાક્ષાત્કાર એટલે શું ?
ઉ. સર્વ (માયિક) નો ત્યાગ.
પ્ર. સર્વ મનુષ્યો માટે જીતવાને દુઃખદાયક એવું શું છે ?
ઉ. કામ. ૨૪

पशोः पशुः को न करोति धर्मं
प्राधीतशास्त्रोऽपि न चात्मबोधः ।
किं तद्विषं भाति सुधोपमं स्त्री
के शत्रवो मित्रवदात्मजाद्याः ॥२९॥

પશોઃ પશુઃ કો ન કરોતિ ધર્મં
પ્રાધીતશાસ્ત્રોઽપિ ન ચાત્મબોધઃ ।
કિં તદ્વિષં ભાતિ સુધોપમં સ્ત્રી
કે શત્રવો મિત્રવદાત્મજાદ્યાઃ ॥૨૯॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. ઢોરથીએ ઢોર કોણ ?

ઉ. જે ધર્મ નથી કરતો તે; અને શાસ્ત્રો ભણેલો હોવા છતાં પણ જેને આત્મજ્ઞાન નથી તે.

પ્ર. (અજ્ઞાની માણસના) મનને અમૃત સમાન શું દેખાય છે ?

ઉ. સ્ત્રી.

પ્ર. (ઉપરથી) મિત્ર જેવા (પણ અંદરથી) શત્રુઓ કોણ છે ?

ઉ. પુત્રો વગેરે. ૨૮

વિવેચન :- વગેરે શબ્દથી અહિયાં અન્ય સગાંસંબંધીઓ સમજવાં.

विद्युच्चलं किं धनयौवनायुर्
दानं परं किं च सुपात्रदत्तम् ।
कण्ठं गतैरप्यसुभिर्न कार्यं
किं किं विधेयं मलिनं शिवार्चा ॥३०॥

વિદ્યુચ્ચલં કિં ધનયૌવનાયુર્
દાનં પરં કિં ચ સુપાત્રદત્તમ્ ।
કણ્ઠં ગતૈરપ્યસુભિર્ન કાર્યં
કિં કિં વિધેયં મલિનં શિવાર્ચા ॥૩૦॥

પ્ર. વિજળીના ચમકારા જેવું ચંચળ શું છે ?

ઉ. ધન, જોબન, અને જીંદગી.

પ્ર. શ્રેષ્ઠ દાન કયું ?

ઉ. સુપાત્રે આપેલું.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. કંઠે પ્રાણ આવે તો પણ શું ન કરવું જોઈએ ?

ઉ. મેલું કૃત્ય.

પ્ર. અને શું કરવું જોઈએ ?

ઉ. ભગવદ્ભક્તિ. ૩૦

किं कर्म यत्प्रीतिकरं मुरारेः
क्वास्था न कार्या सततं भवाब्धौ ।
अहर्निशं किं परिचिन्तनीयं
संसारमिथ्यात्वशिवात्मतत्त्वम् ॥३१॥

કિં કર્મ યત્પ્રીતિકરં મુરારેઃ
કવાસ્થા ન કાર્યા સતતં ભવાબ્ધૌ ।
અહર્નિશં કિં પરિચિન્તનીયં
સંસારમિથ્યાત્વશિવાત્મતત્ત્વમ્ ॥૩૧॥

પ્ર. કર્મ કયું ?

ઉ. જેથી પ્રભુ રીઝે તે.

પ્ર. હંમેશાં શાના પર આસ્થા (વિશ્વાસ) ન રાખવી જોઈએ ?

ઉ. સંસારસાગર પર.

પ્ર. રાતદિવસ શાનું ચિંતન (વિચાર) કરવું જોઈએ ?

ઉ. સંસારની અસારતા અને પરમાત્માની સત્યતાનું. ૩૧

વિવેચન :- મુરારિ-મુર નામે રાક્ષસનો શત્રુ-કૃષ્ણ.

कंठं गता वा श्रवणं गता वा
प्रश्नोत्तराख्या मणिरत्नमाला ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

तनोतु मोदं विदुषां सुरम्या
रमेशगौरीशकथैव सद्यः ॥३२॥

કણ્ઠં ગતા વા શ્રવણં ગતા વા
પ્રશ્નોત્તરાખ્યા મણિરત્નમાલા ।
તનોતુ મોદં વિદુષાં સુરમ્યા
રમેશગૌરીશકથૈવ સદ્યઃ ॥૩૨॥

કંઠમાં ધારણ કરેલી (મોઢે કરેલી) કે શ્રવણ (કાન)માં ધારણ કરેલી (આસ્થાપૂર્વક સાંભળેલી) આ પ્રશ્નોત્તરરૂપી રત્નોની સુંદર માળા રમાપતિ (વિષ્ણુ) ને પાર્વતીનાથ (શંકરની) કથાની માફક વિદ્વાનોને એકદમ આનંદદાયક નિવડો." ૩૨.

૪

। प्रश्नोत्तरमालिका ।

किं साध्यं मनुजानां बुद्धेः शुद्धत्वमेव बहुयत्नैः ।
किं त्याज्यं खलसङ्गो देहाहंकारमते च ॥१॥

કિં સાધ્યં મનુજાનાં બુદ્ધેઃ શુદ્ધત્વમેવ બહુયત્નૈઃ।
કિં ત્યાજ્યં ખલસંગો દેહાહંકારમમતે ચ ॥૧॥

"આ પ્રશ્નોત્તરીને પણ કેટલાક શંકરચાર્યની કૃતિ માને છે. અમે એને સ્વામી આનન્દગિરિકૃત આનન્દામૃતવર્ષિણી નામે હિંદીગ્રંથના અંતમાંથી ઉતારી છે. કર્તૃત્વની શુષ્ક ચર્ચા મુમુક્ષુઓ માટે નકામી છે. સાચા મુમુક્ષુ માટે તો સત્ય જ્યાંથી આવે ત્યાંથી હંમેશાં આદરણીય જ છે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. માણસોએ અનેક પ્રયત્નોથી (પણ) શું સાધવા જેવું છે ?

ઉ. અંતઃકરણની શુદ્ધતા.

પ્ર. ત્યાગ કરવા જેવું શું છે ?

ઉ. દુર્જનોની સોબત, દેહાભિમાન, અને મમત્વ. ૧

किं तीर्थं वेदशिरः किं पात्रं आत्मसंबोधः ।
किं भोग्यं सहजसुखं किं वाऽभोग्यं परेच्छया लब्धम् ।।२।।

કિં તીર્થં વેદશિરઃ કિં દેયં પાત્રં આત્મસંબોધઃ
કિં ભોગ્યં સહજસુખં કિં વાડભોગ્યં પરેચ્છયા લબ્ધમ્ ।।૧।।

પ્ર. તીર્થ (જાત્રાનું સ્થળ) કયું ?

ઉ. ઉપનિષદ.

પ્ર. શું આપવું ?

ઉ. સુપાત્રને આત્મજ્ઞાન.

પ્ર. ઉપભોગ કરવા યોગ્ય શું છે ?

ઉ. સહજસુખ.

પ્ર. અને ઉપભોગ કરવા યોગ્ય નથી શું ?

ઉ. બીજાની ઈચ્છાથી પ્રાપ્ત થયેલું (પરાધીન) સુખ.

વિવેચન :- વેદશિરઃ ઉપનિષદ્. જેવી રીતે શરીરનાં અંગોમાં માથું શ્રેષ્ઠ છે તેવી રીતે ઉપનિષદો (વેદોનો જ્ઞાનકાંડાત્મક ભાગ) કર્મ અને ઉપાસનાકાંડોની અપેક્ષાએ શ્રેષ્ઠ છે. કારણકે શાશ્વત શાંતિ એ દ્વારા જ મળી શકે છે. તેથી એ વેદ-સુખ, એ શ્રેષ્ઠ અને તેથી જ ઉપભોગ્ય છે. કેમ કે બીજા

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સુખોની માફક એ બાહ્ય વિષયોને આધીન નથી.

किं कष्टं यत्सत्यं किं वा सहजं परं ब्रह्म ।
कर्तव्यं किं सर्वैरात्माऽकर्तेति बुद्धिरेव सदा ॥३॥

કિં કષ્ટં યત્સત્યં કિં વા સહજં પરં બ્રહ્મ ।
કર્તવ્યં કિં સર્વૈરાત્માઽકર્તેતિ બુદ્ધિરેવ સદા ॥૩॥

પ્ર. શાનું પાલન મુશ્કેલ છે ?

ઉ. સત્યનું.

પ્ર. સહજ (સ્વાભાવિક) શું છે ?

ઉ. પરબ્રહ્મ.

પ્ર. બધાંએ શું કરવું જોઈએ ?

ઉ. હંમેશાં આત્મા અકર્તા (કર્તત્વભોક્તૃત્વના વિકારથી રહિત) છે એવી બુદ્ધિ. ૩

आदातुं संत्यक्तुं किमशक्यं ब्रह्म निजरूपम् ।
किं वा दुःखमबोधः किं सुखमात्मावबोधत शान्तिः ॥४॥

આદાતું સંત્યક્તું કિમશક્યં બ્રહ્મ નિજરૂપમ્ ।
કિં વા દુઃખમબોધઃ કિં સુખમાત્માવબોધતઃ શાન્તિઃ ॥૪॥

પ્ર. ગ્રહણ કરવા માટે અને ત્યાગ કરવા માટે શું અશક્ય છે ?

ઉ. બ્રહ્મ (કેમકે એ) પોતાનું સ્વરૂપ (છે).

પ્ર. દુઃખદાયક શું છે ?

ઉ. (આત્મસ્વરૂપનું) અજ્ઞાન.

પ્ર. અને સુખકર ?

ઉ. આત્મજ્ઞાનથી (પ્રાપ્ત થયેલી) શાંતિ. ૪

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિવેચન :- निजरूपम् જે પોતાનાથી અળગું હોય તેનું જ ગ્રહણ કે ત્યાગ સંભવે છે. પણ બ્રહ્મ તો આત્મસ્વરૂપ છે, એટલે એનું ગ્રહણ કે ત્યાગ સંભવતો નથી. એ તો ત્રણે કાળમાં છે, છે ને છે જ.

विषमं विषं तु किं वा यत्किंचित्कस्यचिच्च या चिन्ता ।
परमामृतं तु किं वा श्रीगुरुवाक्यं कृपानिबिडम् ॥५॥

વિષમં વિષં તુ કિં વા યત્કિંચિત્કસ્યચિચ્ચ યા ચિન્તા
પરમામૃતં તુ કિં વા શ્રીગુરુવાકયં કૃપાનિબિડમ્ ॥૫॥

પ્ર. કાતિલ વિષ કયું ?

ઉ. કોઈપણ વિષયની જરા પણ ચિંતા.

પ્ર. શ્રેષ્ઠ અમૃત કયું ?

ઉ. કૃપાથી ભરેલાં સદ્‌ગુરુનાં વચન. ૫

को गुरुरधिमन्तव्यो देशिकशिष्यत्व बाधबोधयिता ।
अध्येतव्यं किं खलु यावद्वेदार्थदर्शकः प्रणवः ॥६॥

કો ગુરુરધિમન્તવ્યો દેશિકશિષ્યત્વ બાધબોધયિતા
અધ્યેતવ્યં કિં ખલુ યાવદ્વેદાર્થદર્શકઃ પ્રણવઃ ॥૬॥

પ્ર. ગુરુ કોને માનવો ?

ઉ. જે ગુરુ અને શિષ્યમાં વસ્તુતઃ કંઈ ભેદ નથી એવો (અભેદનો) બોધ કરે તેને.

પ્ર. અભ્યાસ શાનો કરવો ?

ઉ. વેદોનો સમગ્ર અર્થ બતાવનાર પ્રણવ ૐ - નો ૬.

कोऽनध्यायोऽध्ययने यावत्सद्‌गुरुमलब्धवांस्तावत् ।
कं प्रणवार्थस्तूष्णीं किं ध्येयं मात्रसंत्यागः ॥७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કોઽનધ્યાયોઽધ્યયને યાવત્સદ્ગુરુમલબ્ધવાંસ્તાવત્ ।
કં પ્રણવાર્થસ્તૂષ્ણીં કિં ધ્યેયં માત્રસંત્યાગઃ ॥૭॥

પ્ર. અધ્યયનને માટે અનાધ્યાય (છુટ્ટી; રજા) કયો ?

ઉ. જ્યાં સુધી સદ્ગુરુ ન મળે ત્યાં સુધી.

પ્ર. પ્રણવનો અર્થ શો ?

ઉ. મૌન (જ્યાં વાણી કામ નથી કરતી તે બ્રહ્મ)

પ્ર. ધ્યાન ધરવા લાયક શું છે ?

ઉ. જેમાં ધ્યેયમાત્રનો (ધ્યાન ધરી શકાય એવી સર્વ દૃશ્ય વસ્તુઓનો) સંપૂર્ણ ત્યાગ છે - તે પરબ્રહ્મ. ૭.

વિવેચનઃ- જે જે વસ્તુ નેત્રથી જોઈ શકાય તેવી કે મનથી ચિંતવી શકાય તેવી છે તે તે (ધ્યેય) નાશવંત છે, અને બ્રહ્મ પૂર્ણ અવિનાશી છે. તેથી જ બ્રહ્મમાં ધ્યેયત્વનો સંપૂર્ણ અભાવ બતાવ્યો છે. બ્રહ્મનું ધ્યાન અન્ય વસ્તુઓના ધ્યાન જેવું નથી. અન્ય સગુણ ધ્યાનમાં ધ્યાન (મનથી કે નેત્રથી જોવાની ક્રિયા), ધ્યાતા (ધ્યાન ધરનાર) અને ધ્યેય (જેનું ધ્યાન ધરવાનું છે તે સગુણ વસ્તુ) એ ત્રિપુટી કાયમ હોય છે. પણ સર્વોત્કૃષ્ટ બ્રહ્મધ્યાનમાં આ ત્રિપુટીનો લય થાય છે. અને મન પૂર્ણ ધ્યેયાકાર - બ્રહ્માકાર થઈ રહે છે. આને નિર્વિકલ્પ સમાધિ કહે છે.

कः शूरो दङ्मात्रान्मायाभेत्ता स्वयंप्रकाशज्ञः ।
किं चिन्त्यं मनुजैरिह चिन्ताबीजं विचित्रजगत इति ॥८॥

કઃ શૂરો દઙ્માત્રાન્માયાભેત્તા સ્વયંપ્રકાશજ્ઞઃ ।
કિં ચિન્ત્યં મનુજૈરિહ ચિન્તાબીજં વિચિત્રજગત ઇતિ ॥૮॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. શૂરવીર કોણ ?

ઉ. જે દૃષ્ટિમાત્રથી માયાનો નાશ કરે અને સ્વયંપ્રકાશ આત્માનું જ્ઞાન સંપાદન કરે તે.

પ્ર. મનુષ્યે અહીં શો વિચાર કરવો ?

ઉ. (આ) વિચિત્ર જગત (સર્વ) ચિંતાનું બીજ છે એવો. ૮.

વિવેચન :- દૃઙ્ જ્ઞાનદૃષ્ટિ; વિચાર. સ્વયંપ્રકાશ જેને જોવા માટે બીજા કોઈ (સૂર્ય, ચંદ્ર કે દીવા વગેરેના) પ્રકાશની કે નેત્ર વગેરે સાધનની જરૂર પડતી નથી તે આત્મા.

किं पेशलः हि लोके विद्वच्चरितं विरुद्धशास्त्रमपि ।
सद्भक्त्या किं कार्य सज्जनपदरजसि भूयसः स्नानम् ।।९।।

કિં પેશલઃ હિલોકે વિદ્વચ્ચરિતં વિરુદ્ધશાસ્ત્રમપિ ।
સદ્ભક્ત્યા કિં કાર્યં સજ્જનપદરજસિ ભૂયસઃ સ્નાનમ્ ।।૯।।

પ્ર. જગમાં સુંદર શું છે ?

ઉ. જ્ઞાનીનું આચરણ પછી ભલે ને એ (લૌકિક) શાસ્ત્રની વિરુદ્ધ હોય.

પ્ર. (મુમુક્ષુએ) શુદ્ધ ભક્તિપૂર્વક શું કરવું જોઈએ ?

ઉ. સંતોની ચરણરજમાં ફરી ફરીથી સ્નાન. ૯

વિવેચન :- જ્ઞાનીનો અનુભવ એટલે જ શાસ્ત્ર અને તેટલા પૂરતું જ જ્ઞાનીનું આચરણ શાસ્ત્ર વિરુદ્ધ હોય તો પણ તે સ્પૃહણીય છે. શાસ્ત્રો માણસને મુક્ત કરવા માટે છે, માણસનાં બંધન વધારવા માટે નથી. એટલે સ્વભાવિક રીતે જ જ્ઞાનીનાં

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

બીનજરૂરી શાસ્ત્રબંધન જ્ઞાન થતાં જ પોતાની મેળે શિથિલ થાય છે. છતાં શાસ્ત્રબંધન જ્ઞાનાગ્નિથી પોતાની મેળે ઢીલાં થઈ જાય કે ખરી પડે એ એક ચીજ છે અને સ્વેચ્છાચાર માટે એમને હેતપૂર્વક હડસેલી મૂકવામાં આવે એ બીજી વાત છે. સહજ કે સ્વાભાવિક આચાર અને સ્વચ્છંદ કે સ્વેચ્છાચાર વચ્ચે સ્વર્ગ કે નરક જેટલું અંતર છે એ વાત સાચી ઉન્નતિની ઈચ્છા રાખનાર દરેક માણસે ખૂબ યાદ રાખવાની જરૂર છે.

आबाल्यात्किं कार्यं निरहंकारेण साधुपदसेवा ।
भाग्योदयस्तु को वा गुरुवचनादद्वितीयपदलाभः ।।१०।।

આબાલ્યાત્કિં કાર્યં નિરહંકારેણ સાધુપદસેવા ।
ભાગ્યોદયસ્તુ કો વા ગુરુવચનાદદ્વિતીયપદલાભઃ ।।૧૦।।

પ્ર. છેક બાળપણથી માંડીને જ શું કરવા યોગ્ય છે ?

ઉ. અભિમાન રહિત થઈ સાધુસંતોના ચરણની સેવા.

પ્ર. ભાગ્યોદય કયો ?

ઉ. સદ્ગુરુના ઉપદેશથી અદ્વિતીય બ્રહ્મપદની પ્રાપ્તિ ૧૦.

मुक्तैः किं कर्तव्यं प्रारब्धाधीनसदसदाभोगः ।
पुंसां किं सर्वस्वं सच्चित्सुखनामिका गुरोर्मूर्ति ।।११।।

મુક્તૈઃ કિં કર્તવ્યં પ્રારબ્ધાધીનસદસદાભોગઃ ।
પુંસાં કિં સર્વસ્વં સચ્ચિત્સુખનામિકા ગુરોર્મૂર્તિઃ ।।૧૧।।

પ્ર. મુક્તપુરુષોએ શું કરવું ?

ઉ. પ્રારબ્ધવશાત્ આવી મળતી શુભાશુભ વસ્તુઓનો ઉપયોગ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. મનુષ્યોનું સર્વસ્વ શું છે ?

ઉ. સચ્ચિદાનંદસ્વરૂપ ગુરુમૂર્તિ. ૧૧.

का कामधेनुरनघा वेदे तथा गुरौ श्रद्धा ।
को वैद्यो रोगहरो ब्रह्मिष्ठः सदयहृदयगुरुराजः ॥१२॥

કા કામધેનુરનઘા વેદે દેવે તથા ગુરૌ શ્રદ્ધા ।
કો વૈદ્યો રોગહરો બ્રહ્મિષ્ઠઃ સદયહૃદયગુરુરાજઃ ॥૧૨॥

પ્ર. નિર્દોષ કામધેનુ કઈ ?

ઉ. વેદ, ઈશ્વર તથા ગુરુમાં શ્રદ્ધા.

પ્ર. (જન્મ મરણરૂપી) રોગહરણ કરનાર વૈદ્ય કયો ?

ઉ. બ્રહ્મિષ્ઠ અને દયાળુ અંતઃકરણવાળા ગુરુ. ૧૨

વિવેચન :- કામધેનુ-ઈચ્છાઓ પૂરી કરનાર કાલ્પનિક ગાય. શ્રદ્ધાને નિર્દોષ કામધેનુની માફક એને કોઈ ચોરી જવાની કે બળાત્કારે લઈ જવાની બીક નથી.

कः पुत्र स्वोद्धर्ता ज्ञातस्वात्मैव चिन्मयः पुरुष. ।
कः सुखशायी लोके संसृतिमिथ्यात्वपक्कमतितृप्तः ॥१३॥

કઃ પુત્રઃ સ્વોદ્ધર્તા જ્ઞાતસ્વાત્મૈવ ચિન્મયઃ પુરુષઃ ।
કઃ સુખશાયી લોકે સંસૃતિમિથ્યાત્વપક્વમતિતૃપ્તા ॥૧૩॥

પ્ર. પુત્ર કોણ ?

ઉ. પોતાનો ઉદ્ધાર કરનાર આત્મજ્ઞાની ચૈતન્યમય પુરુષ જ.

પ્ર. જગતમાં કોણ સુખથી ઉંઘે છે ?

ઉ. સંસારની અસારતાથી પરિપકવ (જાગ્રત) થયેલી બુદ્ધિથી તૃપ્ત થએલો વૈરાગ્યવાન જ્ઞાની. ૧૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

किं त्याज्यं साधुकृते चरिते कुत्सितमतिस्तु साधुजनैः ।
कः शत्रुर्दुःखकरो गुरुवचने संशयो महाशत्रुः ॥१४॥

કિં ત્યાજ્યં સાધુકૃતે ચરિતે કુત્સિતમતિસ્તુ સાધુજનૈઃ ।
કઃ શત્રુર્દુઃખકરો ગુરુવચને સંશયો મહાશત્રુઃ ॥૧૪॥

પ્ર. સાધુકૃત આચરણમાં ત્યાજ્ય શું છે ?

ઉ. સંતો તરફ કુબુદ્ધિ.

પ્ર. દુઃખદાયક શત્રુ કયો ?

ઉ. સદ્ગુરુના વચનોમાં શંકા એ જ મોટો શત્રુ છે. ૧૪

कः शोभते नितान्तं निःस्पृहताशालिनिजबोधः ।
किं याच्यं सद्गुरुषु स्वोद्धारः सर्वदैन्यपरिहारः ॥१५॥

કઃ શોભતે નિતાન્તં નિઃસ્પૃહતાશાલિનિજબોધઃ ।
કિં યાચ્યં સદ્ગુરુષુ સ્વોદ્ધારઃ સર્વદૈન્યપરિહારઃ ॥૧૫॥

પ્ર. અત્યંત શું શોભે છે ?

ઉ. નિઃસ્પૃહત્તાથી પ્રકાશતું આત્મજ્ઞાન.

પ્ર. સદ્ગુરુ પાસે શાની યાચના કરવી ?

ઉ. સર્વ દીનતાનું નિવારણ કરનાર આત્મોદ્ધાર. ૧૫

વિવેચન :- નિઃસ્પૃહતા–ફાવે તેવું પ્રખર જ્ઞાન પણ માગણવૃત્તિથી ઝાંખું પડે છે. નિઃસ્પૃહતા એ જ્ઞાનની શોભા અને સાચા જ્ઞાનનું ચિહ્ન છે.

को वा मान्यः सिद्धो बालोऽपि ब्रह्मभावमतिमान्यः ।
का वा दरिद्रसीमा मूढप्रियसिद्ध्यहंकृतिः प्रोक्ता: ॥१६॥

કો વા માન્યઃ સિદ્ધો બાલોઽપિ બ્રહ્મભાવમતિમાન્યઃ ।
કા વા દરિદ્રસીમા મૂઢપ્રિયસિદ્ધ્યહંકૃતિઃ પ્રોક્તા ॥૧૬॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. માન આપવા લાયક કોણ ?

ઉ. બાળક હોય તો પણ બ્રહ્મજ્ઞાની સિદ્ધ (જ્ઞાની).

પ્ર. દારિદ્રયની સીમા કઈ ?

ઉ. મૂઢલોકોને પ્રિય એવો સિદ્ધિઓનો અહંકાર ૧૬.

વિવેચન :- સિદ્ધિઓ જ્ઞાનપ્રાપ્તિમાં બંધનરૂપ છે. સિદ્ધિઓની લાલચમાં ન ફસાતાં જે પોતાની સાધના આગળ ચલાવ્યે જાય તે જ સાચો સિદ્ધજ્ઞાની થાય છે. સિદ્ધિઓનું ફળ ક્ષણભંગુર છે, જ્ઞાનનું ફળ શાશ્વત છે. મૂઢલોકો જ સિદ્ધિઓમાં રાચે છે. જ્ઞાન કરતાં સિદ્ધિને વધારે માને છે. સિદ્ધિઓનો અહંકાર એ દારિદ્રયની સીમા છે કારણ કે એકવાર સિદ્ધિઓના મોહમાં ફસાયો કે એનું અધઃપતન થવા માડે છે ને સિદ્ધિઓ તો વેશ્યાની માફક માણસોને છેતરીને ચાલી જાય છે. એટલે માણસ થોડીવારમાં કોડીમૂલનો થઈ જાય છે. એનામાં નથી હોતું જ્ઞાનનું તેજ કે નથી રહેતી પહેલાંની સિદ્ધિઓની ગરમી. એટલે ધીમે ધીમે એ નિઃસત્ત્વ બની જાય ને એને કોઈ પૂછતું નથી.

किं सोढव्यं विदुषा खलवचनं विषविनिर्मितम् ।
स्थेयं कथं खलेषु स्वीयां निष्ठां दृढं समाच्छाद्या ।।१७।।

કિં સોઢવ્યં વિદુષા ખલવચનં વિષવિનિર્મિતમ્ ।
સ્થેયં કથં ખલેષુ સ્વીયાં નિષ્ઠાં દઢં સમાચ્છાદ્યા ।।૧૭।।

પ્ર. જ્ઞાનીએ શું સહન કરવું ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. ઝેરથી ભરેલાં અને કઠોર એવાં દુર્જનોનાં વચન (મ્હેણાં).

પ્ર. દુર્જનોની વચમાં કેવી રીતે રહેવું ?

ઉ. પોતાનું ખરું સ્વરૂપ સારી રીતે છુપાવીને ૧૭.

શ્રી કૃષ્ણાનંદસરસ્વતી*

तुलसीदासकृत–प्रश्नोत्तर

અરણ્યકાંડની વાત છે. ભગવાન રામચંદ્રજી સુખાસને બિરાજ્યા છે અને લક્ષ્મણજી પાસે બેસી ચરણ સેવા કરી રહ્યા છે. બંને વચ્ચે અનેક જ્ઞાન ચર્ચા ચાલી રહી છે. લક્ષ્મણજી એક પછી એક પ્રશ્ન પૂછે છે અને ભગવાન રામચંદ્રજી તેના યોગ્ય ઉત્તર આપી તેમને સંતોષે છે. કેટલાક વિદ્વાનો આ પ્રશ્નોત્તરને તુલસીદાસની કૃતિ તરીકે નથી સ્વીકારતા, કેમકે તેમાં અદ્વૈતનિરૂપણની ગંધ હોવાથી તેમની દ્દષ્ટિ પ્રમાણે તુલસીદાસની પવિત્ર દાસભક્તિને એ અનનુરૂપ છે. તેઓ

*આ વિદ્વાન સ્વામીને થઈ ગયે થોડાંકજ વરસ થયાં છે. કાશીના વિદ્વન્મડળમાં તેમનું સ્થાન ઘણું ઊંચું હતું. તેઓ એક ધુરંધર વિદ્વાન અને વેદાંતમાં પરમ નિષ્ણાત હતા. તેમના વેદાંત વિષયક કેટલાંક સ્તોત્રો અને વિચારત્રયી વગેરે ગ્રંથો મુમુક્ષુઓમાં આજે પણ રસપૂર્વક વંચાય છે. તેમનાં પુનિત પગલાં ગુજરાતમાં પણ વિચરી ગએલાં એટલે ગુજરાતમાં પણ તેમનું નામ તદ્દન અજ્ઞાત તો નથી જ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

એને, આ અને બીજા, અનેક કારણોથી ઉમેરેલાં, અતએવ ક્ષેપક, માને છે. દાસભક્તિમાં અદ્વૈતનિરૂપણને સ્થાન છે કે નહિ એ વાદગ્રસ્ત પ્રશ્ન બાજુએ મૂકીએ તો પણ રામાયણમાં એ પ્રસંગ અસ્થાને નથી જ. અધ્યાત્મરામાયણમાં એવો પ્રસંગ કલ્પેલો છે, વાલ્મીકિમાં પણ છે અને તુલસીદાસે પણ એ પ્રાચીન પરંપરાનું અનુકરણ કર્યું હોય તો તેમાં નવાઈ નથી પણ એવી શુષ્કચર્ચા પટુ વિદ્વાનો માટેજ રહેવા દેવી ઉચિત છે. મુમુક્ષુ માટે તો સત્ય જ્યાંથી આવે ત્યાંથી તેનો અવિલંબે સ્વીકાર કરવો, એજ ધર્મ છે. સર્વોત્તમ હીરો ગોવળકાંડાની ખાણનો ન હોય તેટલા માટે જ તેનો ત્યાગ કરવો એ સાવ મૂર્ખતા છે.

नाथ बात सबबिधि तुम जानो ।
मैं पूछौं संक्षेप बखानो ।।१।।
भवसमुद्र मथि को आधारा ।
गुरु कृपाल पद पोत निहारा ।।२।।

નાથ બાત સબબિધિ તુમ જાનો ।
મૈં પૂછૌં સંક્ષેપ બખાનો ।।૧।।
ભવસમુદ્ર મધિ કો આધારા ।
ગુરુ કૃપાલ પદ પોત નિહારા ।।૨।।

લક્ષ્મણજી પૂછે છે – હે નાથ ! આપ બધી રીતે સર્વ વાતો જાણો છો, માટે હું જે પૂછું છું સંક્ષેપથી કહો. ૧.

પ્ર. હે પ્રભો ! આ સંસારસાગરમાં આધાર કોણ છે ?

ઉ. દયાળુ ગુરુના ચરણકમળને નૌકા કરીને જુઓ; અર્થાત્

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

સંસારસાગરમાંથી પાર ઉતરવા માટે સદ્દગુરુના ચરણકમળ જ નૌકારૂપ છે. ૨

गुरु को जो देवै हितबोधा ।
शिष्य कौन जो सुने प्रबोधा ।।३।।
बेधित को विषया अनुरागी ।
को वा मुक्त विषय जिन त्यागी ।।४।।

ગુરુ કો જો દેવૈ હિતબોધા ।
શિષ્ય કૌન જો સુને પ્રબોધા ।।૩।।
બેધિત કો વિષયા અનુરાગી ।
કો વા મુક્ત વિષય જિન ત્યાગી ।।૪।।

પ્ર. ગુરુ કોણ ?
ઉ. જે હિતનો ઉપદેશ કરે તે.
પ્ર. શિષ્ય કોને કહેવો ?
ઉ. જે ઉપદેશ કાને ધરે તેને. ૩.
પ્ર. વીંધાયેલો કોણ છે ?
ઉ. જે વિષયોમાં આસક્ત છે તે.
પ્ર. મુક્ત કોણ છે ?
ઉ. જેણે વિષયોનો ત્યાગ કર્યો છે તે ૪.

नर्क सो कौन घोर निज देही ।
तृष्णा त्यागी स्वर्ग सुख येही ।।५।।
तमोद्धार किं किंकर नारी ।
मोक्षमार्ग सत संग बिचारी ।।६।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

નર્ક સો કૌન ઘોર નિજ દેહી ।
તૃષ્ણા ત્યાગી સ્વર્ગ સુખ ચેહી ॥૫॥
તમોદ્વાર કિં કિંકર નારી ।
મોક્ષમાર્ગ સતસંગ બિચારી ॥૬॥

પ્ર. ઘોર નરક સમાન કોણ છે ?
ઉ. પોતાનું શરીર.
પ્ર. સ્વર્ગનું સુખ શું ?
ઉ. તૃષ્ણાનો ત્યાગ કરવો તે. ૫
પ્ર. નરકનું દ્વાર કયું ?
ઉ. સ્ત્રીના (કામવાસનાના) દાસ બની જવું તે.
પ્ર. મોક્ષનો માર્ગ કયો ?
ઉ. સત્સંગતિ. ૬

सोवत को जग रहे जे टेकी ।
जागत को सत असत बिबेकी ॥७॥
को वा शत्रु निजेन्द्रिय मीता ।
सोई सुह्रद तिन्है जिन जीता ॥८॥

સોવત કો જગ રહે જે ટેકી ।
જાગત કો સત અસત બિબેકી ॥૭॥
કો વા શત્રુ નિજેન્દ્રિય મીતા ।
સોઈ સુહ્રદ તિન્હૈ જિન જીતા ॥૮॥

પ્ર. જગતમાં ઊંઘતા કોણ છે ?
ઉ. જે આસક્ત થઈને રહે છે તે.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. જાગતો કોણ ?

ઉ. જે સત્યાસત્યનો વિવકે જાણે છે તે. ૭

પ્ર. શત્રુ કોણ ?

ઉ. જેણે પોતાની ઇંદ્રિયો નથી જીતી તે.

પ્ર. મિત્ર કોણ ?

ઉ. જેણે પોતાની ઇંદ્રિયો પર જીત મેળવી છે તે. ૮.

रंक कौन ज्यहि तृष्णा चौषी ।
धनी सो को सब विधि संतोषी ।।९।।
महा अंध को जो मदनातुर ।
निज भल करैं सोई बड चातुर ।।१०।।
રંક કૌન જ્યહિ તૃષ્ણા ચોષી ।
ધની સો કો સબ બિધિ સંતોષી ।।૯।।
મહા અંધ કો જો મદનાતુર ।
નિજ ભલ કરૈં સોઈ બડ ચાતુર ।।૧૦।।

પ્ર. રંક કોણ ?

ઉ. જેને અત્યંત તૃષ્ણા છે તે.

પ્ર. ધનવાન કોણ ?

ઉ. જે સર્વ રીતે સંતોષી છે તે. ૯

પ્ર. મહાઅંધ કોણ ?

ઉ. જે કામાતુર છે તે.

પ્ર. ચતુર કોણ ?

ઉ. જે પોતાનું કલ્યાણ કરે છે તે. ૧૦

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

क्षमावंत को त्यहि श्रुति कहई ।
परुष बचन सुनि जो नहि दहई ।।११।।
मृतक कौन ज्यहि कीरति नाहिं ।
जीवत जासु सुयज्ञ जग माँ हीं ।।१२।।
दीरघ रुज किं यह संसारा ।
औषधि तासु अनूप बिचारा ।।१३।।

ક્ષમાવંત કો ત્યહિ શ્રુતિ કહઈ ।
પરુષ બચન સુનિ જો નહિ દહઈ ।।૧૧।।
મૃતક કૌન જ્યહિ કીરતિ નાહિં ।
જીવત જાસુ સુયજ્ઞ જગ મૌંહીં ।।૧૨।।
દીરઘ રુજ કિં યહ સંસારા ।
ઔષધિ તાસુ અનૂપ બિચારા ।।૧૩।।

પ્ર. વેદો ક્ષમાવાન કોને કહે છે ?

ઉ. જે કઠોર વચન સાંભળીને દુઃખી નથી થતો તેને. ૧૧

પ્ર. મૃતક (મડદા જેવો) કોણ છે ?

ઉ. જેની લોકોમાં પ્રતિષ્ઠા નથી તે.

પ્ર. જીવતો કોણ છે ?

ઉ. જગતમાં જેની સત્કીર્તિ ફેલાએલી છે તે. ૧૨

પ્ર. મોટો રોગ કયો છે ?

ઉ. આ સંસાર.

પ્ર. એને માટે રામબાણ ઓસડ કયું ?

ઉ. સદસદ્વિચાર. ૧૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

दोहा :- को हौं आयो कांहते, कित जैहौं का सार ।
को में जननी को पिता, याको कहिये विचार ॥१॥

દોહા :- કો હૌં આયો કાંહતે, કિત જૈહૌં કા સાર ।
કો મેં જનની કો પિતા, યાકો કરિયે બિચાર ॥૧॥

હું કોણ ? ક્યાંથી આવ્યો ? જવાનો ક્યાં ? અહિંયા સારવસ્તુ શું છે ? મારી માતા કઈ ? પિતા કોણ ? એનો વિચાર કરો. ૧

किं अनीति जह वेद विरुद्धा ।
परमतीर्थ किं निजमन शुद्धा ॥१॥
बिन प्रतीति को कंचन कांता ।
सेवा करन योग को शांता ॥२॥

કિં અનીતિ જહં વેદ વિરુદ્ધા ।
પરમતીર્થ કિં નિજમન શુદ્ધા ॥૧॥
બિન પ્રતીતિ કો કંચન કાંતા ।
સેવા કરન યોગ કો શાંતા ॥૨॥

પ્ર. અનીતિ કઈ ?
ઉ. વેદ (શાસ્ત્ર) વિરુદ્ધ વર્તન.
પ્ર. પરમ તીર્થ કયું ?
ઉ. પોતાનું શુદ્ધ અંતઃકરણ. ૧
પ્ર. ભરોંસો રાખવા લાયક કોણ નથી ?
ઉ. કનક અને કામિની.
પ્ર. સેવા કરવા માટે કોણ યોગ્ય છે ?
ઉ. શાંત પુરુષ. ૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

किं ज्वर चिंता चितकी जानौ ।
शठ को जो बिन धर्म पिछानौ ॥३॥
लाभ कौन बडि भक्ति हमारी ।
हानि न भज्यो मोहिं तनुधारी ॥४॥

કિં જ્વર ચિંતા ચિતકી જાનૌ ।
શઠ કો જો બિન ધર્મ પિછાનૌ ॥૩॥
લાભ કૌન બડિ ભક્તિ હમારી ।
હાનિ ન ભજ્યો મોહિં તનુધારી ॥૪॥

પ્ર. જ્વર (તાવ) શું ?

ઉ. ચિત્તની ચિંતા.

પ્ર. શઠ કોણ ?

ઉ. જેનામાં ધર્મ નથી તે. ૩

પ્ર. લાભ કયો ?

ઉ. પરમાત્માની દૃઢ ભક્તિ.

પ્ર. હાનિ કઈ ?

ઉ. મનુષ્યદેહ પ્રાપ્ત થયા છતાં પરમાત્માનું ભજન ન કરવું તે. ૪

को वा शूर सुभावै जीतै ।
भूषण कि जो शील न रीतै ॥५॥
विद्या कि जो भेद मिटाई ।
भेद अविद्या है दुखदाई ॥६॥

કો વા શૂર સુભાવૈ જીતૈ ।
ભૂષણ કિં જો શીલ ન રીતૈ ॥૫॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

વિદ્યા કિં જો ભેદ મિટાઈ ।
ભેદ અવિદ્યા હૈ દુખદાઈ ॥૬॥

પ્ર. શૂરવીર કોણ ?
ઉ. જેણે સ્વભાવ (મન) ઉપર જીત મેળવી છે તે.
પ્ર. અલંકાર શું ?
ઉ. ચારિત્ર. ૫
પ્ર. વિદ્યા એટલે શું ?
ઉ. જેનાથી ભેદભાવ નાશ પામે તે.
પ્ર. દુઃખદાયી અવિદ્યા કઈ ?
ઉ. ભેદભાવ. ૬.

लज्जा किं नहिं करै बिकार ।
महावीर जिन मनहि प्रहार ॥७॥
धीरवंत बलि अतिशय को वा ।
सुमुखि कटाक्ष न मोहै जोवा ॥८॥

લજ્જા કિં નહિ કરૈ બિકાર ।
મહાવીર જિન મનહિ પ્રહાર ॥૭॥
ધીરવંત બાલ અતિશય કો વા ।
સુમુખિ કટાક્ષ ન મોહૈ જોવા ॥૨॥

પ્ર. લજ્જા એટલે શું ?
ઉ. જેનાથી વિકાર નથી થતો તે.
પ્ર. મહાવીર કોણ ?
ઉ. જેણે મનને માર્યું છે તે. ૭
પ્ર. અત્યંત ધૈર્યવાન અને બળવાન કોણ ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. જેને સુમુખી (સુંદર મુખવાળી સ્ત્રી) ના નયનકટાક્ષ મોહ પમાડી શકતા નથી તે. ૮

दुःख किं अनित्य वस्तुमें नेहा ।
सुखप्रद को मम चरणसनेहा ।।९।।
पातक मूल लोभ लखि परई ।
पठन सुनत किं कुपथ विसरई ।।१०।।
દુઃખ કિં અનિત્ય વસ્તુમેં નેહા ।
સુખપ્રદ કો મમ ચરણસનેહા ।।૯।।
પાતક મૂલ લોભ લખિ પરઈ ।
પઠન સુનત કિં કુપથ વિસરઈ ।।૧૦।।

પ્ર. દુઃખ શું છે ?
ઉ. અનિત્ય વસ્તુમાં પ્રીતિ રાખવી તે.
પ્ર. સુખદાયક શું ?
ઉ. પ્રભુચરણમાં પ્રીતિ ૯
પ્ર. પાપનું મૂળ શું ?
ઉ. પરાયી વસ્તુનો લોભ.
પ્ર. પઢવું અને શ્રવણ કરવું એટલે શું ?
ઉ. કુમાર્ગને ભૂલી જવો તે. ૧૦

त्यागी को जो मन बच काया ।
करि संतकर्म भजै फल पाया ।।११।।
सत्य बचन किं जो म्वहिं लीन्है ।
पंडित किं बिकार तजी दीन्है ।।१२।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ત્યાગી કો જો મન બચ કાયા ।
કરિ સતકર્મ ભજૈ ફલ પાયા ॥૧૧॥
સત્ય બચન કિં જો મ્વહિં લીન્હે ।
પંડિત કિં બિકાર તજી દીન્હે ॥૧૨॥

પ્ર. ત્યાગી કોને કહેવો ?

ઉ. જે મન, વચન અને કાયાથી સત્કર્મ કરે છે, અને જે આવી મળે તેથી સંતોષ માને છે તેને. ૧૧

પ્ર. સત્ય વચન ક્યાં ?

ઉ.જે મેં ઉચ્ચાર્યાં હોય તે; જેવાં કે ગીતા ઉપનિષદ વગેરે.

પ્ર. પંડિત કોણ ?

ઉ. જેણે વિકારનો ત્યાગ કર્યો છે તે. ૧૨.

मम स्वरूप जाने सोई ज्ञानी ।
मूरख को स्वदेह अभिमानी ॥१३॥
पंथ कवनि जामें म्वहिं पावै ।
दानी जो मम भक्ति बतावे ॥१४॥

મમ સ્વરૂપ જાને સોઈ જ્ઞાની ।
મૂરખ કો સ્વદેહ અભિમાની ॥૧૩॥
પંથ કવનિ જામેં મ્વહિં પાવૈ ।
દાની જો મમ ભક્તિ બતાવે ॥૧૪॥

પ્ર. જ્ઞાની કોણ છે ?

ઉ. જે માંરા સ્વરૂપને જાણે છે તે.

પ્ર. મૂરખ કોણ ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. જે દેહભિમાની છે તે. ૧૩

પ્ર. કયો માર્ગ ગ્રહણ કરવો ?

ઉ. જેનાથી મારી પ્રાપ્તિ થાય તે.

પ્ર. દાની કોને કહેવો ?

ઉ. જે મારી ભક્તિનો માર્ગ બતાવે તેને. ૧૪

महापतित को हिंसाचारी ।
धन्य कथन जो परउपकारी ॥१५॥
को वा श्रेष्ठ निरत हरिकर्मा ।
नीच कौन जो करै कुकर्मा ॥१६॥

મહાપતિત કો હિંસાચારી ।
ધન્ય કવન જો પરઉપકારી ॥૧૫॥
કો વા શ્રેષ્ઠ નિરત હરિકર્મા ।
નીચ કૌન જો કરૈ કુકર્મા ॥૧૬॥

પ્ર. મહાપતિત કોણ ?

ઉ. હિંસક.

પ્ર. ધન્ય કોને કહેવો ?

ઉ. જે પરોપકારી હોય તેને ૧૫.

પ્ર. શ્રેષ્ઠ કોણ ?

ઉ. ભગવત્કર્મ કરવામાં મંડયો રહે તે.

પ્ર. નીચ કોણ ?

ઉ. કૂડાં કર્મનો કરનાર ૧૬.

संग्रह योग कहा गुण मेरे ।
जाई न कितै कुसंगति मेरे ॥१७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

तप किं विषयभोग परिहरई ।
दया को भूतद्रोह नहिं करई ।।१८।।
સંગ્રહ યોગ કહા ગુણ મેરે ।
જાઈ ન કિતૈ કુસંગતિ મેરે ।।૧૭।।
તપ કિં વિષયભોગ પરિહરઈ ।
દયા કો ભૂતદ્રોહ નહિં કરઈ ।।૧૮।।

પ્ર. સંગ્રહ કરવા યોગ્ય શું ?
ઉ. પરમાત્માના ગુણ.
પ્ર. ક્યાં ન જવું ?
ઉ. ખરાબ સોબતની પાસે. ૧૭
પ્ર. તપ એટલે શું ?
ઉ. વિષયભોગનો ત્યાગ.
પ્ર. દયા એટલે શું ?
ઉ. પ્રાણીમાત્રને ત્રાસ ન આપવો ન દૂભવવું તે. ૧૮

किं यमजाल सुतामस मोहा ।
प्रेम कहां जहं नहि तन छोहा ।।१९।।
साधु कौन जाके हर दाया ।
हरितें बिमुख करै सोह माया ।।२०।।
दुःख सुख सबकाल तितीक्षा ।
किं विज्ञान विवेक परीक्षा ।।२१।।
કિં યમજાલ સુતામસ મોહા ।
પ્રેમ કહાં જહં નહિ તન છોહા ।।૧૯।।
સાધુ કોન જાકે હર દાયા ।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

હરિતેં બિમુખ કરે સોઈ માયા ।।૨૦।।
દુઃખસુખ સબકાલ તિતીક્ષા ।
કિં વિજ્ઞાન વિવેક પરીક્ષા ।।૨૧।।

પ્ર. યમરાજની જાળ કઈ ?

ઉ. અત્યંત તામસીપણું અને મોહ.

પ્ર. પ્રેમ એટલે શું ?

ઉ. શરીરમાં મોહ ન થવો તે. ।।૧૯।।

પ્ર. સાધુ કોણ ?

ઉ. જેના હૃદયમાં દયાનો વાસ હોય તે.

પ્ર. માયા એટલે શું ?

ઉ. જે પરમાત્માથી વિમુખ કરે તે. ।।૨૦।।

પ્ર. તિતિક્ષા એટલે શું ?

ઉ. સુખદુઃખમાં હંમેશાં સમાન રહેવું તે.

પ્ર. વિવેક અને વિજ્ઞાનનું લક્ષણ શું ? ૨૧

दोहा – हौ नहिं तन मन व्रचन बुद्धि जाति बरण कुल एक ।
मैं हौं चेतन सबनमें । याको कहत बिबेक ।।२।।

દોહા – હૌં નહિ તન મન વચન બુદ્ધિ જાતિ બરણ કુલ એક ।
મૈં હૌં ચેતન સબનમેં, યાકો કહત બિબેક ।।૨।।

ઉ. હું શરીર મન વાણી (વાક્ વગેરે ઈંદ્રયો) બુદ્ધિ, જાતિ, વર્ણ અને કુળ – એમાંથી એક પણ નથી; પણ હું સર્વમાં એક ચૈતન્યરૂપ છું, એવું જે જ્ઞાન તેને વિવેક કહે છે.

थावर जंगम सबनमें, जहां तक जीव जहान ।
एकरूप निश्चय भयो, सोई अनन्य विज्ञान ।।३।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

जीव ईशमें भेद कि, यतनोई अहै सदीव ।
बद्धदशामें जीव कहि, मोक्ष दशामें शीव ।।४।।
થાવર જંગમ સબનમેં, જહાં તક જીવ જહાન ।
એક રૂપ નિશ્ચય ભયો, સોઈ અનન્ય વિજ્ઞાન ।।૩।।
જીવ ઈશમેં ભેદ કિ, યતનોઈ અહૈ સદીવ ।
બદ્ધદશામેં જીવ કહિ, મોક્ષ દશામેં શીવ ।।૪।।

સર્વ ચરાચર પ્રાંણીમાત્રમાં દુનિયામાં જેટલી જીવસૃષ્ટિ છે તે સર્વમાં એકરૂપતાનો અર્થાત્ અદ્વૈતનો નિશ્ચય થવો-ભેદબુદ્ધિ નષ્ટ થવી તેને જ અનન્ય વિજ્ઞાન કહે છે. ૩

પ્ર. જીવ અને શિવ દશામાં શો ભેદ છે ?

ઉ. હે ભાઈ ! જીવ અને શિવમાં સદા આટલો જ ભેદ રહેલો છે કે બદ્ધ-દશામાં છે તે જીવ છે, અને જે મોક્ષ દશામાં છે - માયાના બંધનોથી મુક્ત છે તે ઈશ્વર છે. ૪

जैसे महदाकाशतें घटाकाशको भेद ।
तैसे मिटे उपाधिके, जीवब्रह्म निरभेद ।।५।।
જૈસે મહાદાકાશતેં, ઘટાકાશકો ભેદ ।
તૈસે મિટે ઉપાધિકે, જીવબ્રહ્મ નિરભેદ ।।૫।।

હે તાત ! જેવી રીતે વ્યાપક મહાકાશથી ઘડામાં રહેલા આકામનો ભેદ છે તે ભેદ જ્યાં સુધી ઘટ ઉપાધિ વિદ્યમાન છે ત્યાં સુધી જ છે, અને એ ઉપાધિનો નાશ થતાં મહાકાશ અને ઘટાકાશમાં કોઈ ભેદ નથી, પણ બન્ને એકજ છે, તેવી જ રીતે જ્યાં સુધી જીવમાં સ્થૂલ સૂક્ષ્મશરીરાદિ ઉપાધિ છે ત્યાં સુધીજ જીવ અને બ્રહ્મમાં ભેદ છે, પણ એ ઉપાધિનો નાશ થતાં જીવ અને બ્રહ્મમાં કોઈ પણ જાતનો ભેદ રહેતો નથી. ૫.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

पुरुष अयोगिहि ब्रह्म न दरशै ।
बिन बिराग जिमि ज्ञान न सरशै ॥१॥
बिरति कहा बिथिलोक प्रयंता ।
काकविष्ठ सम समजै अंता ॥२॥

પુરુષ અયોગિહિ બ્રહ્મ દરશૈ ।
બિન બિરાગ જિમિ જ્ઞાન ન સરશે ॥૧॥
બિરતિ કહા બિધિલોક પ્રયંતા ।
કાકવિષ્ઠસમ સમજૈ અંતા, ॥૨॥

હે ભાઈ જેવી રીતે વૈરાગ્ય વિના જ્ઞાન દૃઢ નથી થતું તેવી રીતે યોગ વિના બ્રહ્મનું દર્શન યાને અનુભવ નથી થતો.

પ્ર. વૈરાગ્ય એટલે શું ?

ઉ. બ્રહ્મલોક પર્યંતના સર્વ નાશવંત વિષયોને કાગડાની વિષ્ઠાના સમાન જોવા તે. ૨

भूत कहा भय धीरज धामा ।
परम नाम किं जो मम नामा ॥३॥
चुगल कौन पर अवगुण खोलै ।
मौनि बचन युक्ति ते बोलै ॥४॥

ભૂત કહા ભય ધીરજ ધામા ।
પરમ નામ કિં જો મમ નામા ॥૩॥
ચુગલ કૌન પર અવગુણ ખોલૈ ।
મૌનિ બચન યુક્તિ તે બોલૈ ॥૪॥

પ્ર. ભૂત એટલે શું ?

ઉ. બીક અને બુદ્ધિની ભ્રષ્ટતાનો નિવાસ.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. સર્વોત્તમ જપ કયો ?

ઉ. પરમાત્માનું નામ.

પ્ર. ચાડિયો કોણ ?

ઉ. બીજાના અવગુણ જાહેરમાં લાવનાર.

પ્ર. મૌની કોણ ?

ઉ. યુક્તિથી વેણ બોલનાર. ૪

पिता बिबेक सुमति सोई माता ।
हरिजन मिलन मोक्षसुख दाता ।।५।।
दुस्तर किं सब जननि दुरासा ।
रारिमूल किं केवल हासा ।।६।।

પિતા બિબેક સુમતિ સોઈ માતા ।
હરિજન મિલન મોક્ષસુખ દાતા ।।૫।।
દુસ્તર કિં સબ જનનિ દુરાસા ।
રારિમૂલ કિં કેવલ હાસા ।।૬।।

પ્ર. પિતા કોણ ?

ઉ. વિવેક.

પ્ર. માતા કોણ ?

ઉ. સદ્બુદ્ધિ.

પ્ર. મોક્ષસુખ આપવાવાળો કોણ છે ?

ઉ. હરિજનોનો સમાગમ ૫.

પ્ર. દુસ્તર શું છે ?

ઉ. સર્વ લોકમાં જે જુઠી આશા છે તે.

પ્ર. કલહનું મૂળ શું ?

ઉ. નિષ્કારણ હસવું તે ૬.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

पशु को जो बिन सुकृत रहावै ।
बंधु विपतिमें काम जो आवै ॥७॥
श्रद्धा कि जो मुदित अनालस ।
क्रिया विषे दुःख सहे परालस ॥८॥
પશુ કો જો બિન સુકૃત રહવૈ ।
બંધુ વિપત્તિમેં કામ જો આવૈ ॥૭॥
શ્રદ્ધા કિં જો મુદિત અનાલસ ।
ક્રિયા વિષે દુઃખ સહે પરાલસ ॥૮॥

પ્ર. પશુ કોણ ?

ઉ. જે સુકૃત વગર રહે તે.

પ્ર. બંધુ કોણ ?

ઉ. સંકટ સમયે કામ આવે તે. ૭

પ્ર. શ્રદ્ધા એટલે શું ?

ઉ. આળસ છોડીને આનંદિત રહેવું તે.

પ્ર. કર્મ કરતાં દુઃખ કોને સહન કરવું પડે છે ?

ઉ. આળસુને.

किं विश्वास मनै श्रुति साची ।
तोय कौन निष्काम अयाची ॥९॥
निष्ठा किं करीये जहं प्रीती ।
लखि न अभाव होई विपरीती ॥१०॥
કિં વિશ્વાસ મનૈ શ્રુતિ સાચી ।
તોય કૌન નિષ્કામ અયાચી ॥૯॥
નિષ્ઠા કિં કરીયે જહં પ્રીતી ।
લખિ ન અભાવ હોઈ વિપરીતી ॥૧૦॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. વિશ્વાસ એટલે શું ?

ઉ. વેદ વચન સત્ય માનવાં તે.

પ્ર. સંતોષનું લક્ષણ ?

ઉ. કામના અને માગણવૃત્તિનો ત્યાગ.

પ્ર. નિષ્ઠા (ભાવ) એટલે શું ?

ઉ. પ્રેમ રાખવો તે.

પ્ર. નાસ્તિકતા શું ?

ઉ. ભાવનો અભાવ. ૧૦

रुचि किं रहित शोच सुख पाये ।
भाव क्षमादि सकल गुण आये ।।११।।
आसक्ति किं प्रिय बिन देखे ।
रुचत न कछु तन धन के लेखे ।।१२।।

રુચિ કિં રહિત શોચ સુખ પાયે ।
ભાવ ક્ષમાદિ સકલ ગુણ આયે ।।૧૧।।
આસક્તિ કિં પ્રિય બિન દેખે ।
રુચત ન કછુ તન ધન કે લેખે ।।૧૨।।

પ્ર. રુચિ એટલે શું ?

ઉ. શોકનો અભાવ અને સુખની પ્રાપ્તિ.

પ્ર. ગુણ શું ?

ઉ. ભક્તિ, ક્ષમા વગેરે. ૧૧

પ્ર. આસક્તિ એટલે શું ?

ઉ. પ્રિયનું દર્શન ન થતાં કંઈ પણ ન ગોઠવું તે. શરીર અને ધન પણ અકારાં લાગવા તે. ૧૨

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

भोजन किं जग तीनि प्रकारा ।
उत्तम मध्यम नीच निहारा ।।१३।।
मधुर मंजु मृदु सात्त्विक जानौ ।
तिक्त तात रजगुणी पिछानौ ।।१४।।
ભોજન કિં જગ તીનિ પ્રકારા ।
ઉત્તમ મધ્યમ નીચ નિહારા ।।૧૩।।
મધુર મંજુ મૃદુ સાત્ત્વિક જાનૌ ।
તિક્ત તાત રજગુણી પિછાનૌ ।।૧૪।।

પ્ર. જગતમાં ત્રણ જાતના આહાર છે. ઉત્તમ મધ્યમ, અને કનિષ્ઠ. તે દરેકનાં લક્ષણ કયાં છે ?

ઉ. મધુર, સુંદર અને જલદી પચી જાય તે આહાર સાત્વિક; તીખું ખાટું વગેરે રાજસ; ૧૪.

भक्ष्याभक्ष्य तामसिन करे ।
तिमि त्रैविधिके मनुज निबेरे ।।१५।।
पूजा तीनि भांतकी हेरी ।
प्रतिमा वैष्णव आतम केरी ।।१६।।
ભક્ષ્યાભક્ષ્ય તામસિન કરે ।
તિમિ ત્રૈબિધિકે મનુજ નિબેરે ।।૧૫।।
પૂજા તીનિ ભાંતકી હેરી ।
પ્રતિમા વૈષ્ણવ આતમ કેરી ।।૧૬।।

અને જેમાં ભક્ષ્યાભક્ષ્યનો વિચાર નથી કરવામાં આવતો તે તામસી. માણસના પણ એ અનુસાર ત્રણ ભેદ છે. ૧૫ હે ભાઈ પૂજામાં પણ ત્રણ પ્રકાર છે પ્રતિમાપૂજા, વૈષ્ણવપૂજા અને આત્મપૂજા ૧૬.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

उत्तम आतम मध्यम साधू ।
कछु कनिष्ठ प्रतिमा अवराधू ॥१७॥
शांति सो कौन बिकार बिहीना ।
निर अभिमान ज्ञान किं दीना ॥१८॥

ઉત્તમ આતમ મધ્યમ સાધૂ ।
કછુ કનિષ્ઠ પ્રતિમા અવરાધૂ ॥૧૭॥
શાંતિ સો કૌન બિકાર બિહીના ।
નિર અભિમાન જ્ઞાન કિં દીના ॥૧૮॥

તેમાં આત્મપૂજા ઉત્તમ, વૈષ્ણવપૂજા (સાધુસંતોની સેવા) મધ્યમ અને પ્રતિમાપૂજા કનિષ્ઠ છે. ૧૭

પ્ર. શાંતિ એટલે શું ?

ઉ. નિર્વિકાર સ્થિતિ.

પ્ર. જ્ઞાન એટલે શું ?

ઉ. અભિમાનથી રહિત થવું અને દીન ભાવથી રહેવું તે. ૧૮.

वशीकरण किं कोमल वाणी ।
मारणमंत्र क्षमा बड जानी ॥१९॥
जीव उभय किं बंध विमोक्षा ।
सहित रहित वासना आसोक्षा ॥२०॥

વશીકરણ કિં કોમલવાણી ।
મારણમંત્ર ક્ષમા બડ જાની ॥૧૯॥
જીવ ઉભય કિં બંધ વિમોક્ષા ।
સહિત રહિત વાસના આસોક્ષા ॥૨૦॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. વશીકરણ શું ?

ઉ. મધુર ભાષણ.

પ્ર. મારણ મંત્ર કયો ?

ઉ. ક્ષમા. ૧૯.

પ્ર. જીવનો બંધ કયો ?

ઉ. વાસનામાં લપેટાવું તે. ૨૦.

પ્ર. મોક્ષ એટલે શું ?

ઉ. વાસનાથી મુકત થવું તે. ૨૦

भाग्य सुबाम कुमति पर केरी ।
जगत मान्यता आशाबेरी ।।२१।।
परिमल किं पण धन किं धर्मा ।
करणी बिन बादै बेशर्मा ।।२२।।

ભાગ્ય સુબામ કુમતિ પર કેરી ।
જગત માન્યતા આશાબેરી ।।૨૧।।
પરિમલ કિં પણ ધન કિં ધર્મા ।
કરણી બિન બાદૈ બેશર્મા ।।૨૨।।

પ્ર. અત્યંત વક્ર શું છે ?

ઉ. દૈવ.

પ્ર. કુબુદ્ધિ કઈ ?

ઉ. પરાયી અક્કલ.

પ્ર. જગતમાં વેરી કોણ ?

ઉ. માનપાનની આશા. ૨૧

પ્ર. માણસમાં પરિમલ (સુવાસ) કઈ–માણસ શાથી દીપે છે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. પ્રતિજ્ઞા પાલનથી.

પ્ર. ધન કયું ?

ઉ. ધર્મ.

પ્ર. નિર્લજ્જ કોણ ?

ઉ. કરણી વગર ખાલી બકવાદ કરનાર. ૨૨

ईश्वर सब पर प्रकृति नियंता ।
बहुबिधि कह्यो जानकीकंता ।।२३।।
सुनि प्रभुवचन लषण हरषाने ।
बैठे पुनि निज बाद ठिकाने ।।२४।।

ઈશ્વર સબ પર પ્રકૃતિ નિયંતા ।
બહુબિધિ કહ્યો જાનકીકંતા ।।૨૩।।
સુનિ પ્રભુબચન લષણ હરષાને ।
બૈઠે પુનિ નિજ જાઈ ઠિકાને ।।૨૪।।

પ્ર. ઈશ્વર કોણ ?

ઉ. સર્વથી પર અને પ્રકૃતિના પ્રેરક. પ્રભુ રામચંદ્રજીએ આવી રીતે લક્ષ્મણજીના અનેકવિધ પ્રશ્નોના ઉત્તર આપ્યા. ૨૩.

એ સાંભળી લક્ષ્મણજીને ઘણો આનંદ થયો અને તેઓ પાછા પોતાને આસને જઈ બેઠા. ૨૪.

તુલસીરામાયણ-અરણ્યકાંડ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પરિશિષ્ટ

पू. श्री रंगावधूतमहाराजेन ग्रथिता

प्रश्नोत्तरमाला

(रंगहृदयम् पृष्टांक–१४५)

(પૂ. શ્રી એ આગળ જોઈ ગયા તે મુજબની સંસ્કૃત સાહિત્યમાંની તથા શ્રી તુલસીદાસજીની એમ પાંચ પ્રશ્નોત્તરમાલિકાઓ ગુજરાતી અર્થ સાથે તથા ક્યારેક વિવેચનની જરૂર જણાઈ ત્યાં વિસ્તૃત ટીકા-ટિપ્પણ સહિત આપણને આપી. એમણે પોતે પણ શ્રી રંગહૃદયમ્‌માં 'પ્રશ્નોત્તરમાલિકા ગૂંથી છે. યક્ષપ્રશ્ન એ મહાભારતની વિખ્યાત પ્રશ્નોત્તરમાલિકા છે. બીજી આદ્ય શંકરાચાર્યની, ત્રીજી શંકરાચાર્યની મનાતી, ચોથી વિચારત્રયીના કર્તા કૃષ્ણાનંદસરસ્વતીની અને પાંચમી હિન્દીમાં શ્રી તુલસીદાસજીની. આ પાંચ અને છઠ્ઠી એઓશ્રીની પોતાની એમ છનો સંગ્રહ બહાર પાડવાની મનીષા ઘણા વખતથી હતી.

પૂ. શ્રી ની ઉપસ્થિતમાં 'બોધમાલિકા' વિષે વાત નીકળતાં એના ઉપર સરસ 'અક્ષર ગીતા' જેવું વિસ્તૃત વિવેચન થઈ શકે એમ કહેતામાં જ તેઓએ 'પ્રશ્નોત્તરમાલા' વિષે પણ એવો જ નિર્દેશ કર્યો હતો. પણ એમની સ્થૂલ ઉપસ્થિતિમાં એ થયું નહિ. તેથી આ સંગ્રહ પ્રકાશિત કરતી વખતે પરિશિષ્ટમાં પ્રશ્નોત્તરમાલિકા કેવળ ભાષાંતર સહિત આપી સંતોષ માનીએ

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

છીએ. - સંપાદક.) આ પછી ડૉ. પ્રા. જયેન્દ્ર દવેએ એ પર પુસ્તક લખ્યું જે પ્રસિદ્ધ થયું છે.

प्रश्नोत्तरमाला

कः साधु ? साधनवान्मालामुद्रादिशोभितो नैव ।
किं साधनं ! विवेको वैराव्याद्यं शमादिषट्कं च ।।१।।

કઃ સાધુઃ ? સાધનવાન્માલામુદ્રાદિશાભિતો નૈવ ।
કિં સાધનં, વિવેકો વૈરાવ્યાદ્યં શમાદિષટ્કં ચ ।।૧।।

પ્ર. સાધુ કોણ છે ?

ઉ. જે (અંતરથી) સાધના કરતો હોય તે; નહિ કે માલા, મુદ્રા વગેરે (બાહ્ય) સાધનોથી શોભતો.

પ્ર. સાધન શું છે ?

ઉ. વિવેક; વૈરાગ્ય; (મોક્ષેચ્છા) વગેરે; અને શમ, (દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા, સમાધાન) એ ષટ્સંપતિ.

किं ध्येयं ? हरिरूपं, नो हरिणाक्षी कदापि कस्यापि ।
किं देयं सद्विद्या, का सा, जन्तुर्विमुच्यते यस्याः ।।२।।

કિં ધ્યેયં ? હરિરૂપં, નો હરિણાક્ષી કદાપિ કસ્યાપિ ।
કિં દેયં ? સદ્વિદ્યા, કા સા ? જન્તુર્વિમુચ્યતે યસ્યઃ ।।૨।।

પ્ર. ધ્યાન ધરવા જેવું શું છે ?

ઉ. હરિનું સ્વરૂપ; નહિ કે કોઈપણ સમયે કોઈની પણ સ્ત્રીનું.

પ્ર. શું આપવા યોગ્ય છે ?

ઉ. સદ્‌વિદ્યા.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. તે કઈ છે ?

ઉ. જેનાથી પ્રાણીને મુક્તિ મળે. ૨

का भूषा ? चरित्रं, किं तत् सन्मार्गगामिता लोके ।
कः सन्मार्गः प्रोक्तः सन्तो यं नो त्यजन्ति विषमेऽपि ।।३।।

કા ભૂષા ? ચારિત્રં, કિં તત્ ? સન્માર્ગગામિતા લોકે ।
કઃ સન્માર્ગઃ પ્રોક્તઃ ? સન્તો યં નો ત્યજન્તિ વિષમેઽપિ ।।૩।।

પ્ર. આભૂષણ કયું છે ?

ઉ. ચારિત્ર્ય.

પ્ર. તે શું ?

ઉ. લોકમાં સન્માર્ગે જવું તે.

પ્ર. સન્માર્ગ કયો કહ્યો છે ?

ઉ. વિષમ કાળ હોય તો પણ જેને સંતો છોડતા નથી. ૩

जिह्वाभारणं ? सत्यं, मूर्धाभरणं तथा च नम्रत्वम् ।
किं हस्तस्याभरणं ? काले वासोऽन्नदानमर्थिभ्यः ।।४।।

જિહ્વાભારણં ? સત્યં, મૂર્ધાભરણં તથા ચ નમ્રત્વમ્ ।
કિં હસ્તસ્યાભરણં કાલે વાસોન્નદાનમર્થિભ્યઃ ।।૪।।

પ્ર. જીભનું આભૂષણ (શું ?)

ઉ. સત્ય.

પ્ર. તથા મસ્તકનું ?

ઉ. મસ્તકનું આભૂષણ નમ્રતા છે.

પ્ર. હાથનું આભૂષણ શું છે ?

ઉ. યોગ્ય સમયે યાચકને વસ્ત્ર, અન્ન (વગેરે) નું દાન આપવું તે. ૪.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

किं नरकस्य द्वारं ? कामः क्रोधस्तथा च लोभश्च ।
स्वर्गद्वारं किं वा ? दानं दीने दया दमश्चैव ॥५॥

કિં નરકસ્ય દ્વારં ? કામઃ ક્રોધસ્તથા ચ લોભશ્ચ ।
સ્વર્ગદ્વારં કિં વા ? દાનં દીને દયા દમશ્ચૈવ ॥૫॥

પ્ર. નરકનું દ્વાર કયું ?

ઉ. કામ, ક્રોધ અને લોભ.

પ્ર. સ્વર્ગનું દ્વાર કયું ?

ઉ. દીન જનોને દાન, તેના પ્રત્યે દયા અને (સ્વેન્દ્રિય) દમન. ૫

किं हेयं ? परनिंदा, ह्यात्मश्लाघा गवाऽनृता वाणी ।
गेयं ? श्रीपतिचरितं, पेयं ? सद्यः सदुक्तिपीयूषम् ॥६॥

કિં હેયં પરન્નિંદા, હ્યાત્મશ્લાઘા ગવાડનૃતા વાણી ।
ગેયં ? શ્રીપતિચરિતં, પેયં ? સદ્યઃ સદુક્તિપીયૂષમ્ ॥૬॥

પ્ર. ત્યાગ કરવા લાયક શું છે ?

ઉ. પરનિંદા, વાણીથી (ખુલે આમ) આત્મશ્લાઘા, (સ્વપ્રશંસા) અને જૂઠી વાણી.

પ્ર. ગાવા યોગ્ય શું છે ?

ઉ. શ્રીપતિ ભગવાન વિષ્ણુનું ચરિત્ર.

પ્ર. અને પીવા યોગ્ય ?

ઉ. સદુક્તિ અમૃતનું પાન વિના વિલંબે કરવું જોઈએ.

को धन्यो ? हरिभक्तः कोऽसौ ? यो नो विभक्तिमासहते ।
का भक्तिः ? प्रेममयी, तस्मिन्नीशे परानुरक्तिर्या ॥७॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કો ધન્યો ? હરિભક્ત; કોઽસૌ ? યો નો વિભક્તિમાસહતે ।
કા ભક્તિઃ ? પ્રેમમયી, તસ્મિન્નીશે પરાનુરક્તિર્યા ॥૭॥

પ્ર. કોણ ધન્ય છે ?

ઉ. હરિનો ભક્ત.

પ્ર. તે કોણ છે ?

ઉ. જે વિભક્તિ (હરિનો વિયોગ) સહન કરતો નથી તે.

પ્ર. ભક્તિ કયી છે ?

ઉ. જે પ્રેમમયી, પરમાત્માના પરમ અનુરાગવાળી (પરા ભક્તિ) હોય તે. ૭.

का गुरुता ? निःस्पृहता, लोके लघुता, च हीनतो याञ्चा ।
किं गोप्यं ? पररन्ध्रं ख्येयं किं ना ? परस्य सौजन्यम् ॥८॥

કા ગુરુતા ? નિઃસ્પૃહતા, લોકે લઘુતા ચ હીનતો યાઞ્ચા ।
કિં ગોપ્યં ? પરરન્ધ્રં ખ્યેયં કિં ના ? પરસ્ય સૌજન્યમ્ ॥૮॥

પ્ર. મોટાઈ શી છે ?

ઉ. નિઃસ્પૃહતા.

પ્ર. અને લઘુતા ?

ઉ. લોકમાં હીન પાસે યાચના કરવી તે લઘુતા છે.

પ્ર. શું છુપાવવા યોગ્ય છે ?

ઉ. પારકાનું છિદ્ર.

પ્ર. (પ્રગટમાં) માણસે કહેવા જેવું શું ?

ઉ. બીજાએ બતાવેલું સૌજન્ય. ૮

आमरणं किं सेव्यं ? सच्छास्त्रं, सद्गुरुस्तथा त्रीशः ।
प्रथमं ज्ञानप्राप्तये निवृत्यर्थं तु कृतघ्नतायाश्च ॥९॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

આમરણં કિં સેવ્યં ? સચ્છાસ્ત્રં, સદ્ગુરુસ્તથા ત્રીશઃ ।
પ્રથમં જ્ઞાનપ્રાપ્ત્યે નિવૃત્ત્યર્થં તુ કૃતઘ્નતાયાશ્ચ ॥૯॥

પ્ર. મરણપર્યંત શાનું સેવન કરવું ?

ઉ. સત્ શાસ્ત્ર, સદ્ગુરુ અને દત્ત ભગવાનનું. પ્રથમ (શાસ્ત્ર) જ્ઞાન પ્રાપ્તિ માટે અને (ગુરુ તથા દત્ત) પછી કૃતઘ્નતામાંથી બચવા માટે. ૯.

किं दुर्लभं ? नृजननं, पुंस्त्वं तत्रापि, मुमुक्षुता तत्र ।
सत्यप्येवं त्रितये, सद्गुरुलाभस्तु दुर्लभो लोके ॥१०॥

કિં દુર્લભં ? નૃજનનં, પુંસ્ત્વં તત્રાપિ, મુમુક્ષુતા તત્ર ।
સત્યપ્યેવં ત્રિતયે, સદ્ગુરુલાભસ્તુ દુર્લભો લોકે ॥૧૦॥

પ્ર. દુર્લભ શું છે ?

ઉ. મનુષ્યજન્મ, પુંસ્ત્વ (પુરુષદેહ) અને તેમાં પણ મોક્ષની ઈચ્છા. આ ત્રણેય હોય તો પણ સદ્ગુરુની પ્રાપ્તિ આ લોકમાં અત્યંત દુર્લભ છે. ૧૦

को गुरुः ? आगमवेत्ता ब्रह्मानन्दे निमग्न उपदेष्टा ।
शिष्यः को ? गुरुवाक्ये रक्तो भक्तस्त्वनन्यशरणो यः ॥११॥

કો ગુરુઃ આગમવેત્તા બ્રહ્માનન્દે નિમગ્ન ઉપદેષ્ટા ।
શિષ્યઃ કો ? ગુરુવાક્યે રક્તો ભક્તસ્ત્વનન્યશરણો યઃ ॥૧૧॥

પ્ર. ગુરુ કોણ છે ?

ઉ. જે (આગમ) વેદ (અને શાસ્ત્ર)નો જાણકાર છે, બ્રહ્માનંદમાં નિમગ્ન અને ઉપદેશક છે.

પ્ર. શિષ્ય કોણ ?

ઉ. જે ગુરુવાક્યમાં અનુરાગવાળો, ભક્ત અને અનન્ય શરણાગતિવાળો છે તે. ૧૧

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

किं रूपं भो ब्रह्म ? सत्यं यत्सर्वकाल एकं च ।
माया मृगाम्बुकल्या निस्तत्त्वा दृष्टनष्टरूपा या ।।१२।।
કિં રૂપં ભો બ્રહ્મ ? સત્યં યત્સર્વકાલ એકં ચ ।
માયા મૃગામ્બુકલ્પા નિસ્તત્ત્વા દૃષ્ટનષ્ટરૂપા યા ।।૧૨।।

પ્ર. હે ભાઈ ! બ્રહ્મ કેવા સ્વરૂપનું છે ? (બ્રહ્મનું સ્વરૂપ કેવું છે ?)

ઉ. જે સર્વકાળે (ત્રણે કાળમાં) એક (કૂટસ્થ) જ અને સત્ય છે.

પ્ર. (માયા કેવા પ્રકારની છે ?)

ઉ. માયા એ મૃગજળ જેવી, તત્ત્વહિન, અને ઘડીકમાં દેખાય, ઘડીકમાં નાશ પામે એવા સ્વરૂપની છે. ૧૨

कः शूरः ? यो दान्तो, मुक्तः को वा ? न कामदासो यः ।
किं पापं तु ? आलस्यं, पुण्यं किं वा ? सदा सदुद्योगः ।।१३।।
કઃ શૂરઃ યો દાન્તો, મુક્તઃ કિં કો વા ? ન કામદાસો યઃ ।
કિં પાપં તુ ? આલસ્યં, પુણ્યં કિં વા ? સદા સદુદ્યોગઃ ।।૧૩।।

પ્ર. શૂરવીર કોણ છે ?

ઉ. જે દાન્ત (ઈન્દ્રિય ઉપર કાબુવાળો) હોય.

પ્ર. મુક્ત કોણ છે ?

ઉ. જે કામનાનો દાસ ન હોય તે.

પ્ર. પાપ શું છે ?

ઉ. આળસ.

પ્ર. પુણ્ય શું છે ?

ઉ. હંમેશ સદુદ્યોગ (સારાં કાર્યો કરવા તે) ૧૩

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

जीवन्नपि नष्टः कः ? यः खलु ना दुर्यशोङ्कितो लोके ।
को नष्टोऽप्यमृतात्मा ? यन्निर्मलकीर्तिकीर्तनं लोके ।।१४।।
જીવન્નપિ નષ્ટઃ કઃ ? યઃ ખલુ ના દુર્યશોંકિતો લોકે ।
કો નષ્ટોઽપ્યમૃતાત્મા ? યન્નિર્મલકીર્તિકીર્તનં લોકે ।।૧૪।।

પ્ર. જીવતો છતાં મરેલો કોણ છે ?

ઉ. જે મનુષ્ય અપકીર્તિથી લોકમાં અંકિત હોય તે.

પ્ર. કોણ મરેલો છતાં અમર છે ?

ઉ. લોકમાં જેની નિર્મળ કીર્તિ ગવાય છે તે ૧૪

कोऽन्धः ?यः खलु रागी, बधिरः ?नो यः श्रृणोति सद्वाक्यम् ।
पंगुः ? तीर्थं नेयान्, मूकः को वा ? न यो हरिं गायते ।।१५।।
કોઽન્ધઃ યઃ ખલુ રાગી, બધિરઃ ? નો યઃ શ્રુણોતિ સદ્વાક્યમ્ ।
પંગુઃ ? તીર્થં નેયાન્ મૂકઃ કો વા ? ન યો હરિં ગાયેત્ ।।૧૫।।

પ્ર. આંધળો કોણ છે ?

ઉ. જે રાગયુક્ત છે.

પ્ર. બહેરો કોણ છે ?

ઉ. જે સદ્વાક્યનું શ્રવણ કરતો નથી.

પ્ર. અને પાંગળો ?

ઉ. જે તીર્થમાં જતો નથી (તે પાંગળો છે.)

પ્ર. મૂંગો કોણ ?

ઉ. જે હરિને ગાતો નથી (અર્થાત હરિનું ભજન કરતો નથી) તે. ૧૫

किं राज्यं ? सन्तोषो दारिद्यं दुःखदं ? दुराशा या ।
का कारा ? याऽऽसक्तिर्निःसंगो मुक्तिमंडपः शीतः ।।१६।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કિં રાજ્ય ? સન્તોષો દારિદ્ર્યં દુઃખદં ? દુરાશા યા ।
કા કારા ? ચાઽઽસક્તિર્નિઃસંગો મુક્તિમંડપઃ શીતઃ ।।૧૬।।

પ્ર. રાજ્ય શું છે ?

ઉ. સંતોષ.

પ્ર. દુઃખ આપનાર ગરીબાઈ (શું છે ?)

ઉ. દુરાશા–ખરાબ ઇચ્છા અથવા નિષ્ફળ આશા

પ્ર. જેલ કઈ છે ?

ઉ. આસક્તિ.

પ્ર. મુક્તિનો શીતળ મંડપ કયો ?

ઉ. નિઃસંગતા.

का वन्द्या ? गृहलक्ष्मीर्दक्षा धन्या पतिव्रता नारी ।
को गृहभानुः प्रोक्तः ? पुत्रश्चिन्ताहरः पितृलोके ।।१७।।

કા વન્દ્યા ? ગૃહલક્ષ્મીર્દક્ષા ધન્યા પતિવ્રતા નારી ।
કો ગૃહભાનુઃ પ્રોક્તઃ પુત્રશ્ચિન્તાહરઃ પિતૃલોકે ।।૧૭।।

પ્ર. વંદનીય કોણ છે ?

ઉ. ચતુર, ધન્ય અને પતિવ્રતા ગૃહની લક્ષ્મી એવી પત્ની.

પ્ર. ઘરનો સૂર્ય કોણ કહેવાય ?

ઉ. પુત્ર કે જે લોકમાં પિતાની ચિન્તા દૂર કરે તે. ૧૭

किं तीर्थं ? स्वस्वान्तं शुद्धं, देवः ? अत्र निर्मलो ह्यात्मा ।
को मन्त्रः ? श्वासकृतो हंसः सोऽहं विमुक्तिदो लोके ।।१८।।

કિં તીર્થં ? સ્વસ્વાન્તં શુદ્ધં, દેવઃ ? અત્ર નિર્મલો હ્યાત્મા ।
કો મન્ત્રઃ ? શ્વાસકૃતો હંસઃ સોઽહં વિમુક્તિદો લોકે ।।૧૮।।

પ્ર. તીર્થ શું છે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. પોતાનું શુદ્ધ અંતઃકરણ.

પ્ર. દેવ કોણ ?

ઉ. નિર્મળ આત્મા જ.

પ્ર. મંત્ર કયો છે ?

ઉ. જે શ્વાસ ઉચ્છવાસમાં ચાલે છે તે હંસઃ સોઽહં કે જે લોકમાં મુક્તિ આપનાર છે. ૧૮.

किं शास्त्रं ? ज्ञानुभवं, शस्त्रं साधुचितं मतं ? क्षान्तिः ।
कः स्वर्गदा ? दया को धर्मश्चाहिंसनं मतः शुद्धम् ॥१९॥

કિં શાસ્ત્રં ? જ્ઞાનુભવં; શસ્ત્રં સાધુચિતં મતં ? ક્ષાન્તિઃ ।
કઃ સ્વર્ગદા ? દયા, ધર્મશ્ચાહિંસનં મતઃ શુદ્ધમ્ ॥૧૯॥

પ્ર. શાસ્ત્ર શું છે ?

ઉ. જ્ઞ (આત્મા) નો અનુભવ

પ્ર. સાધુપુરુષોને ઉચિત શસ્ત્ર શું માનેલું છે ?

ઉ. ક્ષમા.

પ્ર. સ્વર્ગપ્રદ શું છે ?

ઉ. દયા.

પ્ર. ધર્મ કયો મનાયો છે ?

ઉ. શુદ્ધ અહિંસા એજ ધર્મ મનાએલો છે. ૧૯

को यक्ष्मा प्राणभृतां ? चिन्ता किं तस्य भेषजं ? ब्रूहि ।
श्रीहरिपदारविन्दे भक्त्या स्वात्मार्पणं सदा त्वेकम् ॥२०॥

કો યક્ષ્મા પ્રાણભૂતાં ? ચિન્તા કિં તસ્ય ભેષજં ? બ્રૂહિ ।
શ્રીહરિપદારવિન્દે ભક્ત્યા સ્વાત્માર્પણં સદા ત્વેકમ્ ॥૨૦॥

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

પ્ર. પ્રાણીઓને ક્ષયરોગ કયો છે ?

ઉ. ચિંતા.

પ્ર. તેનું ઔષધ શું છે તે કહે.

ઉ. શ્રી હરિના ચરણકમળમાં ભક્તિપૂર્વક સદા સ્વાત્માર્પણ એજ એક તેનું ઔષધ છે. ૨૦

को रंकः ? तृष्णालु राजा कः यस्तु निःस्पृहो लोके ।
दासः कस्तु ? आशार्तः, स्वामी ? दासी च यस्य सा ह्याशा ।।२१।।

કો રંકઃ ? તૃષ્ણાલુ રાજા કઃ ? યસ્તુ નિઃસ્પૃહો લોકે ।
દાસઃ કસ્તુ ? આશાર્તઃ, સ્વામી ? દાસી ચ યસ્ય સા હ્યાશા ।।૧૦।।

પ્ર. કોણ ગરીબ છે ?

ઉ. તૃષ્ણાવાળો.

પ્ર. રાજા કોણ છે ?

ઉ. જે લોકમાં નિઃસ્પૃહ છે તે.

પ્ર. દાસ કોણ છે ?

ઉ. જે આશાથી પીડાતો હોય તે.

પ્ર. અને શેઠ કોણ છે ?

ઉ. તે જ આશા જેની દાસી હોય તે. ૨૧

किं शीतं ? त्वज्ञानं ज्ञानं वह्निश्च तन्निवृत्यर्थम् ।
भक्तिर्वायुः प्रोक्ता वह्निसखः कर्म चेन्धनं विद्धि ।।२२।।

કિં શીતં ? ત્વજ્ઞાનં, જ્ઞાનં વહ્નિશ્ચ તન્નિવૃત્ત્યર્થમ્ ।
ભક્તિર્વાયુઃ પ્રોક્તા વહ્નિસખઃ કર્મ ચેન્ધનં વિદ્ધિ ।।૨૨।।

પ્ર. ટાઢ કઈ છે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. અજ્ઞાન.

પ્ર. તેની નિવૃત્તિ અર્થે અગ્નિ કયો છે ?

ઉ. જ્ઞાન.

પ્ર. અગ્નિનો મિત્ર એવો વાયુ કયો છે ?

ઉ. ભક્તિ.

પ્ર. (અને બળતણ ?)

ઉ. કર્મ એ બળતણ છે એમ તું જાણ. ૨૨

कोऽश्पृश्यश्चण्डालः कोऽसौ ? क्रोधी न चान्त्यजातो यः ।
को वन्द्यः ? हरिभक्तो ज्ञानी नैवात्र ब्रह्मबन्धुर्यः ।।२३।।

કોઽશ્પૃશ્યશ્ચણ્ડાલઃ કોઽસૌ ? ક્રોધી ન ચાન્ત્યજાતો યઃ ।
કો વન્દ્યઃ ? હરિભક્તો જ્ઞાની નૈવાત્ર બ્રહ્મબન્ધુર્યઃ ।।૨૩।।

પ્ર. અશ્પૃશ્ય અને ચંડાળ કોણ ?

ઉ. ક્રોધી; નહિ કે અત્યંજ જાતિનો.

પ્ર. વન્દનીય કોણ છે ?

ઉ. હરિનો જ્ઞાની ભક્ત; નહિ કે જે અહીં કેવળ નામધારી બ્રાહ્મણ હોય.

को निन्द्यः ? दुर्नीतिः का ? सज्जनैर्धृता यात्र ।
को सज्जन : ? न सत्यं प्राणत्यागेऽपि ये त्यजन्त्यत्र ।।२४।।

કો નિંદ્યઃ ? દુર્નીતિઃ નીતિઃ કા ? સજ્જનૈર્ધૃતા યાઽત્ર ।
કે સજ્જનાઃ ? ન સત્યં પ્રાણત્યાગેઽપિ યે ત્યજન્ત્યત્ર ।।૨૪।।

પ્ર. કોણ નિન્દ્ય છે ?

ઉ. ખરાબ નીતિવાળો.

પ્ર. નીતિ કયી છે ?

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

ઉ. જે સજ્જનોએ અહીં ધારણ કરી હોય.

પ્ર. સજ્જનો કોણ છે ?

ઉ. જે અહીં પ્રાણના ભોગે પણ સત્યને છોડતા નથી. ૨૪.

सत्यं ? याथातथ्यं हितकृन्मधुरं, न चाटुयुक्तं यत् ।
कः पूज्यः ? परमात्मा, नो धनिकात्मा कदापि कस्या पि ।।२५।।

સત્યં ? યાથાતથ્યં હિતકૃન્મધુરં, ન ચાટુયુક્તં યત્ ।
કઃ પૂજ્યઃ ? પરમાત્મા, નો ધનિકાત્મા કદાપિ કસ્યાં પિ ।।૨૫।।

પ્ર. સત્ય (શું છે) ?

ઉ. સત્ય એ છે કે જે જેવું હોય તેવું કહેવું તે, હિતકર અને મધુર, નહિ કે ખુશામતવાળું વચન.

પ્ર. પૂજ્ય કોણ છે ?

ઉ. પરમાત્મા, ધનિકાત્મા કદાપિ નહીં. ૨૫

किं लोलं ? तारुण्यं, वित्तं जनस्य जिह्मस्य ।
कः स्थैर्यात्मा ? लोकेऽचलवद् ? योगी वशीकृताक्षोऽत्र ।।२६।।

કિં લોલં ? તારુણ્યં, વિત્તં, ચિત્તં જનસ્ય જિહ્મસ્ય ।
કઃ સ્થૈર્યાત્મા લોકેડચલવદ્ ? યોગી વશીકૃતાક્ષોડત્ર ।।૨૬।।

પ્ર. ચંચળ શું છે ?

ઉ. તારુણ્ય, વિત્ત અને કુટિલ માણસનું ચિત્ત.

પ્ર. લોકે પર્વત સમાન સ્થિર આત્મા કોણ છે ?

ઉ. ઈંદ્રિયોને અહીં વંશમાં રાખનાર યોગી. ૨૬

का वासार्हानगरी ? सुजला स्वधिया सुधान्युक्ता या ।
विद्याप्रकाशकलिता, त्याज्यात्राऽन्या सुखेप्सुना लोके ।।२७।।

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

કા વાસાર્હા નગરી ? સુજલા સ્વધિપા સુધાન્યયુક્તા યા ।
વિદ્યાપ્રકાશકલિતા, ત્યાજ્યાત્રાઽન્યા સુખેપ્સુના લોકે ॥૨૭॥

પ્ર. રહેવા યોગ્ય નગરી કઈ ?

ઉ. જલયુક્ત, સારા રાજાવાળી, સારા ધાન્યથી યુક્ત, એ સિવાયની બીજી નગરી સુખ ઇચ્છનાર મનુષ્ય માટે આ લોકમાં ત્યાજ્ય ગણાય. ૨૭

का प्रेयसी विधेया ? सज्जनमैत्री न राजसेवाऽत्र ।
को नैवात्र त्याज्यः ? प्राणत्यागेऽपि ? अनन्य शरणार्थी ॥२८॥
કા પ્રેયસી વિધેયા ? સજ્જનમૈત્રી ન રાજસેવાઽત્ર ।
કો નૈવાત્ર ત્યાજ્યઃ પ્રાણત્યાગેઽપિ ? અનન્યશરણાર્થી ॥૨૮॥

પ્ર. પ્રેયસી કોને બનાવવી ?

ઉ. સજ્જનોની મૈત્રીને; નહિ કે રાજસેવાને.

પ્ર. પ્રાણત્યાગના પ્રસંગે પણ કોને ત્યાજ્ય ન ગણવો ?

ઉ. અનન્ય શરણ માગનારને. ૨૮

को नित्यातिथिरुक्तः ? छात्रः संन्यासिनस्त्ववीरा स्त्री ।
किं देयं चान्नं कं वासोयुग्मं च पुस्तकं साधु ॥२९॥
કો નિત્યાતિથિરુક્તઃ ? છાત્રઃ સંન્યાસિનસ્ત્વવીરા સ્ત્રી ।
કિં દેયં ચાન્નં કં વાસોયુગ્મં ચ પુસ્તકં સાધુ ॥૨૯॥

પ્ર. કાયમનો અતિથિ કોને કહ્યો છે ?

ઉ. વિદ્યાર્થી, સંન્યાસીઓ અને પતિપુત્ર રહિત (અનાથ) સ્ત્રીને.

પ્ર. શું આપવા યોગ્ય છે ?

ઉ. અન્ન, પાણી, વસ્ત્રની જોડી અને સારું પુસ્તક. ૨૯.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

कः संन्यासी प्रोक्तं ? यस्येच्छाऽस्तं गता, न काषायी ।
को योगी ? नो सहते त्रीशायोगं, न किञ्चिदभ्यासी ।।३०।।
કઃ સંન્યાસી પ્રોક્તઃ ? યસ્યેચ્છાઽસ્તં ગતા, ન કાષાયી ।
કો યોગી ? નો સહતે ત્રીશાયોગં, ન કિઞ્ચિદભ્યાસી ।।૩૦।।

પ્ર. સંન્યાસી કોને કહ્યો છે ?

ઉ. જેની ઇચ્છા અસ્ત થઈ ગઈ છે તે; નહીં કે ભગવાં વસ્ત્રધારી.

પ્ર. યોગી કોણ છે ?

ઉ. જે દત્ત (ભગવાન) નો વિયોગ સહન કરી શકતો નથી; થોડો અભ્યાસી (સુંઠને ગાંગડે ગાંધી થયેલો) હોય તે નહીં. ૩૦.

प्रश्नोत्तरमालेयं रङ्गग्रथिता मुमुक्षुभूषायै ।
तोषायास्तां विदुषां दुर्जनदोषापहा सदा लोके ।।३१।।
પ્રશ્નોત્તરમાલેયં રંગગ્રંથિતા મુમુક્ષુભૂષાયૈ ।
તોષાયાસ્તાં વિદુષાં દુર્જનદોષાપહા સદા લોકે ।।૩૧।।

આ પ્રશ્નોત્તરમાળા મુમુક્ષુઓને વિભૂષિત કરવા માટે વિદ્વજ્જનોના સંતોષ માટે રંગે (રંગ અવધૂત મહારાજે) ગ્રથિત કરી છે અને તે લોકમાં સદા દુર્જનના દોષને દૂર કરનારી થાઓ. ૩૧.

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi

CC0. In Public Domain, Digitizagtion by eGangotri

Dr. Urmila Sharma Collection, Varanasi